
પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૪૨ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ




[illegible] [illegible] [illegible]

[illegible] દીવાની દીવેટ

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] પતંગની [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૪૨ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 42

April 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



## આ અક્ષરો ઉપર નજર દોડે અને અંદરનું બંધ કમળ ખીલે...



આત્મા સાથેનું ચિંતન કરવા માટે ગ્રંથશ્રેણિમાં જેનું નામ આગળના ક્રમે આવી શકે તેવા 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથો આત્મજાગૃત આત્માને તો ખજાનો મળ્યાનો અહેસાસ કરાવે છે પણ જેની આત્મજાગૃતિ સુષુપ્ત અવસ્થામાં છે, તેવા પુણ્યાત્માઓના હાથમાં આ વૉલ્યુમ આવે, ગમે તે પાનું ઉઘાડે અને જ્યાં એ અક્ષરદેહને નિહાળે, ત્યાં હૃદય ખેંચાય અને જ્યાં એ અક્ષરો ઉપર નજર દોડવા માંડે એટલે બંધ કમળ ખીલવાનું શરૂ થાય પછી ગ્રંથને છોડવાનું જ મન ન થાય. એવા અનુભવો અનેક આરાધક - સાધકોના છે.

હાં...! સાહેબજીએ એક ચાતુર્માસમાં નીચેના શ્લોક ઉપર પ્રવચનો કરેલાઃ

मग्गो अविप्पणासो आयारो विणययो सहायत्तं ।
पंचविह नमोक्कारं करेमि एएहिं हेउहिं ॥

તેમાંથી જે અર્થભાવનાની વિભાવના કરી છે, તે વાંચતા હૃદય પુલકિત થઈ જશે. આ ગાથામાં એક જ આત્માની પાંચ અવસ્થાઓનું વર્ણન છે, તે આ પ્રમાણે છેઃ 'આત્મદ્રવ્ય એક છે. એની શુદ્ધ એવી પાંચ અવસ્થાઓ છેઃ માર્ગ પણ આત્મા, અવિપ્રણાશ પણ આત્મા, આચાર પણ આત્મા, વિનય પણ આત્મા અને સહાય પણ આત્મા છે. આત્મા સ્વભાવથી જ સર્વને સહાયક અને નિરહંકારીસ્વરૂપ રમણતાવાળો છે, સ્વભાવથી જ અવિનાશી છે, સ્વભાવથી જ માર્ગદર્શક ને માર્ગરૂપ છે. એવો એનો સ્વભાવ સર્વદા છે. તેનો સ્વીકાર તે નમસ્કાર છે. નમસ્કાર એ આત્મા છે ને આત્મા એ નમસ્કાર છે. નમસ્કારથી એ સ્વભાવનો સ્વીકાર થાય છે.

એ સ્વીકાર થતાંની સાથે એથી વિરૂદ્ધ માન્યતાઓરૂપી મિથ્યાત્વ અને તેના પરિણામે ઉત્પન્ન થતાં કષાયો વગેરે એ જ પળે ક્ષય પામે છે. એ ક્ષય પામતાંની સાથે જ આત્માની પૂર્ણતા, સ્વતંત્રતા અને અનંત સામર્થ્યનો અનુભવ થાય છે. શ્રી નમસ્કાર મહામંત્રનો આ નૈશ્ચયિક અર્થ છે. આત્માની સ્વાધીનતા અને સર્વ શક્તિમત્તાનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર રત્નત્રયસ્વરૂપ છે.' આહા! કેવી સુંદર અનુપ્રેક્ષા!

એવી રીતે પૂજ્ય સાહેબજીએ 'સામાયિકમાં આત્મા છે' તેનું પણ સુંદર ચિંતન કરી એક જગ્યાએ અનુપ્રેક્ષા લખી છેઃ 'सम् + अय = સમય = આત્મા. જ્ઞાનગુણથી સમસ્ત પદાર્થોને જાણે તે અને જે આત્મામાં રહે તે સામાયિક. આત્મતત્ત્વમાં નિવિષ્ટ સાધક અન્ય દ્રવ્યો માટેનો રાગ-દ્વેષ ત્યાગ કરે, તેને 'સામાયિક' કહે છે.

સાહેબજી સતત ચિંતન - મનનમાં મગ્ન રહેતા, તેથી એમને એવા જ ઉત્તમ ચિંતનો વાંચનમાં પણ આવી જતા અને તેઓ પોતાના હાથે જ તે લેખ કે સુવાક્યો લખી પણ લેતા. વળી જે લેખક હોય, તેનું નામ પણ લખી લેતા, તેથી આજે આપણને સ્પષ્ટ ખ્યાલ રહે છે કે કયું ચિંતન સાહેબનું છે અને કયું અન્ય મહાનુભાવોનું છે.

આ ડાયરીઓનો ખજાનો હવે ધસમસતો આગળ યાત્રા કરે છે. લગભગ અઢારેક વૉલ્યુમ તૈયાર થાય, એટલી ડાયરીઓ હજુ કંડારવાની શેષ છે. આ ભગીરથ કાર્યનો પ્રારંભ કરાવવાથી માંડીને પૂર્ણતા સુધીની સંપૂર્ણ આર્થિક સહાય કરવાની ઉદારતા ગુરૂભકત સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**એ દર્શાવી છે, તથા આ કાર્યને અથથી ઈતિ સુધી યાત્રા કરાવવાનો યશ અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ પરમગુરૂભક્તિભાવ સમર્પિત સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ને જાય છે. અથાગ જ્ઞાનભક્તિ સાથે તેઓની હેઠળ કાર્ય કરતાં ૩૦ જેટલા ભાવુક કમ્પ્યુટર વિશેષજ્ઞોને પણ ધન્ય છે!

બસ, આપણે સર્વ આ અપૂર્વ નજરાણાંઓમાંથી આપણા આત્માના લક્ષ્યને સાધનારા સુંદર અધ્યાત્મ ભાવોને હૃદયમાં સ્થાપિત કરવા શીઘ્ર સદ્ભાગી બનીએ.

એપ્રિલ, ૨૦૨૧

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.









નમસ્તે શારદે દેવી વીણાપુસ્તકધારિણી ।
વિદ્યારંભં કરિષ્યામિ પ્રસન્ના ભવ સર્વદા ॥

અહો અદ્ભુત અનુભવઃ ૐ 9/5/70, Raj.

અક્ષયતૃતીયાને દિવસે એકાસન સહિત
શ્રી સરસ્વતી મંત્રજાપ ૧૦૦ માળા કરેલ છે.
અતિ આનંદ અને પ્રસન્નતાપૂર્વક કાર્ય થયેલ છે.
એકમાત્ર આસનાયકમાં જ ૧૦૮ મંત્રજાપ થઈ શકે છે.
ભાલના ચંદ્ર ઉપર બિરાજમાન શ્વેત વર્ણે
લઘુંકાર પરમાત્માની સ્થાપના કરીને નિમ્ના ૧૨ અંગો
ઉપર એક એક સ્વસ્તિકના ૯ - ૯ જાપ થાય છે.
ઉન્મની ભાવ તથા શરીરનું વજન અતિઅલ્પ વર્તાય છે.
ત્યાં જ પ્રભુનું ધ્યાન થતાં
ધ્વનિમાં જ ચિત્ત ઠીક ઠીક રહે છે અને તેમ લાગે છે કે
'ચૈતન્ય એ એક મહાપ્રેમનો જ આવિષ્કાર છે'.
આ બધું જ અનિર્વચનીય છે.
જાપ વખતે કેસર, ચંદન, ધૂપ વગેરેની
અતિમધુર સુગંધ અનુભવાય છે.
અરિહંતના ધ્યાન વખતે પ્રભુના મુખારવિંદમાંથી
'તત્વમસિ'નો ધ્વનિ લીન બનાવે છે.
પ્રભુનું ધ્યાન અભેદ પ્રણિધાનથી અભ્યાસ વધતાં
માત્ર ધ્વનિમાં - પરમ આનંદ સ્વરૂપ અનાહતમાં
ઠીક ઠીક સમય સુધી ટકે છે. આ અદ્ભુત અનુભવ છે.

એ મહામૌનમય મહાયોગના અત્યંત મધુર અને
આત્મદ્રવ્યમાં જ સ્થિર પામેલા યોગના બેવડો જ આનંદ
એ વિચારનો આવે છે કે:
'અહો સામાઇય!' 'આત્મા સામાયિક છે.'
નિયમિત આરાધનાનો આનંદ અનેરો છે.
ધ્યાનમાં અપૂર્વ તન્મયતા પ્રાપ્ત થતાં
પરમ શાંતિ પ્રસાર પામી.
વિકલ્પો શાંત થતાં જે સ્થિતિ અનુભવવામાં આવે,
એનો આંશિક અનુભવ થયો.
અર્હંતવાસની ઊર્મિઓ ઘણી થાય છે.
પ્રવૃત્તિ ઉપરથી ઉપરતિ પણ ઘણીવાર આવે છે,
પરંતુ હજુ પ્રતિબંધો પણ ઘણા જ રહ્યાં કરે છે.
અરિહંતપદના ધ્યાનમાં - સિદ્ધપદના ધ્યાનમાં સર્વ વિકલ્પો
શમાવવાનું સામર્થ્ય હમણાં હમણાં અનુભવાય છે, એટલે
'નવકાર ચૌદ પૂર્વનો સાર છે' તે બિલકુલ બરાબર છે.
કાવી - ગાંધારમાં આંતરિક સાધના વખતે
અપૂર્વ ઉલ્લાસના યોગે બ્રહ્મરન્ધ્રની નિકટ સુધી
સરળતાથી ઊર્ધ્વગમન થઈ શક્યું, તેના સ્મરણથી
હૈયું અતિ હર્ષોલ્લસિત બની રહ્યું છે.

જબલપુરમાં દિવસે તન્મયતા પ્રાપ્ત થતાં
અપૂર્વ શાંતિ, સંગમ્યતા ઉપરાંત સ્થિર
દીપક સદૃશ પ્રકાશનો અલ્પ સમય માટે અનુભવ થયો.
આંખ બંધ હોવા છતાં
અનેક પ્રકારના ભિન્ન - ભિન્ન રંગના દૃશ્યો ગોચર થયાં.
હવે કદાચિત્ - કદાચિત્
અનાહત નાદ પણ પ્રશાંત બનતો અનુભવમાં આવે છે.
મહાપુરુષોએ અનુભવપૂર્વક લખેલાં યોગના ચિહ્નો જીવનમાં
મોડા - વહેલા અનુભવ શકીશું, એની ખાત્રી થતી જાય છે.
પરમાત્મ ભક્તિના પ્રભાવે એ શ્રદ્ધા દૃઢ થતી જાય છે.
તીર્થપતિ અને તીર્થસેવા - એ બે સાચા મોક્ષના ભેદા છે,
એ અનુભવસિદ્ધ છે. ધ્યાતા અંતરાત્મા પોતાને ધ્યેયાકારે
અભેદસ્વરૂપ માની ન ચિંતવે, ત્યાં સુધી સમાપત્તિ
થતી નથી અને તે વિના મુક્તિદ્વારમાં પ્રવેશ થતો નથી
તથા પરમ ભક્તિનો આનંદ લૂંટી શકાતો નથી.
અહિંસાનો સંબંધ સર્વ જીવરાશિ સાથે,
સંયમનો સંબંધ આત્મા સાથે અને
તપનો સંબંધ પરમાત્મ સમાપત્તિ સાથે છે. અહિંસા,
સંયમ અને તપની સિદ્ધિ 3 પ્રકારની સમાપત્તિરૂપ છે.

Dt. 13/5/70, Bera

(૧) દેહદૃષ્ટિએ દાસત્વ:

બહિરાત્મભાવમાંથી છૂટવા દાસત્વભાવની ઉપાસના કહી છે.

(૨) જીવદૃષ્ટિએ અંશત્વ:

અંતરાત્મભાવમાં સ્થિર થવા માટે
ક્ષયોપશમ ભાવના તથા દર્શન - જ્ઞાન - ચારિત્રાદિ ગુણો, જે પરમાત્માના અંશ છે, તેની ઉપાસના જરૂરી છે.

(૩) આત્મદૃષ્ટિએ અભિન્નત્વ - એકત્વ:

પરમાત્મભાવની સાધના માટે અર્થાત્
આત્માને પરમાત્મારૂપે ભાવિત કરવા માટે
એકત્વભાવની સાધના જરૂરી છે.

આ ત્રણે પ્રકારની ઉપાસનાથી સમાપત્તિ થાય છે, જેના દ્વારા પરમાત્મદર્શન - આત્મદર્શન પ્રાપ્ત થાય છે.

ત્રણે પ્રકારની સમાપત્તિનો અર્થ

સર્વ જીવો સાથે, પરમાત્મા સાથે અને
પોતાના આત્મા સાથે એકત્વની ભાવના, ધ્યાતા - ધ્યેય - ધ્યાનની ત્રિપુટીનો અભાવ, એ ત્રણેત્રણની એકતાનું જ્ઞાન.
પ્રત્યેક આત્મા જીવરૂપ, જ્ઞાનરૂપ અને શિવરૂપ છે.
એ ત્રણે રૂપ એક જ જીવમાં ઘટે છે.

સ્વરૂપાસ્તિત્વની અપેક્ષાએ જ્ઞયરૂપ,
સાદૃશ્યાસ્તિત્વની અપેક્ષાએ જ્ઞાતરૂપ અને
અભેદ અનુભૂતિ અપેક્ષા પરમાત્મરૂપ છે.
દ્રવ્યાપેક્ષા દરેક આત્મા પોતે જ પરમાત્મા છે.
પર્યાયાપેક્ષા સર્વજ્ઞ પર્યાય તથા ગુણની અપેક્ષાએ
અભેદ અને ક્રમવર્તિ પર્યાયની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે.
ઉત્કૃષ્ટતા - એકતા - પૂર્ણતાની અપેક્ષાએ જીવ એ
જીવાત્મા, સર્વાત્મા અને પૂર્ણાત્મા - પરમાત્મા પણ છે.
(૧) દાસત્વભાવની ઉપાસના દેહાધ્યાસમાંથી અથવા તો
જડાત્મભાવમાંથી છોડાવી 'નિર્મળતા' પ્રાપ્ત કરાવે છે.
(૨) અંશ - અંશીભાવની ઉપાસનાથી 'સ્થિરતા' મળે છે.
(3) અભેદભાવની ઉપાસના વડે
અભેદ પ્રણિધાનના પ્રભાવે 'એકતા' અનુભવાય છે.
'ધ્યેય સમાપત્તિ હુએ ધ્યાતા ધ્યેય પ્રધાન'.
આનંદઘનજી મહારાજના સ્તવનમાં સમાપત્તિનો ક્રમ
'નિર્મળતા, સ્થિરતા અને એકતા' એ પ્રમાણે બતાવ્યો છે.
(૧) દાસત્વભાવની ઉપાસના ધારણારૂપ છે.
(૨) અંશ - અંશીભાવની ઉપાસના ધ્યાનરૂપ છે.
(3) અભેદભાવની ઉપાસના સમાધિરૂપ છે.

જ્યારે સફળતાની ગુરૂનો અનુગ્રહ પ્રાપ્ત થાય,
ત્યારે સદ્‌ગુરૂ શિષ્યને
સમાપત્તિ કરાવવા દ્વારા પરમાત્મ દર્શન કરાવે છે.
'બહિરાતમ તજી અંતરાતમા, રૂપ થઈ થિરભાવ, સુજ્ઞાની
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણા દાવ, સુજ્ઞાની
સુમતિ ચરણકજ આતમ અરપણા,
દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની.

## અહિંસા, સંયમ અને તપ

અહિંસા = સ્વભિન્ન સર્વ આત્મા સાથે સુયોગ્ય વર્તન.
સંયમ = પોતાના આત્મા સાથે સુયોગ્ય વર્તન અને
તપ = પરમાત્મા સાથે સુયોગ્ય ઔચિત્યપૂર્ણ વર્તન.
મોક્ષમાર્ગની આરાધનાના ત્રણ મુખ્ય અંગો છે:
અહિંસા, સંયમ અને તપ.
અહિંસામાં સ્નેહપરિણામની મુખ્યતા હોવાથી
મુખ્યત્વે પુણ્યાનુબંધી પુણ્ય થાય છે.
સંયમથી આસ્રવદ્વારનો નિરોધ થવાથી
મુખ્યત્વે સંવરધર્મનું સેવન થાય છે અને
તપથી પૂર્વકૃત કર્મની નિર્જરા થાય છે.
અહિંસા, સંયમ અને તપ - ત્રણેનું ફળ મોક્ષતત્ત્વ છે.

આમ અહિંસા - સંયમ - તપમાં નવે તત્ત્વો ઘટી જાય છે.
સંવર, નિર્જરા, મોક્ષ અને પુણ્યાનુબંધી પુણ્ય
અપ્રતિપક્ષ પ્રવૃત્તિઓ દ્વારા નવતત્ત્વ સ્વરૂપ બને છે.
જીવ - અજીવ, પુણ્ય - પાપ, આસ્રવ - સંવર,
બંધન - નિર્જરા, બંધ અને મોક્ષ. એ રીતે નવ તત્ત્વનો
સંગ્રહ અહિંસા, સંયમ અને તપધર્મમાં થઈ જાય છે.
જીવતત્ત્વ જોડે સામાયિકરૂપ હોવાથી
અજીવ તત્ત્વનું ગ્રહણ થાય છે.
અહિંસા પુણ્યાનુબંધી પુણ્ય સ્વરૂપ હોવાથી
અપ્રતિપક્ષ પાપતત્ત્વનું ગ્રહણ થઈ જાય છે.
એ રીતે સંયમ અને તપ વડે આસ્રવ, સંવર, બંધ,
નિર્જરા અને ફલસ્વરૂપ મોક્ષ તત્ત્વનું ગ્રહણ થઈ જાય છે.
અહિંસામાં આત્મસામાયિક છે, સંયમમાં જીવસામાયિક
અને ધ્યાનતપમાં પરમાત્મસામાયિક છે.
તેના ફલસ્વરૂપ એકતા સધાય છે.
અહિંસા જોઈતી હોય તો બ્રહ્મચર્ય આવશ્યક છે.
બ્રહ્મચર્ય વિના અહિંસા ટકે નહીં, અબ્રહ્મવૃત્તિ એ તો
હિંસામાત્રનું કારણ છે. શરીરથી થતાં તપનું વર્ણન કરતાં
ગીતાએ અહિંસા અને બ્રહ્મચર્યને એક કક્ષામાં મૂક્યા છે.

વ્યવહાર ધર્મથી ચ્યુત થવા માટે અથવા 'વ્યવહાર વિના પણ નિશ્ચય ફલીભૂત થઈ શકે' એવા મિથ્યા માન્યતાને પોષવા માટે નિશ્ચયનું અવલંબન લેવાનું હોતું નથી.

જૈન સંપ્રદાયને પણ આ વાત માન્ય છે,
તે નીચેના ટેકીંગોથી જાણી શકાશે:

o

(1) Empty & marvelous i.e. void or vacant = નિર્વિકલ્પ. spiritual = ચિન્માત્ર સમાધિ
Only when you have nothing in your mind and no mind in things, you are vacant, spiritual, empty & marvellous.
(2) Sitting quietly doing nothing. E.g. spring comes & grass grows by itself. One must not forget social context. It is primarily a way of liberation. Anxiety comes from excessive self-consciousness. Zen has its solution. It is to be used as a practical guide to opening up the higher aspects of the soul of man.

ઝેનની પ્રક્રિયા બૌદ્ધોના માધ્યમિક, મહાયાન તથા
શૂન્યવાદીને ઘણે અંશે મળતી આવે છે.
ચીનમાં Taoના સિદ્ધાંતો કોન્ફ્યુસિયસે પ્રચારેલ,
તેને પણ ઝેનની આ પ્રક્રિયા મળતી આવે છે.
ભારતમાં પણ આ શૈલીના અંકુરો બૌદ્ધ ધર્મની પહેલાં
પણ ફેલાયેલ હતાં, તે ઉપરાંત અમેરિકાની મૂળ પ્રજામાં
પણ આ શૈલીના તત્ત્વો જીવનમાં વણાઈ ગયેલા હતાં.
ઝેન એ કોઈ તત્ત્વજ્ઞાન કે ધ્યાનની પ્રક્રિયા માત્ર નહિ,
પરંતુ એક પ્રકારની જીવંત - આત્મિક જીવનપદ્ધતિ છે,
તેથી તે જીવ્યા વિના ભાગ્યે જ સમજ શક્ય નહિ.
વળી આને જીવનારા જાહેરમાં બોલતાં નહિ અને
બોલનારા તેવું જીવતા નહિ, છતાં
સાચા જિજ્ઞાસુના સંતોષ માટે ઝેનના સિદ્ધાંતો શું છે
અને તેનો અમલ કરવાના પ્રકારો કેવા છે,
તે અંગે સાહિત્ય પણ મળી આવે છે.
વ્યવહાર ધર્મમાં જેઓ નિષ્ણાત છે,
તેઓને વ્યવહાર ધર્મના સિદ્ધાંતથી નિપજતાં અનિષ્ટોમાંથી
બચવા નિશ્ચયનયનું અવલંબન સરળ કે નિર્વિકલ્પપણે
અસંગ અનુષ્ઠાનનું સેવન જીવનમાં આવશ્યક છે.

વિદ્યાલય, દેવાલય, દેરાલય એટલે
વિદ્યાનું મંદિર, પ્રભુનું મંદિર, દેરારૂપી મંદિરનો ત્રિવેણી
દર્શન-જ્ઞાન-ચારિત્રના ઘણા મુદ્દાઓને સ્પષ્ટ કરે છે.

વિદ્યાત્મભાવ કેળવવા માટે વિદ્યાલય,
પરમાત્મભાવ કેળવવા માટે દેવાલય અને દેહાધ્યાસથી
છૂટી આત્મભાવ કેળવવાને માટે દેરાલયની કલ્પના છે.
બહિરાત્મભાવથી છૂટી અંતરાત્મભાવમાં સ્થિર થઈ
પરમાત્મભાવથી ભાવિત થવું જોઈએ.

ધાર્મિક અનુષ્ઠાનોમાં અધ્યાત્મ ભરેલું હોય, એ તો
સમજાય છે, પરંતુ શિલ્પ કે સાહિત્ય કે ચિત્રમાં પણ
અધ્યાત્મ ભરેલું છે. એનું દર્શન આપણા રાણકપુરના
મંદિરની રચનાના દર્શનથી થયું. ત્યાંના દેરાસરની રચના
ગુણસ્થાનકોના ક્રમ મુજબ થયેલી હોય, એમ લાગ્યું.
તે ઉપરથી વિદ્યાલયની એકતાના આ વિચારો સ્ફુર્યા.

જૈનશાસનમાં તત્ત્વજ્ઞાનની વિશિષ્ટ સમજણ
કેળવવા માટે અનેકાંતવાદ-સ્યાદ્વાદની જરૂર છે તથા
આત્મવાદ અને કર્મવાદની સમજણ
સ્યાદ્વાદ વિના શક્ય નથી.
સ્યાદ્વાદ એ જીવન જીવવાની પ્રક્રિયા છે.

11-5-70

જેમ વિગતોનું કોરું જ્ઞાન કામનું નથી, તેમ
ભાવસ્પર્શી થયા વગરની યાંત્રિક ક્રિયા પણ કામની નથી.

સ્થૂલ કરતાં સૂક્ષ્મ, બાહ્ય કરતાં આંતર,
દેહ કરતાં આત્માનું મહત્ત્વ અધિક છે, તેમ
સમ્યગ્દર્શન - જ્ઞાનરહિત ચારિત્રના મૂલ્ય કરતાં ચારિત્ર-
રહિત સમ્યગ્દર્શન - જ્ઞાનનું મૂલ્ય અનંતગણું વધુ છે.

तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥१॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

ધર્મવિમુખ થયેલા વર્ગ માટે ક્રિયાની ખૂબ જ અગત્યતા છે,
પરંતુ પોતાને ધાર્મિક ગણાવતો વર્ગ
ક્રિયાના અહંકારને પોષે તો ક્રિયા સત્ક્રિયા બનતી નથી.
ધર્મવિમુખ વર્ગ બાળક જેવો છે, ધાર્મિક ગણાતો વર્ગ
વડીલ જેવો છે. મારા જ ઘરમાં જો હું વડીલ છું, તો
વડીલ તરીકેની મારી ભારે જવાબદારી છે.
બાળકો પ્રત્યે વડીલની કરુણા હોય, વાત્સલ્ય હોય,
બાળકોની ભૂલો સુધારવા માટેની વેદના હોય.

o

Higher the position, more the responsibility.

અંશે પણ અપરિગ્રહ પ્રાગટ્યો હોય, એવા દેશવિરતિને તો ધૃણા, તિરસ્કાર કે અભાવનો અધિકાર જ નથી. ભગવાને મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય વિશ્વની objective ભાવના ધર્મ સહાયક કહી નથી. જેના જીવનમાં ક્રિયા આવી છે, તેને માટે તો ઊંડા થતાં જતાં સમજણ અને સ્પર્શન જ અનિવાર્ય ગણાય.

સ્યાદ્વાદ વિના ધર્મનું સ્પર્શન શક્ય જ નથી. સ્યાદ્વાદની ગંભીરતાની ઝાંખીનો અનુભવ થવો જોઈએ. માત્ર બે જ વસ્તુ ધ્યાનમાં લેવાય, તો જીવન નિરસ રહે:

એક છે આશા અને બીજી છે કલ્પના.

(૧) સ્યાદ્વાદ દૃષ્ટિપૂર્વક મોક્ષની રચના જાતિ - વેશ કે કોઈની monopoly અનુસાર નથી. જે શાંતિને પામશે, રાગને નિરાવરણ કરશે, તે મોક્ષનો અધિકારી થશે.

(૨) જેટલું Attachment એટલું દુઃખ, તેનું મૂળ અભાવ. જેટલું Detachment તેટલું સુખ, તેનું મૂળ ભાવ.

(૩) ઘર - વન સરખાં છે, એમ જે કહ્યું છે, તે કુપાત્રની અપેક્ષાએ છે. ગૃહસ્થો માટે વનએકાંત કલ્યાણકારી છે.

(૪) પૂર્વોપાર્જિત કર્મને ભોગવતાં નવાં કર્મો ન બંધાય, તેની સંપૂર્ણ કાળજી રાખવી, તે તો સર્વોત્કૃષ્ટ કર્તવ્ય છે.

જેનું સાધન કર્મના ઉદ્દેશને
પરમ ઉદાસીનતાપૂર્વક તથા સાક્ષીભાવે જીરવવું તે છે.

(૫) આત્માને પરમાત્મા બનાવવાનાં સર્વશ્રેષ્ઠ સાધનો:
પહાડ + જંગલ + નદી કિનારો + એકાંત + વૈરાગ્ય
શાંતિ + જ્ઞાન + દર્શન + ચારિત્ર + તપ.

(૬) જગત તરફથી મળતું સન્માન - કીર્તિ 'અહં'ને પોષવા અમૃત અને આત્મા માટે ઝેર સમાન છે. મુમુક્ષુઓએ આ ઝેરથી દૂર રહી ગુપ્તપણે સ્વાર્થ સાધવો, તે ઇષ્ટ છે.

(૭) July, 1970માં સત્રેથી મુક્ત થઈ
અવધૂતરૂપે વિચરવાનું થવા યોગ દેખાય છે.

(૮) અનુભવથી સિદ્ધ થયું છે કે આ કાળમાં લગભગ સૌ આત્મા સાધના તથા મોક્ષ માટેની જે જિજ્ઞાસા બતાવે છે,
તે Surface ઉપરની હોય છે.

અંતરમાં કંચન, કીર્તિ અથવા જડનો રાગ રંગાયેલો છે. આ સંયોગોમાં જ્યાં પરનું કલ્યાણ સમાઈ જાય છે, તેવા સ્વકલ્યાણને મુખ્ય કરી બાકીનું બધું ગૌણ કરવું
વિશેષ હિતકારી છે.

મહાત્મા આનંદઘનજીનું જીવન આ વાતને ટેકો આપે છે.

- Atmanandi, Kutch, Gandhidham

સં. ૨૦૨૬, વૈશાખ સુદ ૨, બુધવાર

ણમો ચઉવીસાએ તિત્થયરાણં,

ઉસભાઇ - મહાવીર - પજ્જવસાણાણં ।

'નમો' એ શ્રી જિનપ્રવચનના સારરૂપ છે.

નમો શું...

જ્ઞાનરૂપ છે, દર્શનરૂપ છે, વિનયરૂપ છે, ચારિત્રરૂપ છે,
સંયમરૂપ છે, ક્રિયારૂપ છે, તપરૂપ છે,
ગૌતમસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, બ્રહ્મચર્યસ્વરૂપ છે,
આલિંગનવાળરૂપ છે, શ્રુતસિદ્ધાંતરૂપ છે, તીર્થરૂપ છે,
જિનપ્રવચનરૂપ છે, તેથી આદરણીય છે.

નમો એ સર્વ પાપપ્રક્ષાલનરૂપ છે, સર્વ મંગલરૂપ છે,
સર્વકલ્યાણરૂપ અને સર્વ સુખરૂપ છે માટે ઉપાદેય છે.

(૧) નમઃ શ્રી સિદ્ધચક્રાય, શાશ્વતાનન્દદાયિને ।
સર્વમંત્રેષ્વરં મંત્રોऽચિન્ત્યચિન્તામણીયતે ॥

o निर्दूषणा गुणवती रसभावपूर्णा
सालंकृतिः श्रवणकोमलवर्णराजिः ।
सा मामकीनकवितेव मनोभिरामा
रामा कदापि हृदयान्मम नापयाति ॥

- पंडित जगन्नाथ रसगंगाधर (परिशिष्ट-२)

મનો મારય નિ:શંકં | મનને નિશ્ચે મારવું જોઈએ.
ધ્યાનાવસ્થિત સમાધિમાં પહોંચવા માટે આ જરૂરી છે.
બ્રહ્માનંદનો અનુભવ કરવા માટે તે જ એક ઉપાય છે.
સ્કોટલેન્ડના એક રાજાને શિકાર કરવા જતાં આખી રાત
જંગલમાં ગાળવી પડી હતી અને ટાઢમારી વેઠવી પડી હતી.
એ ગમે તેટલો અકળાયો પણ કહી શક્યો કે
આવતીકાલે આ ટાઢમારીનું સ્મરણ આનંદદાયી જ થવાનું.
'ભાવસ્મરણં રસ: |' ભાવનું સ્મરણ એ જ રસ છે.
કાવ્યાનંદ અને કલાનંદમાં ઈંદ્રિયો મારફત
અતીન્દ્રિય અનુભવ મેળવી શકાય છે, કેમકે એમાં
તાદાત્મ્ય અને તાટસ્થ્ય બંનેનો દ્વૈત સમન્વય હોય છે.
યોગાનંદમાં પણ તે હોય છે.

પાપામર્ષૌષધં શાસ્ત્રં, શાસ્ત્રં પુણ્યનિબન્ધનં |
ચક્ષુઃ સર્વત્રગં શાસ્ત્રં, શાસ્ત્રં સર્વાર્થસાધનમ્|| (પરિશિષ્ટ-૩)

સૌંદર્ય સંવેદનાના અંગભૂત બે તત્ત્વો

પ્રીતિ અથવા આનંદ તથા વિસ્મયરસનો પ્રયોગ.
વિસ્મયરસનો પ્રયોગ ૪ અર્થોમાં થાય:
(૧) પદાર્થોનો રસ - ખાટો, તીખો, તૂરો (૨) સાહિત્યનો રસ
(૩) આયુર્વેદનો રસ (૪) ભક્તિ અથવા મોક્ષનો રસ.

પદાર્થનો રસ = વનસ્પતિને નીચોવીને કાઢેલું પ્રવાહી.
તેને પદાર્થનો સાર અને તેના આસ્વાદને રસ કહેવાય.

રસ એટલે વીર્ય.

ત્યાં તે શરીરની અંતરગ્રન્થિઓનો રસ ગણાય છે.
તેના ઉપર શરીરનો વિકાસ નિર્ભર છે.
અહીં પણ પ્રાધાન્ય શક્તિનું છે.

રસનો અર્થ પારદ લઈએ, ત્યારે
તે આસ્વાદ નહિ પણ ગુણ અથવા શક્તિ ગણાય.
પદાર્થનો રસ આસ્વાદપ્રધાન છે,
આયુર્વેદનો રસ શક્તિપ્રધાન છે.

સાહિત્યનો રસ એટલે કાવ્યાનંદ - આત્માનંદ - બ્રહ્માનંદ - કાવ્યાસ્વાદ કે આત્મરસ - મોક્ષરસ. ભક્તિરસ તેમાં જ અંતર્ગત થાય છે. બધા અર્થોમાં આસ્વાદનો ભાવ તો છે જ, પછી તે આસ્વાદનું માધ્યમ સ્થૂલેન્દ્રિય રસનાદિ અથવા તો સૂક્ષ્મેન્દ્રિય મન, મગજ કે આત્મા હોય.

अकामो धीरो अमृतः स्वयंभूः,
रसेन तृप्तो न कुतश्चनोनः ।
तमेव विद्वान् न विभाय मृत्यो,
आत्मानं धीरमजरं युवानम् ॥ - अथर्ववेद

અહીં : અકામ, ધીર, અમૃત, સ્વયંભૂ જળ પીનારા
રસથી જ પોતે તૃપ્ત રહે છે, એ ઇન્દ્રિયોના વિષયમાં
ન્યૂન નથી. એ ધીર, અજર અને સર્વદા યુવાન છે,
આત્માને જાણવાવાળો મૃત્યુથી ડરતો નથી.

અહીં રસ આત્માનંદવાચક છે.

અંતરજગત = આત્મતત્ત્વ (અનુભૂતિ).

બાહ્યજગત = પ્રકૃતિતત્ત્વ (તર્ક).

## ઉપનિષદોમાં રસનો અર્થ

ઉપનિષદોમાં રસ તે
દ્રવ્યની પોષકશક્તિ અને આસ્વાદથી પ્રાપ્ત થતી
ઓજસ્વિતા અને આહ્લાદના અર્થમાં છે.

બાહ્યદૃષ્ટિએ રસનેન્દ્રિયનો વિષય તે રસ છે, તત્ત્વદૃષ્ટિએ
રૂપ - રસ - ગંધ - શબ્દ - સ્પર્શ તન્માત્રાએ રસ છે.
આત્માની ભૌતિક અભિવ્યક્તિમાં જ તન્માત્રાઓનું
અસ્તિત્વ છે, શાંત આત્મા તો એ સર્વથી મુક્ત છે.

'અશબ્દમસ્પર્શમરૂપમવ્યયં
તથાઽરસં નિત્યમગન્ધવચ્ચ યત્ ।' - કઠોપનિષત્

અહીં : આત્મા હંમેશા શબ્દ - સ્પર્શ - રૂપ - રસ
અને ગન્ધરહિત તથા શાશ્વત છે.

रसो वै सः। रसो ह्येवं लब्ध्वाऽऽनन्दी भवति।

-तैत्तिरीयोपनिषद्

અર્થાત્ : તે એટલે કે આત્મા જ રસ છે.
આત્મા જ ખરેખર આનંદ મેળવનાર છે.
આ પરમ તત્ત્વ ભૌતિક અર્થમાં અ-રસ છે,
પારમાર્થિક અર્થમાં સર્વ રસ છે.

रसो गन्धरसे स्वादे तिक्तादौ विषरागयोः।
श्रृंगारादौ द्रवे वीर्ये देहधात्वम्बुपारदे। - विश्वकोश

અર્થાત્ : ગંધ, રસ, તીખાદિ સ્વાદ, વિષ, રાગ, શ્રૃંગાર,
પ્રવાહીપણું, વીર્ય, દેહની ધાતુ, પાણી અને પારો -
આટલા અર્થમાં 'રસ' શબ્દ વપરાય છે.

रसो रतिः प्रीतिर्भावो रागो वेगः समाप्तिरिति रतिपर्यायः।

અર્થાત્ : રસ, રતિ, પ્રીતિ, ભાવ, રાગ, વેગ, સમાપ્તિ -
આ સૌ 'રતિ' શબ્દના પર્યાય છે. - કામસૂત્ર ૨-૧-૬૫

રસ શૃંગારાદિ અને ભાવ સ્થાયી - સંચારિ આદિ પણ છે.
દ્રવ્યને માટે ગુણવાચક શબ્દ અને ગુણને માટે
દ્રવ્યવાચક શબ્દ લૌકિક અર્થમાં રૂઢ થાય છે.
લક્ષણા દ્વારા 'રસ' શબ્દનો પ્રયોગ
આસ્વાદ - ગુણ અને શક્તિ વગેરેના અર્થમાં વપરાય છે.

સૌંદર્યશાસ્ત્રનાં બે મુખ્ય અંગ છે: રસ અને અલંકાર.
રસનો મુખ્ય આધાર કામસૂત્ર અને
અલંકારનો મૂળ આધાર વાક્કૌશલ્ય છે.
ધાર્મિકસ્તોત્રોની પ્રેરણા ઋગ્વેદમાંથી તથા ઐહિક શૃંગાર
મુક્તકોની પ્રેરણા અથર્વવેદના ઋચાઓમાંથી મળે છે.
રામાયણ - મહાભારતનો સંબંધ નીતિ અને ધર્મ સાથે છે,
નાટ્યશાસ્ત્રનો સંબંધ આમોદ - પ્રમોદ સાથે છે.
પ્રારંભમાં રસ મોટે ભાગે શૃંગારરસમાં વપરાતો શબ્દ હતો.
ભારતીય ચિન્તનધારાની સ્વાભાવિક પ્રવૃત્તિ
જીવનની દરેક વૃત્તિઓનું ઉન્નયન કરવામાં સંતુષ્ટ હતી
અને તેથી જ કામ અને અર્થ પણ
મોક્ષ અને ધર્મ સમાન પુરુષાર્થોની ગણનામાં આવ્યા તથા
જીવનનો આનંદપ્રમોદ પણ આત્માનંદમાં ભાસવા લાગ્યો.

दुःखार्तानां श्रमार्तानां शोकार्तानां तपस्विनाम् ।
विश्रान्तिजननं काले नाट्यमेतन्मया कृतम् ॥

-नाट्यशास्त्र

<u>અર્થાત</u>: દુઃખી, થાકેલા, શોકથી પીડાતા,
તપસ્વી લોકોને આરામ ઉત્પન્ન કરે,
તેવું આ નાટક મારા વડે કરાયું છે.

तेन यदाह भट्ट नायकः -

शब्दप्राधान्यमाश्रित्य तत्र शास्त्रं पृथग्विदुः ।
अर्थ - तत्त्वेन युक्तं तु वदन्त्याख्यानमेतयोः ॥
द्वयोर्गुणत्वे व्यापारप्राधान्ये काव्यधीर्भवेत् ॥
काव्ये रसयिता सर्वो बोद्धा न नियोगभाक् ॥

- ध्वन्यालोक (પરિશિષ્ટ-૪)

રસનું સ્વરૂપ એકાંત વસ્તુનિષ્ઠ કે
એકાંત આત્મનિષ્ઠ નહિ પણ ઉભયનિષ્ઠ છે.

શૃંગારથી હાસ્યની, રૌદ્રથી કરુણની, વીરથી અદ્ભુતની
અને બીભત્સમાંથી ભયાનક રસની ઉત્પત્તિ છે.
શૃંગારની અનુકૃતિ હાસ્ય છે, રૌદ્રનું કર્મ કરુણ છે,
વીરનું કર્મ અદ્ભુત છે અને
જ્યાં બીભત્સનું દર્શન છે, ત્યાં ભયાનક રસ છે જ.

<u>રસને 'રસ' કેમ કહેવામાં આવે છે?</u>

આસ્વાદ્ય હોવાને કારણે. જે આસ્વાદ્ય છે, તે રસ છે.
રસ એ આસ્વાદ નહિ, આસ્વાદ્ય છે.
રસ એ અનુભૂતિ નથી, અનુભૂતિનો વિષય છે.
રસ એ ભાવના નથી, કિન્તુ વસ્તુ છે. સ્થાયીભાવ
અને સમાન સર્વે નાટ્ય સામગ્રી વ્યંજનાદિ ગમ્ય છે.

સ્થાયીભાવ રસ નહિ, કિન્તુ રસનો આધાર છે.
કારણ એ રસ નહિ પણ રસનો આધાર છે.
મંત્ર એ મનોયોગ નહિ પણ મનોવૃત્તિ છે.
આત્માનો પરમાત્મા સાથે નિત્ય સંબંધ છે,
જે સાંસારિક રાગને કારણે ધૂમાયિત થઈ ગયો છે,
તો પણ માનવચિત્તમાં તે સ્થાયીરૂપે વિદ્યમાન છે.
સુખદુઃખાત્મકોરસઃ । રસ એ સુખ-દુઃખ સ્વરૂપ છે.
આનંદ કેવળ આત્માનું સ્વરૂપ છે,
મન તથા અન્ય જ્ઞાનેન્દ્રિયોનો તે વિષય નથી.
કાવ્યનો આનંદ વિષયાનંદથી દૂર અને
આત્માનંદની નિકટ છે, કેમકે
તેમાં તદાત્મતા સાથે તટસ્થતા પણ છે.
'બ્રહ્માનંદ સહોદર' એ કાવ્યશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે.
સત્ત્વોદ્રેક = આત્મવિશ્રાંતિ = બ્રહ્માનંદ સહોદર.
'રસ' એટલે સૌંદર્ય - રમણીયતા.
ચિત્તની દ્રુતિ, દીપ્તિ અને વ્યાપ્તિ અવસ્થાઓ ગુહ્ય છે.
કાવ્ય એ રસનું નિમિત્ત કારણ છે.
કવિ અને સહૃદય એ અનુક્રમે
રસનાં નિમિત્ત અને ઉપાદાન છે.

ઈશ્વરમાં અપેક્ષા અને જગતમાં ઉપેક્ષા-
એ સર્વ ધર્મોનો - શાસ્ત્રોનો સાર છે.
એક અભ્યાસનો માર્ગ છે, બીજો વૈરાગ્યનો માર્ગ છે.
આંખની સાથે મન પણ પ્રભુને આપો.
ભક્તિરસ એ રસ નહિ પણ રસાયણ છે.
'સબ રસાયન મૈં કિયા, હરિ સા ઔર ન કોય;
તિલભર ઘટ મેં સંચરે, કાયા કંચન હોય'....(૨)
નામ રસની અપ્રાપ્તિમાં બળતરા અને
પ્રાપ્તિ કે સમાપ્તિમાં વિષાદ હોય છે.
નામ રસ વિશેષ છે, રામ રસ નિર્વિશેષ છે.
રામરસનું પાન કરતાં તો નામસ્મરણાદિ થાય છે.
રામનામનો નિત્ય જાપ કરવાથી નામમાં પ્રેમ પ્રગટે છે.
રામનાં ગુણકીર્તન કરવાથી
એમના તરફ સ્વાભાવિક ખેંચાણ થાય છે.
આને 'પૂર્વરાગ' કહેવાય છે.
હજુ જેમનાં સ્વરૂપનું દર્શન કર્યું નથી પણ
જેમના નામમાત્રથી આકર્ષણ થાય, તે પૂર્વરાગ.
આ પૂર્વરાગમાં પણ એક પ્રકારની મધુરતા હોય છે.
પછી 'અનુરાગ' ઉત્પન્ન થાય છે.

રામરસનો સ્વાદ લેતાં જે અનુરાગ ઉદય છે,
તે નામ રસને નામીને જોડી આપે છે.
રામનામ રામ સ્વરૂપ ભગવાન ભિન્ન નથી.
પછી નામ જ એવા પકડ જમાવે છે કે મનુષ્ય
છોડવા માંગે તો પણ રામનામને છોડી શકતો નથી.
રામરસ અંતરમાં ઉતરી ગયો, એટલે
પછી ત્યાં કોઈ કામના રહી શકતી નથી.
'જ્યાં રામ ત્યાં કામ નહીં, જ્યાં કામ નહીં રામ;
તુલસી કૈસે રહ શકે, રવિ રજની ઈક ઠામ ?'
'કામ' એટલે મનુષ્યના હૃદયમાં ઘર કરી ગયેલી
ઈચ્છા - વાસના - વાંછના.
જન્મતાંવેંત જ મનુષ્ય કામનાનો દાસ બની અવતરે છે
પણ જો એના હૃદયમાં રામનો નિવાસ થઈ જાય,
તો પછી એ કામનાનો કીટ મટી જાય છે.
રામરસ આવું મહાન પરિવર્તન કરતું અદ્ભુત રસાયન છે.
મનુષ્ય જો આંખ ઉઘાડીને જુએ, તો તેને તુર્ત જ દેખાઈ
આવશે કે જીવનના આંતરિક - આત્યંતિક દુઃખમાં કોઈ
સહાય કરી શકતું નથી. ત્યારે તો પોતે જેવું અંતરનું
નિર્માણ કર્યું હશે, તેવું જ ફળ પોતે ભોગવવું પડશે.

ઇચ્છા - તૃષ્ણા હશે તો બળવું પડશે,
રામ હશે તો રાજીપો રહેશે.

જ્યાં સુધી મલ્હાર આ જીવનના પરમ શિખરને નહીં પામે,
ત્યાં સુધી એને ક્યાંયે શાંતિ મળવાની નહિ.

સંકટ સમયનો સાચો સાથી એક રામ છે.
એને મલ્હાર જોઈ શકે તો તેની શાંતિનો પાર ન રહે.
જે કોઈ પવિત્ર રામનામને કહે, સાંભળે, અરે એને
અનુમોદન આપે, તે મલ્હાર અગાધ એવા ભવસાગરને
ગાયની ખરીથી પડેલા ખાડાની જેમ તરી જાય છે.
જે મહામુશ્કેલ લાગે, બધી રીતે અશક્ય દેખાય,
તે પણ રામનામથી રમતમાં પાર કરી જવાય છે.

જે રામરસમાં લીન રહે છે,
તેમની પાસે સંસારના ત્રિવિધ તાપ ફરકી પણ શકતા નથી.
ઇંદ્રિયો અને મનથી અનુભવાતા બધા પ્રકારના રસોથી
રામરસ ચઢી જાય છે, કેમકે તે આત્મરસ છે.
રસ વ્યક્તિગત ભાવનો આસ્વાદ નથી પણ સાધારણી
કૃત ભાવનો આસ્વાદ છે. સાધારણી કૃત ભાવ નિર્વિષય
હોવાને કારણે રાગદ્વેષના દંશથી મુક્ત થઈ જાય છે,
અને તે આનંદમય હોય છે.

રસ એક પ્રકારે ભાવના માધ્યમ દ્વારા શુદ્ધ - બુદ્ધ ચૈતન્યનો આસ્વાદ છે, જે સર્વદા, આનંદમય હોય છે.

શુદ્ધ - બુદ્ધ ચૈતન્યનો આસ્વાદ
ચિન્તનના માધ્યમથી થઈ શકે છે પણ તે રસ નથી.
રસને માટે ભાવનું માધ્યમ અનિવાર્ય છે.

મૂળવૃત્તિ પ્રણતિ અથવા અધીનતા, પોતાથી વધુ બળવાન પ્રત્યે આદર, પ્રશ્રય, અધીનતા આદિની પ્રવૃત્તિ.
વૃત્તિગત ભાવ અથવા મન: સંવેગ - દૈન્ય - મૂળવૃત્તિ - શરણાગતિ - વૃત્તિગત ભાવ આર્તિ અથવા દુ:ખ.

વિરાગ અથવા શાંત - એ રસનો એક પ્રકાર નહિ પણ રસનો એક પર્યાય છે.

રત્યાદિ ભાવો એ વિકૃતિ છે અને શાન્ત એ પ્રકૃતિ છે.

રસનો સાર વિસ્મય નહિ પણ આહ્લાદ છે. તે લૌકિક આહ્લાદથી ભિન્ન હોવાથી અંશત: અસાધારણ પણ છે.
સ્થાયી ભાવની નિર્ધારિત કસોટી ચતુર્મુખી છે: પ્રબળતા, સ્થાયીત્વ, ઉપયોગિતા અને સાધારણીકૃત થવાની ક્ષમતા.

શાંત પણ રસ છે, કેમકે તેમાં પણ
સ્થાયી પ્રબળ, પરિષ્કૃત ઉદાત્તાનુભૂતિ, આસ્વાદ્યમાનતા, પુરુષાર્થોપયોગિતા વગેરે ગુણો પ્રમાણમાં વધારે છે.

## મૂળભૂત મનોવૃત્તિ શમ છે.

માનવચિત્તની પ્રકૃતાવસ્થા હોવાને કારણે
શમ તે મૂળવૃત્તિઓનું પણ મૂળ છે.
ચિત્તની સમાહિત અવસ્થા સ્વતંત્ર અનુભૂતિનો વિષય છે.
'શમનો અનુભવ કેવળ વીતરાગ મનુષ્ય જ કરી શકે,
સાધારણ મનુષ્ય નહિ' એ દલીલ પણ બરાબર નથી, કેમકે
ચિત્તની પ્રાકૃતાવસ્થાના અનુભવથી કોણ વંચિત હોઈ શકે?
વિકૃતિઓને કારણે આ અનુભવ વિરલ હોઈ શકે,
કિન્તુ એનો અભાવ તો ન જ હોઈ શકે.
સખ્ય, વાત્સલ્ય, ભક્તિ વગેરેનો સ્થાયીભાવ પ્રેમ છે.
આલંબનના ભેદથી તે વિભિન્ન રૂપોને ધારણ કરે છે.
નરનારીનો પ્રેમ શૃંગારરૂપે, મિત્ર પ્રત્યેનો પ્રેમ સખ્યરૂપે,
સંતાન અથવા તુલ્ય વ્યક્તિઓ પ્રત્યેનો પ્રેમ વાત્સલ્યરૂપે
તથા ઇષ્ટ પ્રત્યેનો પ્રેમ ભક્તિરૂપે પ્રગટ થાય છે.
સ્વતંત્ર રસની સિદ્ધિ આલંબનભેદને કારણે નહિ,
પરન્તુ સ્થાયીભાવોના ભેદને કારણે છે.
ઔદાત્ત્ય અને ઉદ્ધતપણું ચારિત્રિક વૃત્તિઓ છે,
ચિત્તવૃત્તિઓ નથી. કેટલાક આચાર્યોએ ભક્તિ-ભગવદ્
રતિને કેવળ ભાવ માન્યો છે, રસ નહિ, કેમકે
એનો પૂર્ણ પરિપાક થતો નથી.

ભક્તિ આચાર્યોએ ભક્તિને આદ્યરસ અને
શૃંગારાદિને માત્ર ભાવ કહ્યાં છે.
ભક્તિરસનો આસ્વાદ કરનાર કોણ છે? સહૃદય કે ભક્ત?
આનો સ્પષ્ટ ઉત્તર એ છે કે:
કાવ્યશાસ્ત્ર સ્વીકાર કરે છે કે
ભક્તિરસ એ સહૃદયની દૃષ્ટિએ રસ છે.
ભક્તિનો પ્રત્યક્ષ સંબંધ ચરમ પુરુષાર્થ મોક્ષ સાથે છે.
સહૃદયના ચિત્તમાં પણ અજ્ઞાત વિરાટ શક્તિ પ્રતિ
સમર્પણનો ભાવ - જે વિસ્મય, ભય, પ્રેમ,
તથા વિશ્વાસમૂલક છે, તે વાસનારૂપે વિદ્યમાન હોય છે.
સમર્પણ ભાવ સ્થાયી ભાવ છે અને એ મૂળભૂત છે.
कवेरन्तर्गतं भावं भावयन् भाव उच्यते । અર્થાત્:
કવિહૃદયમાં રહેલા ભાવને ભાવિત કરે, તે ભાવ કહેવાય.
यथा बीजाद् भवेद् वृक्षो वृक्षात् पुष्पं फलं यथा ।
तथा मूलं रसाः सर्वे तेभ्यो भावा व्यवस्थिताः ॥१॥
(પરિશિષ્ટ-૫)

જેમને જીવનમાં ઉત્તમ વિચારોનું
વાવેતર કરવાનો સમય મળતો નથી, તેઓ
ઉત્તમ સદ્‌ગુણોના પાકની આશા શી રીતે રાખી શકે?
- હેન્રી ડેવિડ થોરો

અહંકાર અને મોટાઈ છોડી, નમ્ર બનો.

નેતરની જેમ મનુષ્યે નમતાં શીખવું જોઈએ.
જે નમે - નમ્રતા દાખવે, જે સૌથી નાનો થઈ
સૌ વચ્ચે રહે, તે જ જગ જીતી ગયો સમજવો.
ખોટી મોટપ મનુષ્યને સમાજ વચ્ચેથી ઉખેડી નાંખે છે.
વ્યાસદાસ કવિ પ્રીતમના ઈન્દ્રામૃતમાં
પ્રભુને દીનતાનું દાન દેવા વિનંતિ કરે છે.
આ દાન પ્રભુ આપશે તો જ સાર્થક થવાનું છે.
આ જીવ તો દીન પ્રકૃતિનો છે, જડ છે.
તેને ધનવંતો તો જગતનો નાથ જ બનાવી શકે.
ભક્તનું ધન માત્ર દીનતા - દાસત્વ છે.
એ દાસત્વ જો મળી જાય, તો
નવનિધિ જે ખોવાઈ ગઈ છે, તે ફરી મળી જાય.
ઈશ્વર તો દીનના દયાળ છે.
એકવાર એની કૃપાના અધિકારી થવાય,
તો જીવનમાં નમ્રતા આપમેળે આવી જાય.
સૌ પોતપોતાને મોટા માને છે અને
એનું અભિમાન કરીને પોતાની મોટપ બતાવે છે પણ
તું જરા નાનો થઈને તારામાં જો.

'તું તારામાં જો' એનો અર્થ છે:
તું તારા અંતરમાં ખોજ કરે, તો તને માલુમ પડશે કે
તારું અંતર કેટલું અંધકારમય છે,
કેટકેટલી અધમ વૃત્તિઓ તારામાં ભરેલી પડી છે.
એ જ્યારે તને દેખાશે ત્યારે પહેલા મોટપ તો અદૃશ્ય થશે,
પરન્તુ તને એ જાણીને પસ્તાવાનો પાર નહિ રહે કે
તું તો સાવ નાનું અને તુચ્છ પ્રાણી છે!
જેમ પાણી પોતાની મેળે જ નીચાણવાળી જગ્યામાં
આવી સ્થિર થાય છે, તેવી જ રીતે બધામાં નીચો રહે,
નમ્ર બની રહે, તો જ એ સૌમાં પ્રિય થઈ પડે છે.
પોતાની જાતને ભૂંસી નાંખવાનો ઉપાય જ
માનવને જીવનમાં નમ્રતા બક્ષે છે.
પોતામાં રહેલા ગુણ-દોષનો જે સદા વિચાર કરતો રહે,
જે સભાનપણે સ્વદોષને પારખી દૂર કરવા પ્રયત્ન કરે
અને જે બધાને પોતાનાથી મોટા કરી માને છે,
તેવા ગુણીજનોને જ સાચું તત્ત્વ સાંપડે છે,
તેને જ સુખ અને શાંતિ લાધે છે.
દાસાનુદાસ થવાથી પ્રભુ પ્રાપ્ત થાય છે.
ખોટી મોટાઈથી તો પ્રભુ દૂર જ રહેતો હોય છે.

'લઘુતા તેં પ્રભુ પાઈએ, પ્રભુતા તેં પ્રભુ દૂર,
મિશ્રી કે ચેંટી લગે, હાથી કે સિર ધૂર.'

હાથી મોટું પ્રાણી છે પણ એ તો ધૂળ જોઈને એનાથી સ્નાન કરવા લાગે છે તેથી માથા ઉપર ધૂળ ઢોળે છે, જ્યારે નાની કીડી તો ધૂળમાં પડેલા સાકરને જ વળગીને એનો સ્વાદ ચાખે છે.

## દૈન્ય દાન દેં મોય

લઘુતા સોં લાગ્યો રહેં, મહિમા હોત બિગાર;
ગુલ્મ લતા ઊખડે નહીં, તરુ ગિરાવે બ્યાર. (૧)
હીન મહા જડ જીવ કીં, કીયેં કહા કછુ હોય ?
હા નાથ હા વ્રજપતિ, દૈન્ય દાન દેં મોય. (૨)
નહિ સાધન નહિ સંપત્તિ, હરિ જસ કરે ઉપાય;
લચ્છન કી ધન દૈન્ય હૈ, ફેરિ ગઈ નિધિ પાય. (૩)
ઊંચો ઊંચો સબ કહે, તૂં નીચો હોય ખોજ;
આપુનો આપો દેખિયે, તબ આવત હે રોજ. (૪)
સબ જન સોં નીચો રહેં, યે હી પરમ ઉપાય;
જૈસે ઢોર નીચા નમે, આપુ હી તે જલ આય. (૫)
ઔરન કી ઉત્તમ ગને, સો સર્વોત્તમ સાર;
રાત દિનાં સોચત રહેં, અપનો દોષ વિચાર. (૬)

- વ્યાસદાસ કવિ

## અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ

અહિંસાથી યુદ્ધનો વિરામ થાય,
અનેકાંતથી વાક્કલહ શાંત થાય તથા
અપરિગ્રહથી અનેક પ્રકારના વાદો શમી જાય.

આજે અનેક આત્માઓ મનની શાંતિ અને આત્માની ખોજમાં છે. પ્રભુનું સાંનિધ્ય ઝંખે છે, તે અહિંસા, અનેકાંત અને અપરિગ્રહવાદથી જ સિદ્ધ થઈ શકે છે. શું આત્માની સમાન બીજી કોઈ તેવી પવિત્ર વસ્તુ આ ચૌદ રાજલોકમાં છે કે જે સાંભળવા યોગ્ય કે દેખવા યોગ્ય - મનન કરવા યોગ્ય હોય? કદાપિ નહિ.

આત્મા એક પ્રકાશનો સદા કેન્દ્રીભૂત પુંજ છે, કે જ્યાંથી સમસ્ત શરીર અને જગત પ્રકાશિત થઈ રહ્યું છે. સૂર્ય - ચંદ્રનો પ્રકાશ તો તેનું એક કિરણ માત્ર છે. પ્રકાશ માટે જેમ સ્નેહ અર્થાત્ તેલની આવશ્યકતા છે,
તેમ આત્મજ્ઞાનના પ્રકાશ માટે પણ
સ્નેહ પ્રાપ્ત થતાં જ તે પ્રકાશિત થઈ જાય છે.
આત્મજ્ઞાન પ્રકાશની માનવને અનિવાર્ય આવશ્યકતા છે
અને તે સર્વ જીવ પ્રત્યેના
સ્નેહરૂપ તેલ વડે જ પ્રાપ્ત થઈ શકે છે.

'ન ચાઽભાવયતઃ શાન્તિરશાન્તસ્ય કુતઃ સુખં ।'

અર્થાત્: ભાવ ન પામે તેને શાંતિ ન મળે,

અશાંત વ્યક્તિને સુખ ક્યાંથી હોય ?

સ્નેહના અભાવને કારણે

અનાચાર, દુરાચાર, ધૃણા અને દ્વેષ વ્યાપી રહ્યાં છે.

એકબીજાને નીચા દેખાડવા

અપમાનિત કરવામાં બહાદુરી સમજાઈ રહી છે.

એ સ્થિતિમાં શાંતિ માટે પ્રકાશની આવશ્યકતા છે.

તે પ્રકાશ આત્મજ્ઞાનનો છે અને

તે માટે સ્નેહનું તેલ જરૂરી છે. સ્નેહ = સાત્ત્વિકભાવ.

સંપૂર્ણ વિશ્વમાંથી વિનાશકારી તત્ત્વોને

નિર્મૂળ કરવા માટે આત્મવિદ્યા દ્વારા આત્મવિશ્વાસ

અને આત્મજ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરવો જરૂરી છે.

તે માટેનો ઉપાય એક સ્નેહપરિણામ છે.

નિસર્ગ એ પરમેશ્વરની શક્તિનું સ્વરૂપ છે.

Nature is manifested energy of divine.

તેથી ઘડિયાળના કાંટા પ્રમાણે તે નિયમિત કાર્ય કરે છે.

o સર્વદા, સૌ સુખ પામો, પાપ ના કોઈ આચરો,

રાગ - દ્વેષથી મુક્ત થઈને, મોક્ષસુખ સૌ જગ વરો.

## પ્રભુએકતાની આવશ્યક શરત

અંતરાત્માની સભાનતા એ
ભગવાન સાથેની એકતાની આવશ્યક શરત છે.
તમે અંતરના ઊંડાણમાં ઉતરશો તો તરત સર્વમાં
એક જ રૂપે રહેલા એક તત્ત્વને પામશો.
જૂદી જૂદી પ્રજાઓનું મન જૂદી જૂદી રીતે કાર્ય કરે છે,
પરંતુ હૃદય તો એકસરખું જ હોય છે અને હૃદય
એ ઘણા વધારે સાચી વાસ્તવિકતા છે. - mother

સત્‌ને જગાવે તે સંત.
સંતે જગાવેલા માર્ગ ઉપર એકધારું ચાલીને માનવ
પ્રભુના શરણ પાસે પહોંચી જાય છે.
રામનામ જપવાથી આત્માને પરમાત્મા મળે છે,
એમ શાસ્ત્ર કહે છે, તો એ કઈ રીતે ?
ર + આ + મ = રામ.
ર = અગ્નિબીજ હોઈ કર્મને બાળી નાંખે છે.
આ = સૂર્યબીજ હોઈ મોહાંધકારને હરે છે.
મ = ચંદ્રબીજ હોઈ તન - મનના તાપોને હરે છે.
નમો : ન = સૂર્ય, મ = ચંદ્ર, ઓ = અગ્નિ.
નમો = તત્ સત્ | અરિહં = હરિઓં તત્ સત્ |

વીતરાગતામાં જે અનુરાગ છે,
તે ભવનું કારણ નહિ પણ મોક્ષનું કારણ છે.
એનાથી જે પુણ્યબંધ થાય છે,
તે સમ્યગ્દર્શનમાં સાધનભૂત છે.
શુભયોગ વડે દ્રવ્યાસ્રવ થાય છે, તે બંધ પરસ્પર્ધિક છે,
કિન્તુ સાંપરાયિક નહિ એમ એકદેશીઓ કહી શકાય.
દ્રવ્યક્રિયાદિ યોગારંભ છે, તે અસદારંભના ત્યાગમાં હેતુ છે.
શૂન્યનું ધ્યાન તે એકડા ઉપર મીંડાં છે.
'હું જાણતો નથી' તે જાણું છું, તેથી જ્ઞાનમય છું.
અજ્ઞાન અને મિથ્યાજ્ઞાન વખતે પણ
જ્ઞાનમયતાનું પ્રણિધાન મગજને ભારભૂત થતું નથી,
કેમકે તે હૃદય શુદ્ધિનું - સમત્વભાવનું કારણ છે.
તસ્વીર ઉપરથી તદબીર ઉપર અને
તદબીર ઉપરથી તેના તરફ જવાનું છે.
તસ્વીર = મૂર્તિ - દૃશ્ય, તદબીર = આત્મા - દૃષ્ટા.
તે = પરમાત્મા - દર્શન.
तसवीर की देखता हूं तदबीर के लिये
(मेरे कल्याण के लिये),
तदबीर की देखता हूं, सिर्फ (फ़कत) खुदा (प्रभु) के लिये.

આપ્તાગમ-તત્ત્વાનાં શ્રદ્ધાનાદ્ભવતિ સમ્યક્ત્વમ્ ।
વ્યપગતાશેષદોષઃ સકલગુણાત્મા ભવેદાપ્તઃ ॥૧॥
- નિયમસાર ગા. ૫ (પરિશિષ્ટ-૬)

'લક્ષ્યાનુકૂલત્વં માર્ગત્વં ।' માર્ગ અને ધ્યેયમાં ભેદ છે.
માર્ગ પૂર્ણ થયા બાદ ધ્યેય પ્રાપ્ત થાય છે અને
માર્ગ જ ધ્યેયપર્યન્ત પહોંચાડે છે.

નિશ્ચયરત્નત્રય એ ધ્યેય, વ્યવહારરત્નત્રય એ માર્ગ છે.

વ્યવહાર રત્નત્રય = પરંપરા મોક્ષમાર્ગ,
નિશ્ચય રત્નત્રય = સાક્ષાત્ મોક્ષમાર્ગ.
વ્યવહાર રત્નત્રય = પ્રારંભિક અંશ,
નિશ્ચય રત્નત્રય = અંતિમ અંશ.
ત્રિપુટિના ભેદનો છેદ ઉડાડવો તે સમાધિ છે.
નિશ્ચય રત્નત્રય વીતરાગ સમાધિરૂપ છે.
વીતરાગતાનો અર્થ નિર્વિકલ્પતા છે.
ઈશ્વરને પામવાના અનેકાનેક માર્ગો છે.
જે માર્ગ ગ્રહણ કરો, તેમાં
શ્રદ્ધા અને વિશ્વાસથી વળગી રહો.

o યો હિ યત્પ્રાપ્ત્યર્થી સઃ તં નમસ્કરોતિ,
યથા ધનુર્વેદ પ્રાપ્ત્યર્થી ધનુર્વેદવિદં નમસ્કરોતિ ।
(પરિશિષ્ટ-૭)

સમ્યગ્દૃષ્ટિ જીવ વીતરાગતાની પ્રાપ્તિનો
અર્થી અને ઈચ્છુક હોવાથી રાગસહિત અવસ્થામાં પણ
વીતરાગતાની સ્તુતિ, વન્દન, પૂજા કરે છે.
તે વીતરાગતાની પ્રાપ્તિમાં સહાયક છે.
રાગને માટે રાગ કરવો અને
વીતરાગતાને માટે રાગ કરવો, જે વચ્ચે મોટું અંતર છે.
'વન્દે તદ્ગુણલબ્ધયે।' તેથી ગુણપ્રાપ્તિ માટે વંદન કરું છું.
સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વભાવ-વિભાવ ઉભયને જાણે છે,
તેથી વિભાવને ટાળવા સ્વભાવનું અવલંબન લે છે.
શુભોપયોગ વખતે
પ્રવૃત્યંશ અને નિવૃત્યંશ - ઉભય અંશ હોય છે.
બંને અંશોથી મિશ્રિત અખંડ પરિણતિનું નામ શુભોપયોગ છે.
'વ્યવહાર રત્નત્રય એ મોક્ષમાર્ગ છે.'
એનો અર્થ સંસાર સ્થિતિનો વિચ્છેદક છે.
અશુભનો સંવર - પૂર્વકૃત કર્મની નિર્જરા કરાવનાર છે.
દાનં ન દત્તં મુનિવરેભ્યઃ, નાઽપિ પૂજિતો જિનનાથઃ ।
પંચ ન વન્દિતા પરમ ગુરવઃ, કિં ભવિષ્યત શિવલાભ ॥૧॥
મુનિવરોને દાન ન આપ્યું, જિનેશ્વરની પૂજા ન કરી,
પંચપરમેષ્ઠિને વંદન ન કર્યું, તો શું મોક્ષની પ્રાપ્તિ થશે?

## સાધુના ષટ્કર્મ 17/5/70

સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદના,
પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન.

## ગૃહસ્થના ષટ્કર્મ

દેવપૂજા ગુરૂપાસ્તિ: સ્વાધ્યાય: સંયમસ્તપ: ।
દાનં ચેતિ ગૃહસ્થાનાં ષટ્કર્માણિ દિને દિને ॥ અર્થાત્:
દેવપૂજા, ગુરૂસેવા, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન -
આ ૬ કાર્યો ગૃહસ્થોએ રોજ કરવાના હોય છે.

અનશનાદિ ૧૨ પ્રકારના તપના બદલે જે નિજ
શુદ્ધાત્માના ધ્યાનમાં સ્થિર થવાની ભાવના નહિ કરતો,
તેનું ભાવિ ઉજ્જવળ કેવી રીતે બનશે ?

અરિહંતપદના ધ્યાનમાં અને સિદ્ધપદના ધ્યાનમાં
સર્વ વિકારી શમાવવાનું સામર્થ્ય અનુભવાય છે, એટલે
નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે, તે વાત યથાર્થ છે.

સવ્વ પાવપ્પણાસણો = ભેદબુદ્ધિનો સર્વદા નાશ,
જે પરમેષ્ઠિ નમસ્કારથી થાય છે.

અભેદથી બિંદુ સિંધુ બને, તેમ અભેદથી અભેદ થવાય.

નમસ્કાર અને તેનું ફળ એ
નક્કર સત્ય છે અને સત્ય શ્રદ્ધા છે.

નમસ્કાર એ...

unit (જીવ)માંથી unity (શિવ)માં જવાનું છે.

'From unit to unity' means from living being to universal being.

ચૂલિકા એ માર્ગ છે, આચાર્ય - ઉપાધ્યાય - સાધુ એ દ્વાર છે.

અરિહંત - સિદ્ધ એ સાર છે.

અરિહંતોને સન્માનનું દાન હું કેવી રીતે આપું ?

હું તો તેમનો ઋણી છું. દેવાદાર દાન કેવી રીતે આપી શકે ?

જેટલો સમય અરિહંતોમાં ઉપયોગ રહે તે તાત્વિક દાન છે, એ આત્માનું મહાદાન છે, એ જ મોટું સમર્પણ છે.

'નિમિત્તને મૂકી ઉપાદાનથી આત્મસ્વરૂપ જાણવું' એનો તાત્વિક અર્થ નિમિત્તને ઉપાદાનમાં સમાવી દેવું તે છે.

Object merges with subject.

પરમેષ્ઠીઓનું ધ્યાન છોડીને આત્મધ્યાન થતું જ નથી.

'નમો'માં અક્રિય લોકાકાશમાં

તમારા આત્મપ્રદેશો યત્ન કરવાની - પ્રસારવાની શક્તિ છે.

સિદ્ધોની મહાચેતના

તમારામાં સંક્રમણ કરવાની શક્તિ ધરાવે છે.

આકાશનું તત્ત્વ ધ્વનિ છે.

દયાનિધિ પર અહિંસા મહાયતના છે,
જે સિદ્ધશિલા ઉપર અનંતા સિદ્ધોમાં રહેલી છે.
અનંત સિદ્ધોની એ મહાયતના
એ સમસ્ત જીવરાશિ ઉપરનું ગુરુત્વાકર્ષણ છે.
એ 'પરસ્પરોપગ્રહો જીવાનાં |' એ સૂત્રનું તાત્પર્ય છે.
'ભુવણઘર - ધરણ - ખંભા' |
અર્થાત્: ત્રણ ભુવનરૂપી ઘરને ધારણ કરવા માટે
થાંભલા સમાન સિદ્ધ ભગવંતો છે.
'ધર્મ'ને એક શબ્દમાં સમજાવવો હોય,
તો 'સ્નેહપરિણામ' શબ્દથી સમજાવી શકાય.
સ્નેહપરિણામ એકબાજુ સમ્યગ્દર્શનની તથા
બીજીબાજુ તેના ફળસ્વરૂપ
સમ્યક્ચારિત્રની પણ અપેક્ષા રાખે છે.
જ્ઞાન અને ક્રિયા ઉભયને સફળ બનાવનાર
સ્નેહપરિણામ હોવાથી ધર્મના વિષયમાં તેની મુખ્યતા છે.
સ્નેહપરિણામની માંગ વિશ્વવ્યાપી છે.

The greatest of all satisfactions in
the world, in life of each &
everyone is loving & being loved.

સ્નેહપરિણામમાં અહિંસા - સંયમ અને તપ બધું છે.
જ્યાં સ્નેહપરિણામ છે,
ત્યાં ક્ષમતા, દમતા અને શમતા - નક્કી રહેલાં છે.
સ્નેહ મોહને રોકે છે,
તે અપ્રશસ્ત કામને, અનાવશ્યક ભોગને અવશ્ય રોકે છે.
સ્નેહપરિણામ આપે છે માટે દાનધર્મનું બહુ ગૌરવ છે,
ત્યાગ છે માટે શીલ અને તપધર્મનું ગૌરવ બહુ તે છે
અને ભાવ તો પોતે જ છે.
સ્નેહભાવના આધારે જ
દાન, શીલ, તપ, સંયમાદિની સાર્થકતા છે.
સ્નેહરાગ અને સ્નેહભાવમાં ભેદ છે.
રાગમાં મારાપણું છે, ભાવમાં તારાપણું છે.
જ્યાં મારાપણું ત્યાં અધર્મ અને તારાપણું ત્યાં ધર્મ છે.
મારાપણું જડને ચાહે છે, જ્યારે તારાપણું ચૈતન્યને ચાહે છે.
ચૈતન્યની ચાહનામાંથી સર્વ ધર્મની ઉત્પત્તિ છે.

o

નમ્ર બનો અને સમર્થ થાઓ.
Be lowly and you shall be lovely.
નમ્ર થાઓ અને પ્રિય બનો.
Be meek & you shall be mighty.

## સાચું જૈનપણું શેમાં ?

જૈનધર્મનું મૂળ અર્થાત્ સાચું જૈનત્વ શેમાં રહેલું છે?
તે દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી કે તેરાપંથીપણામાં નહિ,
કિન્તુ વ્યવહારશુદ્ધિ, આચારશુદ્ધિ,
વિચારશુદ્ધિ તથા આત્મશુદ્ધિમાં રહેલું છે.
સાચું જૈનપણું અહિંસા, સમતા, સત્યને પાળવાની અને
ગમે ત્યાંથી ગુણોને સ્વીકારવાની તત્પરતા તથા
આ ૧૪ રાજલોકના સર્વ જીવ પ્રત્યેના
સમભાવ - મૈત્રીભાવ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે.

આપણી ધાર્મિક પ્રવૃત્તિઓ
આ આંતરિક ગુણોને જેટલા પ્રમાણમાં આવકારે, તેટલા
પ્રમાણમાં જ જૈનત્વની સમીપ આપણો આત્મા પહોંચી શકે.

भूसणठाणाइपत्तिसमं ।
टीका - रत्नालंकारकरंडकप्राप्तितुल्यं प्रथमं सामायिकं,
आदिशब्दाद् हिरण्यवसनादिप्राप्तिपरिग्रहः ।
- योगशतक० गा. १८ (પરિશિષ્ટ-૮)

### ચાર પ્રકારની સ્તુતિ

(૧) ઈશસ્તુતિ (૨) જીવસ્તુતિ
(3) કાલ્પનિક (૪) સ્વાભાવિક.

<u>ચૈતન્યના ૪ પ્રકાર</u>

(૧) વ્યષ્ટિચૈતન્ય, જીવચૈતન્ય,
અવિદ્યાવિશિષ્ટ - દશરથપુત્ર.

(૨) કૂટસ્થચૈતન્ય, સાક્ષીચૈતન્ય,
માયા તથા અવિદ્યારહિત - સબ સેં ન્યારા.

(3) ઈશ્વરચૈતન્ય, સમષ્ટિચૈતન્ય,
માયા વિશિષ્ટચૈતન્ય - ઘટ ઘટ મેં બોલે.

(૪) બ્રહ્મચૈતન્ય, શુદ્ધચૈતન્ય,
સર્વવ્યાપીચૈતન્ય - જગત પસારા.

એક રામ દશરથકા બેટા
(અવિદ્યા વિશિષ્ટ - અયોધ્યા નિવાસી)
એક રામ ઘટ ઘટ મેં લેટા (કૂટસ્થ ચેતન)
એક રામકા સકલ પસારા
(માયા વિશિષ્ટ - સર્વવ્યાપિ - વ્યાપકચેતન)
એક રામ હૈ સબ સે ન્યારા (નિર્ગુણ - નિરાકાર - અસંગ)

શુદ્ધચૈતન્ય - પરબ્રહ્મ - જીવ - કૂટસ્થ - ઈશ્વર - શુદ્ધચૈતન્ય.

૪ પ્રકારની કૃપા: (૧) અંતઃકરણ કૃપા - પુરૂષાર્થ પ્રધાનતા.
(૨) ગુરૂકૃપા - શિષ્યની પાત્રતા જોઈ પ્રસન્નતા.
(3) શાસ્ત્રકૃપા - ગુરૂઉપદેશ. (૪) ઈશ્વરકૃપા - ચૈતન્યધ્યાન.

૦ આપણે ત્યાગ કરીએ છીએ અને રાગ પૂજીએ છીએ.
તપ કરીએ છીએ અને જપ પૂજીએ છીએ.
મમતા રોવડાવે છે અને સમતા પ્રમોદ પ્રગટાવે છે.
મમતાને મારવા અને સમતાને પકડવા કઠિન કાર્ય છે, તે
આદર્શને આપણે અપનાવ્યો છે તથા આપણે અટવાયા છીએ.
આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે.
'સુખ આત્મામાં છે વિષયોમાં નહિ' એ વિચાર ઔષધ છે.
તે વિષયસુખના વિકલ્પો - આલંબનનો ત્યાગ તે વિરેચન છે.
શ્રદ્ધા તે અનુપાન છે તથા
શાંતિમાં ભંગ કરનાર વસ્તુઓના સેવનનો ત્યાગ તે પરેજી છે.
પડિક્કમામિ = વિરેચન, નિંદામિ = પરેજી,
ગરિહામિ = અનુપાન,
વોસિરામિ = ઔષધ સેવન - રસાયણ[illegible].
શ્રદ્ધાના ઉપાય = કૃપાળું અવલોકન, સત્સંગ, સદ્ગ્રંથ સેવન.
આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીનો પ્રિય શ્લોક
न स्वर्गाऽप्सरसां स्पृहा समुदयेन्नो नारकोच्छेदने ।
नो संसारपरिक्षितौ न च पुनर्निर्वाणनित्यस्थितौ ।
त्वत्पादद्वितयं नमामि भगवन् किन्त्वेककं प्रार्थये
त्वद्भक्तिर्मम मानसे भवभवे भूयाद्विभो निश्चला ॥१॥
- आचार दिनकरे । (પરિશિષ્ટ-૯)

પાર્શ્વઃ સાક્ષાત્ પરબ્રહ્મ આત્મા પાર્શ્વઃ હૃદિ સ્થિતઃ ।
પાર્શ્વ એવ મહામન્ત્રઃ પરમો વિશ્વતારકઃ ॥૧॥ શ્રુતિઃ

પાર્શ્વનાથ ભગવાન સાક્ષાત પરબ્રહ્મ છે,
આત્મા સ્વરૂપ પાર્શ્વ પ્રભુ હૃદયમાં રહેલા છે,
'પાર્શ્વ' એ જ પરમ વિશ્વતારક મહામંત્ર છે.

શેષશાયી - Light of nothingness -
ન જાણવાની અવસ્થા.
શેષશયન - Deep sleep - નિદ્રાવસ્થા.
નાભિકમલ - dream - સ્વપ્નાવસ્થા.
સર્વં ખલ્વિદં બ્રહ્મ - બ્રહ્મા = મૂળ ચેતન - જાગ્રત.
બ્રહ્મા - વિષ્ણુ - મહેશ = સર્જક - પાલક - સંહારક.

ત્રિપુટિ તથા સાક્ષી

ધ્યાતા ધ્યેય ધ્યાન, જ્ઞાતા જ્ઞેય જ્ઞાન, દ્રષ્ટા દૃશ્ય દર્શન
આ ત્રિપુટિ માત્રનું પ્રકાશક યાને કે
પ્રકાશિત કરવાવાળું ચૈતન્ય તે સાક્ષી છે.

શાસ્ત્રોક્ત સર્વ અનુષ્ઠાનો
આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવા માટે જ છે.
આત્માનું શુદ્ધ સ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં
તન્મય બન્યા સિવાય પ્રાપ્ત થઈ શકતું નથી.

દેવમાં વીતરાગતા જોઈએ.
'વીતરાગતા' એટલે ઈચ્છામાત્રનો અભાવ.
મુક્તિની દૃષ્ટિ ઈચ્છામાત્રનો અંત કરે છે.
ગુરુમાં નિર્ગ્રન્થતા જોઈએ.
'નિર્ગ્રન્થતા' એટલે મૂર્છામાત્રનો અભાવ.
મુક્ત થવાની ઈચ્છા હોવાથી
મુક્તિપ્રાપ્તિના સાધનોની ઈચ્છા છે પણ તે પર મૂર્છા નથી.
'મૂર્છા' એટલે આસક્તિ.

ઈચ્છાના અભાવની ઈચ્છા હોવાથી તેની પૂર્તિ માટેના સાધનની ઈચ્છા હોવા છતાં તે સાધનો ઉપર મૂર્છા નથી, કેમકે સાધ્યની સિદ્ધિ થયા બાદ સાધનની જરૂર નથી. વીતરાગ દેવ અને નિર્ગ્રન્થ ગુરુને નમસ્કાર કરનારમાં ઈચ્છા અને મૂર્છા ઉભય હોવા છતાં તે બંનેથી નિર્મુક્ત થવાની ઈચ્છા હોવાથી ઈચ્છા અને મૂર્છાની તીવ્રતા નથી.

દેવ અને ગુરુ - બંનેમાં ભેદબુદ્ધિ હોવાથી
નમસ્કાર કરનાર અનંતાનુબંધી કષાય અને
તીવ્ર મિથ્યાત્વ મોહનીયના ઉદયથી રહિત હોય છે.
દેવમાં રાગાત્મક ઈચ્છાનો અભાવ તથા
ગુરુમાં આસક્ત્યાત્મક મૂર્છાનો અભાવ હોય છે.

ધર્મમાં ઇચ્છા - મૂર્છારહિત થવાની ભાવનાપૂર્વક
ઉત્સાહ સહિત સદા દેહ - ગુરુની ભક્તિની ભાવના
અને યથાશક્ય ત્યાગના નિયમોનું પાલન હોય છે.

સંતના અનુસ્વારમાં સત રહેલું છે,
અર્થાત્ કે તે અનુસ્વારમાં જ લક્ષ રાખવું,
તો તે ગતિથી સંતની કૃપા આવશે.

લોહચુંબક મૂકેલું છે અર્થાત્ તે સોયને આપોઆપ ખેંચશે.
સોયને કાંઈ કરવાનું નથી પણ તેને
જે ગતિ લોહચુંબકને લક્ષે મળે તે ગતિમાં જ રહેવું,
અર્થાત્ આપોઆપ નિર્ધારિત સ્થળે પહોંચાશે.

હોકાયંત્રમાં સોય હંમેશા ઉત્તર દિશા બતાવે છે.
ગમે તે દિશામાં યંત્રને મૂકો તો પણ તેમાં રહેલી સોય
ફરીને તેની નક્કી કરેલી દિશાભણી આવીને સ્થિર થશે
માટે આમ જેમ દુર્લક્ષ થવા ન દેતાં જે દિશા બતાવી હોય,
તે જ તરફ લક્ષ રાખવાથી સાર્થકતા છે.

દેહની ભક્તિ ઉપર આધાર કૃપા હોય છે, તે જ રીતે
ભક્તોની દેહ ઉપર આધાર શ્રદ્ધા હોય છે.

પોતાનું સ્વરૂપ બાળકની આંખમાં જોવું, તે અદ્વૈતદર્શન છે.
સંતો એકબાળકમાં પોતાનું સ્વરૂપ જુએ છે.

o બેટા થવું, બાપ થવામાં ઉપાધિ છે.

'જગતપિતા સર્વ વ્યવસ્થા કરશે'

એવી પાકી ખાત્રી રાખીને નિરાંતે સ્વસ્થ થઈ જવું.

God is the greatest master planner.

o મદારી એટલે...

મદ + અરિ = મદારી - નાગાનો મદ નાશ કરે તે મદારી.

o બુદ્ધ એટલે... બદ્ + ઉ + દ્ = બુદ્ધ.

બદ્ધ અવસ્થામાંથી ઉર્ધ્વગતિ પામે, તે બુદ્ધ.

બુદ્ધિદાતા પરમેશ્વર અને જ્ઞાનદાતા ગુરુ.

લય - પ્રલય - મહાલય. દેહ - વિદેહ - મહાવિદેહ.

રામ - કૃષ્ણ - હરિ.

મનુષ્ય - હંસ - પરમહંસ - સિદ્ધ - અવધૂત.

'માળા તો કરમાં ફિરે, જીભ ફિરે મુખ માંહી,
મનોરામ ચિહું દિશિ ફિરે, તો હરિ સુમિરન કેમ હોઈ ?'

આધ્યાત્મિક રોજાની ઉમેદવારીનો સમય બાર વર્ષનો છે.

જ્ઞાન માટે સ્થાનનું અસ્તિત્વ નથી.

જ્ઞાન પોતાની સ્થિતિને બદલે પણ સ્થાનને બદલતું નથી.

જ્ઞાનની ૭ ભૂમિકામાં શુભેચ્છા, વિચારણા તથા
તનુમાનસામાં બંધ - મોક્ષના ભેદનું સ્પષ્ટ જ્ઞાન હોય છે,

તેથી તે 'જ્ઞાનભૂમિકા' કહેવાય છે.

છેલ્લી ૪ ભૂમિકા સત્ત્વાપત્તિ, અસંસક્તિ,
પદાર્થાભાવિની તથા તુર્યગા બ્રહ્મવિદ્, બ્રહ્મવિદ્વર,
બ્રહ્મવિદ્વરીયાન્ તથા બ્રહ્મવિદ્વરિષ્ઠ હોય છે.

આ અવસ્થાની કોઈપણ ભૂમિકામાં આવેલો આત્મા
તત્ત્વજ્ઞાન સંપન્ન જ હોય છે, તેથી
તેને તત્ત્વજ્ઞાની, બ્રહ્મજ્ઞાની કે આત્મજ્ઞાની કહેવાય છે.

તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાનમાં
દૂરસ્થ અથવા સમીપવર્તીનો સવાલ નથી,
કિન્તુ ગ્રાહકશક્તિની ખીલવણીનો સવાલ છે.

જ્ઞાન સર્વવ્યાપક છે.
તેને ભૌતિક સ્થાન કે મર્યાદા બાધ કરતી નથી.
જ્ઞાનને સ્થિતિ છે પણ સ્થાન નથી.

ગ્રાહકશક્તિનો વિસ્તાર થવાથી જ્ઞાન ગમે તે સ્થાને
જઈ શકે છે તથા ગમે તે કાળને ગ્રહણ કરી શકે છે.

મન જ્ઞાન વડે પ્રદીપ્ત થાય છે અને
તે અજ્ઞાન વડે અંધ પણ થાય છે.

જ્ઞાનનો સંબંધ થતાં મન આત્માનુસંધાન સાધી લે છે
અને અજ્ઞાનથી આવૃત્ત થતાં સંસારની માયાથી લપટાય છે.

આપણું મન જો શુદ્ધ થાય,
તો કર્મ પણ શુભ અને સત્યનો હિતકારી થાય છે.
આપણું મન જો અશુદ્ધ થાય,
તો તે સ્વાર્થ અને અશુભ કાર્યો કરે છે.
રાગ, શોક, મદ, મોહ અને તેના વિરોધી ભાવો-
એ બધા જ મનની જ વૃત્તિઓ છે.
બુદ્ધિ, ચિત્ત, અહંકાર પણ તે જ છે.
સર્વ દૃશ્ય પદાર્થોનું મૂળ પણ મન છે.
હઠયોગમાં તેને કુંડલિની સ્વરૂપે પણ વર્ણવ્યું છે.
મન અભ્યાસથી (through practice) અને
વૈરાગ્યથી (through detatchment) એટલે કે
મોહમાયા મૂકવાથી રોકી શકાય છે.
કરુણા, મૈત્રી, દયા આદિ ગુણવાળા
સત્પુરુષોના સતત સંસર્ગથી
મનને વિષયવૃત્તિથી નિવૃત્ત કરી શકાય છે.

All the gurus have suffered all the hardships pleasantly because they were incessantly thinking for the wellbeing of others.

## બાહ્યમન - આંતરમન

આપણું આંતરમન એ જ ખરું મન કે બુદ્ધિસત્વ છે.
બાહ્યમન તેની એક કળા છે, જે દ્વૈતમાં રમે છે.
જ્યારે બાહ્યમન નિર્વ્યાપાર રહેય છે,
ત્યારે આંતરમન જાગ્રત થાય છે.
આંતરમન પોતાનો વ્યાપાર સતત કર્યા કરે છે અને
અસંખ્ય સંસ્કારોને ધારણ કરી રાખે છે.
નિદ્રામાં પ્રવેશ થતાં આપણે કાર્યક્ષેત્રથી દૂર થઈએ
અને કારણજગતના ક્ષેત્ર તરફ આગળ વધીએ છીએ.
આપણો અમર આત્મા અચિંત્ય અને અવ્યક્ત,
અને નિરંતર અપ્રતિહત વ્યાપાર કરે છે. આંતરજગત
એ ઉત્કૃષ્ટ, અચિંત્ય અને ખરું અસ્તિત્વ ધરાવે છે.
બાહ્યજગત દેશ, કાળ અને વસ્તુના પરિચ્છેદવાળું
તથા શબ્દ, રૂપ, રસ અને ગંધયુક્ત પરિણામવાળું છે.
આંતરજગતનું પ્રત્યક્ષ અંતર્લીન દ્વારા થાય છે.
ગુડાકેશ = જિતનિદ્ર મન.
એ ચૈતન્યમય સામર્થ્યોનો અનંત સાગર છે.
સઘળાં માનસિક પરિઘોનો સરવાળો એ બાહ્યમન છે.
અવ્યક્ત પરમાત્મા સાથે આપણો નિશ્ચિત સંબંધ છે.

તે અપરિચિત, વિશાળ, અતીન્દ્રિય, મનોગ્રાહ્ય, હૃદયદેશસ્થ છે,
તે નિદ્રામાં પણ સદા જાગ્રત છે, તેનો ખ્યાલ લેવો જોઈએ.

## ચૈતન્યમય અહંકાર

મનુષ્યની પરાધીનતા - બંધનોનો વિચાર જેમ આવશ્યક છે,
તેમ તેની શક્તિઓનો વિચાર પણ આવશ્યક છે.
મન ગમે તેટલા સંકલ્પ કરે, ચિત્ત ગમે તેટલા વિકલ્પ કરે,
બુદ્ધિ ગમે તેટલા નિશ્ચય યા કર્તવ્યાકર્તવ્યના વિભાગ કરે,
પરંતુ જ્યાં સુધી અહંવૃત્તિ - નિશ્ચયબળનો ઉદય ન થાય,
ત્યાં સુધી પ્રવૃત્તિ ઉદ્ભવે જ નહીં. અહંવૃત્તિવાળો અહંકાર
ચૈતન્યમય છે, તેથી જ સર્વ સામર્થ્ય તેમાં રહેલ છે.
[illegible]. જેમ સમુદ્ર પાણીથી ભરપૂર છે અને
તેમાં બીજાં પાણી આવીને પડે છે, તો પણ તે પોતાની
હદ મૂકીને છલકાઈ જતો નથી, તેવી અચળ શાંતિ રાખવી
સર્વ ભૂતમાત્રમાં આત્મવત્ ભાવથી પ્રીતિ રાખવી,
નકાર ભણાવો નહિ, ખંડન કે નિષેધ કરવા નહિ.
મૌનાવલંબી અને સર્વના શુભચિંતક થવું.
સકામ (સ્વાર્થ) અને ફળની આશાએ કર્મ કરનાર કરતાં
નિષ્કામ થઈને સ્વધર્મ સમજી ફળની સ્પૃહા વિના
કર્મ કરનાર ઉત્તમ છે.

સ્વાર્થથી સંકોચાયેલી મર્યાદા બહુ નાની હોય છે, નિષ્કામ
કર્મ કરનારાની સીમા વિસ્તીર્ણ, ઉન્નત, સદાગ્રહી હોય છે.
મનુષ્યને પોતે પરમ પ્રેમાસ્પદ હોવાથી પોતાના ઉપર
જેટલી પ્રીતિ છે, તેટલી બીજા કોઈ ઉપર હોતી નથી.
પોતાના સમાન સર્વ લોકોને ગણવાથી જે લોકહિત થાય,
તે બીજી કોઈ રીતે થઈ શકે નહિ.
સર્વેને સ્વસમાન ગણી સમદર્શી થવાનો પ્રયત્ન કરવો.
એ વિચારો પ્રમાણે વર્તતાં નિશ્ચયબળ વધે છે તથા
મનુષ્ય મટીને દેવ થવાય છે.

જે જે શાસ્ત્રો, વિદ્યાઓ તથા કળાઓ
અંતઃકરણને શુદ્ધ કરવામાં ઉપયોગી હોય,
તે બધાં શાસ્ત્રો, વિદ્યાઓ તથા કળાઓ ઉપયોગી છે.
જે કોઈ સાધક અંતઃકરણની શુદ્ધિ કરી શકે છે અને
લાભ આપી શકે છે, તે પરોક્ષ કે અપરોક્ષ રીતે ગ્રાહ્ય છે.
ઉચ્ચસ્થાને પહોંચવા નિશ્ચયબળ સ્વર્ગની નિસરણી છે.
પરમ વિજ્ઞાન અને સમસ્ત પુરુષાર્થની સિદ્ધિ માટે
આપણે સૌએ નિશ્ચયબળ કેળવવું જોઈએ.
ધાર્મિક શ્રદ્ધા અને મુક્ત વિચાર પરસ્પર પૂરક છે.
'માનસોપચાર' એટલે વિચાર વડે રોગ ટાળવાની પદ્ધતિ.

મનઃશક્તિ અને તન એક જોડકું છે.

પરનાં દુઃખો ટાળવાં અને
એમને સુખી કરવાં એ મનનો ખરેખરો સદુપયોગ છે.

દૂધ ઉપર મલાઈની જેમ
અવ્યક્ત બોધવાળું આંતરમન અને વ્યક્ત બોધવાળું
બાહ્યમન છે. આંતર તથા બાહ્યમન બન્ને સૂક્ષ્મ છે,
છતાં આંતરમન વધારે સૂક્ષ્મ છે.

આંતરમન અંદરના ભાગમાં રહેલું જ્ઞાન - સાધન છે,
બાહ્યમન જાગ્રતદશામાં બહારના જગતનું જ્ઞાન - સાધન છે.

અંતર્વૃત્તિ અને ઇંદ્રિયવૃત્તિ એમ અંતઃકરણના બે પ્રકાર છે.
અંતર્વૃત્તિ બુદ્ધિ છે, ઇંદ્રિયવૃત્તિ મન છે.

અંતર્વૃત્તિ કે બુદ્ધિ = કારણ, ઇંદ્રિયવૃત્તિ કે મન = કાર્ય.

આંતરમનનો વ્યાપાર આંતરસ્ફુરણ (Intuition) અને
પ્રતિભા છે, જેને આવેશ, સ્મૃતિ, લાગણીનો આશ્રય છે.
આંતરમનને તર્ક શક્તિ પ્રવર્તક ક્રિયાનું સામર્થ્ય નથી
પણ તે દ્યોતન (આત્મપ્રકાશ)ને વશ વર્તે છે.

'अस्ति, जायते, वर्धते, परिणमते, अपक्षीयते, म्रियते ।'
એ ષડ્ વિકાર છે.

પરાક્રમ કે સિદ્ધિની મહત્તા આશય કે ઉદ્દેશ ઉપર છે.

કાર્યસિદ્ધિમાં સદૈવ દુઃખ અથવા તો પરિશ્રમ કરતાં
આશય જ વધારે કિંમતી રહે છે.

V.Imp. આ જગતમાં વિશ્વવ્યવસ્થાપક સત્તા
કદી પણ કોઈનું કશું અહિત કરતી નથી.
જેને જે જે સુખ અથવા દુઃખ મળે છે,
તે તેના હિતને અર્થે જ મળે છે.

દુઃખમાં સુખબુદ્ધિ ધરનારને પ્રકૃતિ
'દુઃખ આપણું હિત જ કરે છે' એવા નિશ્ચયથી
દુઃખના સમયમાં પરમ પ્રસન્ન રહી શાંતિ રાખનારને
દુઃખ અપૂર્વ લાભ કરે છે અને
જે સુખ પોતાની પ્રસિદ્ધિ કોઈપણ પ્રકારના વિકલ્પને
ઉત્પન્ન કરતું નથી, તેવા સુખને પરિશ્રમ આપે છે.

o 'ધર્મ' એટલે આચાર - વિચારના નિયમો.

'મોક્ષ' એટલે શાશ્વત સુખ. તે સુખ આત્મભાવમાં છે.
સર્વત્ર ચૈતન્ય પ્રસરી રહ્યું છે.
તેની એકતા સમજ તેમાં અભેદ અનુભવવો.
તેમાં એટલે એ અભેદાનુભૂતિમાં રહેલું સુખ તે મોક્ષ.

આ પંચપરમેષ્ઠિ નમસ્કાર તે મારી
મનોવૃત્તિને રમણ કરવા માટે કલ્પવૃક્ષનું કાનન છે.

આપણા પૃથક્પણાના વિચારથી આપણે આપણી માનસિક ધરીઓ ઉપર જ ગતિ કરતાં હોવાથી આપણા પૃથક્ વ્યક્તિગત સ્વાર્થ, પૃથક્ લક્ષ્ય અને પૃથક્ સુખ - દુઃખના જ વિચાર કરવાથી સઘળાં સંતાપ પ્રકટ થાય છે.

વ્યક્તિગત પૃથક્ સંતોષ માટે નિરંતર પ્રયાસ કરવામાં ખરી શાંતિ નથી, ભલેને તે સંતોષ ઉચ્ચ પ્રકારનો હોય તો પણ તેમાં વ્યગ્રતા રહેલી જ છે. ખરી શાંતિ વ્યક્તિગત પૃથક્પણાને તિલાંજલિ આપીને સર્વ શક્તિમાન આપણા સર્વમાં અને આ જગતના સર્વ પ્રાણી - પદાર્થોના પ્રત્યેક અણુઅણુમાં વ્યાપી રહેલ પરમાત્મામાં એકતા સાધવામાં રહેલી છે.

'આપણે ભગવદ્ અંશ છીએ અને ભગવાનનાં સુખ તથા દુઃખ આપણા જ છે' તેવું જ્યારે ભાન થાય છે અને તે પ્રમાણે વર્તીએ છીએ, ત્યારે જ પરમ શાંતિનું રહસ્ય આપણા મનમાં આવ્યું ગણાય.

નિષ્કામ કર્મયોગથી ચિત્તશુદ્ધિ થાય છે અને તે પછી જ કર્મનો ત્યાગ થાય છે.

જ્યાં સુધી હલકી અભિલાષાઓ સાધકને બંધનકારક

રહે છે, ત્યાં શુદ્ધ આધ્યાત્મિક જ્ઞાનની પ્રગતિની કોઈ અભિલાષા ન સેવવી જોઈએ. આધ્યાત્મિક ઉન્નતિની તીવ્ર ઇચ્છાથી સાંસારિક બંધનમાંથી છૂટવાનું સામર્થ્ય મળે.

વિક્ષિપ્ત અહંકૃતિ દ્વારા લવાતા વિચારો

જ્ઞાનતંતુમાં આવેગ અને ધાક ઉત્પન્ન કરે છે, તેથી મનનો સ્થિર તથા શાંત વ્યાપાર અસંભવ બની જાય છે. થાકી ગયેલા જ્ઞાનતંતુઓ શાંત રહી શકતા નથી અને બુદ્ધિની જ અવગણના કરીને વ્યગ્રતાથી ગતિ કર્યા કરે છે. અહંએ પોતે જ કોઈ દુઃખદાયક વિચાર કર્યો અને અમુક ઉપયોગી નિશ્ચિત પરિણામ લાવવા પ્રયત્ન કર્યો, તેમાં તેને નિષ્ફળતા મળી અને વિચારને અટકાવ્યો, પરન્તુ તેને ઉકેલવાની ઇચ્છાથી તે અસંતુષ્ટ રહ્યો અને 'ભવિષ્યમાં આપત્તિ આવશે' એવી બીક ઘુસી ગઈ. આ બીક અહંને ચિન્તાતુર અને વ્યગ્ર રાખે છે તથા શક્તિનો અનિયમિત ઉભરો કઢાવે છે, એ પછી મનોમય કોશ અને મગજ આ શક્તિ અને ઇચ્છાની ઉશ્કેરણીથી અહંની આશા વિરુદ્ધ ગતિ કર્યા કરે છે અને નામંજૂર કરેલા સંસ્કારોને ધકેલ્યા કરે છે, તેથી તેની તે જ પરંપરા વારંવાર થયા કરે છે.

જેમ જેમ થકાવટ વધે છે, તેમ તેમ રોગ પ્રકટે છે.
આ ક્રિયા - પ્રતિક્રિયા થયા કરે છે, તેથી આપણે પોતાના
આશ્રિતોનો ગુલામ બનીને તેઓનો જુલમ સહન કરે છે.

વિક્ષેપની આ ખાડીમાંથી બચવા માટે
તેના જેવી જ બરાબર વિરુદ્ધ વિચારની ખાડી ખોદવી.
નિશ્ચયાત્મક, આગ્રહી, નિયમિત વિચારની ખાડી બનાવવી.

પથારીમાંથી ઊઠતાં જ તુરંત કોઈ
ઊંચા પ્રોત્સાહનવાળા વિચારને પાંચેક મિનિટ સેવવો કે:
'હું આત્મા છું, આત્મા આનંદસ્વરૂપ છે,
આત્મા સર્વશક્તિમાન છે,
હું આનંદસ્વરૂપ અને સર્વશક્તિમાન છું.'

વળી અંતરમાં એકદમ ઊંડા ઊતરીને
પરમાત્મા સાથે ઐક્ય ભાવનું ચિન્તન કરવું.
'પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ, અજરામર, સમર્થ,
અગાધ સાગર સમ ગંભીર, પ્રશાંત, અભેદ
પરમાત્મા સાથે ઐક્ય ધરાવે છે.
દેહની સાથે ભૂલથી તાદાત્મ્યભાવને પામ્યો છે.'
આ વિચારથી તે શાંતિના સાગરમાં ડૂબી જશે અને
તે જ તેની ખરી નૈસર્ગિક સ્થિતિ છે, તેમ અનુભવશે.

## જૈન એટલે વિજેતા.

વાસનાઓ - મનની ગુલામી - ભોગની વૃત્તિઓ ઉપર, વ્યક્તિગત સ્વાર્થ ઉપર વિજય મેળવવો, તે જૈનત્વ છે.

સાધુતા = અંદર રહેલા દેવત્વને જાગૃત કરવાની સાધના.

અસંવિભાગી ન હુ તસ્સ મોક્ખો | અર્થાત્: જે પોતાને પ્રાપ્ત થયેલ વસ્તુઓમાં બીજાને ભાગીદાર બનાવતો નથી, તેનો મોક્ષ થતો નથી. સંવિભાગ = સમ વિભાગ.

## અનેકાન્તવાદનો મહિમા

અનેકાંત વિચારપ્રધાન હોવાથી વિચારોમાં સમતા લાવે.

પોતાની અંદર રહેલ સમતાભાવને કેવી રીતે
અભિવ્યક્ત કરાય, તેનો માર્ગ સ્યાદ્વાદ બતાવે છે.

પોતાના વક્તવ્યની સાથે
'સ્યાત્' શબ્દનો પ્રયોગ બીજાના નિરૂપણની સત્યતા
અને સ્વતંત્રતાનો સ્વીકાર કરે છે.

આગ્રહના કારણે વૈમનસ્ય, શત્રુતા, હિંસાદિ જન્મે છે. અનેકાન્તવાદ અનાગ્રહનો, સમત્વનો ભાવ જન્માવે છે. તે બધાના સત્યને ગૌરવ અને પ્રતિષ્ઠા સમર્પે છે. અનેકાન્તવાદથી શત્રુને મિત્ર બનાવવાની કુશળતાની સાથે વિકાસની તરફ સતત ગતિશીલતા ટકી રહે છે.

## ધર્મ = અહિંસા, સંયમ અને તપ.

અહિંસામાં જીવદયા, નિર્મળ સ્નેહ, વિશ્વપ્રેમ સમાયા છે,
સંયમમાં મન અને ઇંદ્રિયોને
વશમાં રાખી સ્વાત્મારામતા - સ્વાત્મરમણતા રહેલી છે.
તપમાં તિતિક્ષા, સેવા,
આત્મચિન્તન, અધ્યયનાદિનો સમાવેશ થાય છે.
એ ત્રણેનું એકત્ર મળવું તે ધર્મ છે.
અહિંસાથી આસ્રવનિરોધ, સંયમથી સંવર અને
તપથી નિર્જરા સધાય છે, માટે તે પરમ મંગળ છે.

## અનેકાન્તવાદ અને સ્યાદ્વાદ

સત્યગ્રાહી મનુષ્ય જ સત્યાગ્રહી બનવા અધિકારી છે.
સ્યાદ્વાદ સિદ્ધાંત અનુસાર એકેકનો સત્યાંશ કબૂલ રાખી
પૂર્ણ સત્યનું શોધન કરવું, તે સ્યાદ્વાદનું કાર્ય છે.
સ્યાદ્વાદની કુંચી છે અનાગ્રહ.
અનાગ્રહ એ ન્યાયબુદ્ધિનું બીજું નામ છે, માટે
સર્વ ન્યાયમાં સ્યાદ્વાદ શ્રેષ્ઠ ન્યાય છે,
સર્વશ્રેષ્ઠ મધ્યસ્થ વૃત્તિ છે.
કુગ્રહનો પર્યાય શબ્દ છેઃ મમૈવ સત્યમ્ ।
'મમાऽપિ સત્યાંશઃ તવાપિ ।' એ સમાધાનનો માર્ગ છે.

## નિગોદમાં અનંત જીવ

આપણા હાથની આંગળીના અસંખ્યાત ભાગ
જેટલા આકાશમાં નિગોદના અસંખ્ય શરીર છે.
પ્રત્યેક શરીરમાં અનંત જીવ છે.
એકસાથે જન્મે છે, મરે છે, આહાર-નિહાર કરે છે
તથા એકસાથે શ્વાસોચ્છ્વાસ લે છે.
પ્રત્યેક જીવના અસંખ્ય પ્રદેશ છે.
પ્રત્યેક પ્રદેશે અનંત કર્મવર્ગણા છે.
પ્રત્યેક વર્ગણામાં અનંત-અનંત પુદ્ગલ પરમાણું છે.
પ્રત્યેકના ભાવનું પરિણમન જુદું છે, ષટ્સ્થાન પતિત છે.
નિગોદનો એક જીવ શુભ ભાવ પરિણમનથી મનુષ્ય થાય છે,
બાકી જીવ નિગોદમાં જ અનંતકાળ સુધી રહે છે.
પ્રત્યેક પુદ્ગલ પરમાણુંને પરિણમન પણ સ્વતંત્ર છે.
'સવ્વે સુદ્ધા હિ સુદ્ધણયા ।'
અર્થાત્: શુદ્ધ નયથી સર્વ જીવ શુદ્ધ છે.
જૈન દર્શન જીવમાત્રની અને
પરમાણુમાત્રની સ્વતંત્રતાનો સિદ્ધાંત સ્વીકારે છે.
નિશ્ચયનયથી સ્વતંત્રતા છે, વ્યવહારનયથી પરતંત્રતા છે.
બંનેનો સમન્વય તે જૈન સિદ્ધાંત છે.

'નમો અરિહંતાણં'માં... Dt. 22/5/70

અર્હંતભાવનો નમસ્કાર એ પરમાત્માનો નમસ્કાર છે.
પરમાત્મપદની પ્રાપ્તિમાં એ પરિણમે છે.
શરૂઆતમાં અર્હંતભાવનો નમસ્કાર ધ્યાનસ્વરૂપ હોય છે,
તે ઉત્થાન પામવાના સ્વભાવવાળી સમાધિરૂપ હોય છે.
જ્યારે એ નમસ્કાર પૂર્ણરૂપે પહોંચે છે,
ત્યારે સદાનું અર્હંત થાય છે.
એટલે નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે.
એ મેળવવા માટે ભારી જ્ઞાનાદિનો વિસ્તાર છે.

<u>આત્માના ત્રણ પ્રકાર: સ્વાત્મા, પરાત્મા, પરમાત્મા.</u>

(1) સ્વાત્માનું દમન કરી નિજસત્તાને પ્રગટ કરવા જોઈએ.
(2) પરાત્માનું રક્ષણ કરવું જોઈએ.
(3) પરમાત્માનું ભજન કરવું જોઈએ.

પ્રભુમૂર્તિના દર્શનમાં ચિત્ત તન્મય બની જાય,
તો પ્રભુ વિષયક અન્ય વિચારો રોકાઈ જાય છે,
તેથી એક નિર્વિચાર સ્થિતિ પ્રાપ્ત થાય છે.
તેમાં સ્વયં આત્માનું પરમાત્મસ્વરૂપે દર્શન થાય છે.
દૃશ્યથી અદૃશ્ય, સ્થૂલથી સૂક્ષ્મ અને સાલંબનથી નિરાલંબન
- એ ક્રમ છે, તે મૂર્તિ દ્વારા સિદ્ધ થાય છે.

પિંડસ્થ (દ્રવ્ય), પદસ્થ (નામ),
રૂપસ્થ (આકૃતિ) કે રૂપાતીત (ભાવ) ધ્યાન
એ ચારે પ્રકારના ધ્યાન દેશથી અદેશમાં લઈ જનારા છે,
સ્થૂલથી સૂક્ષ્મમાં લઈ જનારા છે તથા
આલંબનથી નિરાલંબનમાં લઈ જનારા છે, માટે કર્તવ્ય છે.

પ્રભુની મૂર્તિ, પ્રભુનું નામ અને પ્રભુના ગુણો
આપણને પ્રભુના ભાવ તરફ લઈ જાય છે અને
પ્રભુનો ભાવ પ્રભુના દ્રવ્ય સાથે સંબંધવાળો હોવાથી
અને પ્રભુનું દ્રવ્ય એ આપણું પોતાનું જ દ્રવ્ય હોવાથી
મૂર્તિના દર્શનમાં આપણું પોતાનું જ દર્શન થાય છે.
મૂર્તિના નામમાં આપણું પોતાનું નામ જ દેખાય છે.
પ્રભુના બિંબમાં આપણું જ સ્વપ્રતિબિંબ દેખાય છે.
વિચારથી નિર્વિચારમાં જવાની આ યોગસિદ્ધ પ્રક્રિયા છે.
યોગીપુરુષો એ પ્રક્રિયા દ્વારા જ યોગસિદ્ધ બને છે.

o ફળ નિત્ય છે માટે સત્ય છે,
જગત અનિત્ય છે માટે અસત્ય છે.
ધર્મ સત્ય છે, ધર્મફળ અસત્ય છે.

o

*Every soul has responsibility for others' life.*

ભગવાનની પ્રાપ્તિમાં ભગવાન જ ઉપાય છે,
આત્માની પ્રાપ્તિમાં આત્મા જ ઉપાય છે.
શરણાગતિ, પ્રપત્તિ, ભગવત્ કૈંકર્ય - એક જ વસ્તુ છે.
પશુતા અને દાનવતાનું દમન કરીને
પવિત્ર અને નિર્મળ બનવું તે ભગવત્ કૈંકર્ય છે.
કર્મયોગ કર્મફળમાં અનાસક્તિ માંગે છે,
જ્ઞાનયોગ કર્મત્યાગ - ભક્તિયોગ એકાગ્રતા માંગે છે.
પ્રપત્તિ ત્રણે યોગને સહાય કરે છે.
તે પ્રભુના બળ ઉપર મુસ્તાક છે.
આત્માપાલનનો અધ્યવસાય એ પ્રપત્તિભક્તિ છે.
માનવ એ કર્મોનું પૂતળું છે.
ભક્તિમાં કર્મ અને જ્ઞાનનો સમન્વય છે,
પ્રપત્તિમાં કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણેનો સમન્વય છે.
કર્મનું સ્થાન કૈંકર્ય લે છે,
જ્ઞાનનું સ્થાન અજ્ઞાનનો અંગીકાર અને
ભક્તિનું સ્થાન પાપનું ધામ, તેનો સ્વીકાર લે છે.
ન મે ભક્તઃ પ્રણશ્યતિ ।
'ગીતા'માં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે:
મારા ભક્તનું પતન ક્યારેય પણ થશે નહીં.

न धर्मनिष्ठोऽस्मि न चात्मवेदी
न भक्तिमांस्त्वच्चरणारविन्दे ।
अकिंचनो नान्यगतिः शरण्यं
त्वत्पादमूलं शरणं प्रपद्ये ॥ (परिशिष्ट-१०)

## સર્વ યોગમાં રહેલી શરતો

કર્મયોગમાં નિષ્કામતા, નિર્લિપ્તતા, નિરાસક્તિ શરત છે.

જ્ઞાનયોગમાં સ્થિતપ્રજ્ઞતા શરત છે.

ભક્તિયોગમાં અનવરત ધ્યાન એ શરત છે.

પ્રપત્તિયોગમાં અશરણતા, અસહાયતા તથા અકિંચનતા શરતો છે, તેથી સર્વને સુલભ છે. પ્રપન્નને માટે સર્વ કર્મોમાં ભગવત્કૈંકર્ય ભાવ એકમાત્ર શરત છે.

'आनुकूल्यस्य संकल्पः, प्रातिकूल्यस्य वर्जनम् ।'

અનુકૂળનો સંકલ્પ કરવો, પ્રતિકૂળનો ત્યાગ કરવો.

આજ્ઞાની આરાધના અને વિરાધનાનો ત્યાગ -
એ જ પ્રપત્તિભક્તિ છે.

ભક્તિયોગની દૃષ્ટિએ શરીર, પ્રાણ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ અને અહંકાર - એ સર્વ કાંઈ ભગવાનનું છે. જ્ઞાનયોગની દૃષ્ટિએ તે જડ પ્રકૃતિનું છે અને કર્મયોગની દૃષ્ટિએ એ બધું સંસારનું છે, પોતાનું નહિ.

આ અત્યસિદ્ધ વસ્તુ છે, તેને ન માનવું,
તે જ મોટી ભૂલ છે અને મિથ્યાત્વ છે અને
એથી મનની અસ્થિરતા અને દુ:ખોનું કારણ પણ છે.
એ ભૂલ મટી જાય તો પછી કેવળ આનંદ જ આનંદ છે.
ભક્તિયોગ એ objective side છે,
જ્ઞાનયોગ એ Subjective side છે અને
કર્મયોગ એ Subjective - objective side છે.

જુદા મતે ભક્તિ

નૈગમસંગ્રહના મતે ભક્તિ એ ભગવાનની સેવા છે,
ઋજુસૂત્રના મતે ભક્તિ, જ્ઞાન, શબ્દોચ્ચાર આદિ
ભજનની શક્તિ છે તથા
શબ્દાદિના મતે આત્મજ્ઞાન એ જ નૈશ્ચયિક ભક્તિ છે.
એક ભક્તિ ભગવાન પ્રત્યે ઝૂકે છે,
બીજી ભક્તિ ચિત્તવિશુદ્ધિને પ્રધાન માને છે,
ત્રીજી ભક્તિ આત્મજ્ઞાન સ્વરૂપ છે.
અહીં પ્રકારની ભક્તિ પરસ્પર
ગૌણ - મુખ્યભાવે સંકળાયેલી છે.
પ્રથમ ભક્તિ એ દાસ્યરૂપ છે,
બીજી સખ્યરૂપ છે અને ત્રીજી આત્મનિવેદનરૂપ છે.

ભક્તિમાર્ગમાં બધું સ્વામીનું, કર્મમાર્ગમાં બધું ઉદ્યમનું
અને જ્ઞાનમાર્ગમાં બધું આત્માનું છે.

ભક્તિમાર્ગ પ્રમાણે હું ભગવાનનો છું. કર્મમાર્ગ પ્રમાણે
ભગવાન મારા છે. જ્ઞાનમાર્ગ = આપણે બે એક છીએ.

<u>ભક્તિયોગમાં બધું ભગવાનનું છે.</u>

<u>જ્ઞાનયોગમાં બધું પ્રકૃતિનું છે.</u>

<u>કર્મયોગમાં બધું પોતાથી ભિન્ન ભાવનું છે.</u>

નૈગમ સંગ્રહના મતે જ્ઞાન શબ્દ ક્રિયા ભગવાનની છે.

ઋજુસૂત્રના મતે જ્ઞાન શબ્દ ક્રિયા ભક્તની છે.

શબ્દાદિના મતે જ્ઞાન શબ્દ ક્રિયા આત્માની છે.

<u>નૈગમનયના 3 ભેદ:</u> (૧) <u>અંશ</u> - સર્વ જીવ સિદ્ધ સમાન.
(૨) <u>આરોપ</u> - ચૈત્ર સુ - ૧૩ના વીર પ્રભુ જન્મ્યા.
(3) <u>વિકલ્પ</u> - વસતી, પ્રસ્થ અને પ્રદેશનું દૃષ્ટાંત.

<u>સંગ્રહનયના બે ભેદ: (૧) સામાન્ય (૨) વિશેષ.</u>

સામાન્ય સંગ્રહનય = સેના - વન ઇત્યાદિ.
દાતણ લાવ, કાગળ લાવ.

વિશેષ સંગ્રહનય = દાતણ સાથે પાણી, ભાજન વગેરે.
કાગળ સાથે ખડીયો, કલમ વગેરે.
સૈન્ય સાથે રાજા વગેરે, વનમાં વૃક્ષલતા વગેરે.

વ્યવહારનય: તે શુદ્ધ - અશુદ્ધ બે પ્રકારે.
કોયલ કાળી, પોપટ લીલો, બગલું ધોળું, ભમરો કાળો, હળદર પીળી, ગુલાબ સુગંધી, સૂંઠ તીખી, સાકર મીઠી, લોઢું ભારે, આંકડો હલકો, પાણી શીતળ, અગ્નિ ઉષ્ણ, ઘૃત સ્નિગ્ધ, રાખ રૂક્ષ. નિશ્ચયથી વર્ણ આદિ ૨૦ દરેકમાં હોય છે.

ઋજુસૂત્ર: તે ભૂત - ભાવિ ન માને, કેવળ વર્તમાનને માને.
ભાવનિક્ષેપને માને. પરવસ્તુ અવસ્તુવત્ માને.
સામાયિકમાં જે વિચાર ચાલે, તેને સત્ય માને.
'શેઠ ઢેડવાડે ગયા છે' અર્થાત્ વિચારથી ત્યાં છે.
જો ભાવથી ગૃહસ્થપણાને વખાણીએ,
તો ભાવથી ગૃહસ્થને સાધુ અને સાધુને ગૃહસ્થ કહી શકો.

શબ્દનય: તે શુદ્ધ ઉપયોગને માને.
વસ્તુમાં લિંગભેદ, વચનભેદે ભેદ માને.
શક્રેન્દ્ર, દેવેન્દ્રાદિ પર્યાયભેદે ભેદ ન માને.

સમભિરૂઢનય: તે શબ્દભેદે અર્થભેદ માને.
શક્ર સિંહાસન ઉપર બેસે ત્યારે શક્રેન્દ્ર, દેવો ઉપર આજ્ઞા માન્ય કરાવે ત્યારે દેવેન્દ્ર, હાથમાં વજ્ર લઈ પુર વિદારણ કરે ત્યારે પુરંદર, ઇંદ્રાણી સાથે સુખ ભોગવે ત્યારે શચીપતિ. અંશ ન્યૂનને પૂર્ણ માને.

એવંભૂત નય : તે પૂર્ણ વસ્તુને પૂર્ણ માને તથા
અંશ ન્યૂનને અવસ્તુ માને.

શબ્દાદિ પોતાના કાર્યમાં ઉપયુક્ત હોય,
ત્યારે કાર્યને કાર્ય માને. જલયુક્ત ઘટને ઘટ માને.

'હું લોકમાં રહું છું' એમ સામાન્ય નૈગમવાળો કહે છે.
વિશેષ નૈગમ કહે છે:
'તીર્છાલોક, જંબૂદ્વીપ, ભરતક્ષેત્ર, મધ્યખંડ, મગધ દેશ,
પાટલીપુત્ર નગર, વાહીપાટક, પોતાના ઘરમાં હું રહું છું.'
ત્યાં શુદ્ધ નૈગમ.

સંગ્રહ - સંથારામાં, વ્યવહાર - શરીરમાં, ઋજુસૂત્ર
પોતાના સૂક્ષ્મ - બાદર પરિણમનમાં, શબ્દ - પોતાના
ગુણોમાં, સમભિરૂઢનય - જ્ઞાનદર્શનમાં અને એવંભૂતનય
- પોતાની આધ્યાત્મસત્તામાં રમણ કરનાર કહેવાય છે.

નૈગમનય પલ્યના કાષ્ઠને પલ્ય માને.
સંગ્રહનય સામગ્રીને તથા વ્યવહારનય પલ્યને પલ્ય માને.
ઋજુસૂત્ર ધાન્ય ભરેલા પલ્યને પલ્ય માને.
શબ્દનય ધાન્યની ગણત્રીને પલ્ય માને.
સમભિરૂઢ ઉપયોગને પલ્ય માને અને
એવંભૂતનય સર્વમાન્ય પલ્યને પલ્ય માને.

## જીવ ઉપર ૭ નય

(૧) જીવ શબ્દ (૨) અસંખ્યાત પ્રદેશ (૩) ત્રસ - સ્થાવર
(૪) સુખ - દુઃખવેદક સંજ્ઞી જીવ (૫) ક્ષાયિકભાવ
(૬) કેવળજ્ઞાન (૭) સિદ્ધત્વ.

## સામાયિક ઉપર ૭ નય

(૧) સામાયિકનો સંકલ્પ (૨) ઉપકરણ
(૩) સામાયિક દંડકનો ઉચ્ચાર (૪) સમતા પરિણામ
(૫) ૭ પ્રકૃતિના ક્ષય - ક્ષયોપશમ
(૬) વીતરાગભાવ (૭) સિદ્ધભાવ

## ધર્મ ઉપર ૭ નય

(૧) 'ધર્મ' શબ્દ જ્યાં હોય તે સર્વ ધર્મવાળા
(૨) કુળાચાર (૩) પુણ્યકરણી (૪) અનિત્ય ભાવના
(૫) સમ્યગ્દ્રષ્ટિ ક્ષયોપશમ ભાવ
(૬) ક્ષાયિકભાવ (૭) સિદ્ધ પરમાત્મા.

## 'કોઈને બાળક વાગ્યું' તેમાં બાળક ઉપર ૭ નય

(૧) નૈગમનય બાળકને દોષિત માને
(૨) બાળક ફેંકવાવાળાને (૩) ગ્રહચારને (૪) પોતાના કર્મને
(૫) કર્મનો કર્તા પોતાનો જીવ (૬) ભવિતવ્યતા જ્ઞાનીઓનું
જ્ઞાન (૭) જીવને સુખ - દુઃખ નથી, જીવ આનંદઘન છે.

## રાજા ઉપર ૭ નય

(૧) શરીરની રેખાઓને (૨) રાજકુળને (૩) યુવરાજ પદને
(૪) રાજકાર્યમાં પ્રવૃત્તને (૫) સિંહાસનારૂઢને
(૬) રાજસભા કરે તે વખતે (૭) રાજ્યના ભોગવટા વખતે.

o નામનિક્ષેપની અપેક્ષાએ
સ્થાપનાનિક્ષેપ વિશેષ બળવાન કારણ છે.
(૧) લોકનું નામ - લોકનો નકશો.
(૨) અરિહંતનું નામ - અરિહંતની મૂર્તિ.
(૩) જંબૂદ્વિપનું નામ - નકશો.

o દ્રવ્ય - ગુણ - પર્યાય. o દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ.
કાળથી ક્ષેત્ર, ક્ષેત્રથી દ્રવ્ય અને દ્રવ્યથી ભાવ અધિક સૂક્ષ્મ છે.
દ્રવ્ય - ભાવ = દ્રવ્ય મૂળ વસ્તુ, ભાવ પર્યાય છે.
કારણ - કાર્ય = દ્રવ્ય એ કારણ છે, ભાવ કાર્ય છે.

નિશ્ચય - વ્યવહાર = વ્યવહાર બળવાન છે.
વ્યવહારથી ઘડો ચાલે - નિશ્ચયથી પાણી ચાલે છે.
વ્યવહારથી કર્મનો કર્તા, નિશ્ચયથી નિજગુણનો કર્તા.
વ્યવહારથી ગામ આવ્યું, નિશ્ચયથી પોતે આવ્યો.
વ્યવહારથી ગાડી ચાલે, નિશ્ચયથી બેલ ચાલે.
વ્યવહારથી મેઘ વરસે, નિશ્ચયથી પાણી વરસે.

સૂત્ર શ્રી જ્ઞાતાજી અધ્યયન - ૮ માંથી

તીર્થંકર નામકર્મ બંધનાં ૨૦ કારણો

જેટલા તીર્થંકર થયા અને થશે,

તે નીચેના ૨૦ પદોની આરાધના વડે થયા છે:

(૧) અરિહંતપદ : ૐ નમો અરિહંતાણં | ૧૨

શ્રી અરિહંત ભગવંતના ગુણસ્તવનાદિ કરવા વડે.

(૨) સિદ્ધપદ : ૐ નમો સિદ્ધાણં | ૩૧

શ્રી સિદ્ધ ભગવંતના ગુણસ્તવનાદિ કરવા વડે.

(૩) પ્રવચનપદ : ૐ નમો પવયણસ્સ | ૧૨ - ૨૭

પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિ તથા અષ્ટપ્રવચન માતાનું

સમ્યક્ પ્રકારે આરાધન કરવા વડે.

(૪) સૂરિપદ : ૐ નમો આયરિયાણં (સૂરીણં) ૩૬

શ્રી ગુણવંત ગચ્છ મહારાજના ગુણાનુવાદ કરવા વડે.

(૫) સ્થવિર પદ : ૐ નમો થેરાણં | ૧૦

શ્રી સ્થવિર ભગવંતના ગુણસ્તવનાદિ કરવા વડે.

(૬) પાઠક પદ : ૐ નમો ઉવજ્ઝાયાણં | ૨૫

શ્રી બહુશ્રુત - ગીતાર્થોના ગુણસ્તવનાદિ કરવા વડે.

(૭) સાધુ પદ : ૐ નમો લોએ સવ્વસાહૂણં | ૨૭

શ્રી તપસ્વી સાધુઓના ગુણસ્તવનાદિ કરવા વડે.

(૮) જ્ઞાનપદ : ૐ નમો નાણસ્સ | ૫૧

ભણેલા - ગણેલા જ્ઞાનને વારંવાર ચિંતવવા પડે.

(૯) દર્શનપદ : ૐ નમો દંસણસ્સ | ૬૭

નિર્મળ સમ્યગ્દર્શનનું આરાધન કરવા પડે.

(૧૦) વિનયપદ : ૐ નમો વિનયગુણસંપન્નસ્સ | ૫૨

૭ અથવા ૧૩૪ પ્રકારનો વિનય કરવા પડે.

(૧૧) ચારિત્રપદ : ૐ નમો ચારિત્તસ્સ | ૭૦

ઉભયકાળ પ્રતિક્રમણ - આવશ્યક આદિ કરવા પડે.

(૧૨) બ્રહ્મચર્યપદ : ૐ નમો બંભવયધારિણં | ૧૮

અંગીકાર કરેલ વ્રત - નિયમાદિ નિર્મલ પાલન કરવા પડે.

(૧૩) ક્રિયાપદ : ૐ નમો કિરિયાણં | ૨૫

ધર્મધ્યાન - શુક્લધ્યાન કરવા પડે.

(૧૪) તપપદ : ૐ નમો તવસ્સ | ૧૨

બાર પ્રકારનો તપ કરવા પડે.

(૧૫) ગોયમપદ : ૐ નમો ગોયમસ્સ | ૧૧

અભયદાન - સુપાત્રદાન દેવા પડે.

(૧૬) જિનપદ : ૐ નમઃ શ્રી વિદ્યમાન જિનેશ્વરાય | ૨૦

ૐ નમો જિણાસ્સ |

દશ પ્રકારની વૈયાવચ્ચ કરવા પડે.

(૧૭) સંયમપદ : ૐ નમઃ શ્રી સંયમસ્સ | ૧૭

ૐ નમો સંયમસ્સ |

ચતુર્વિધસંઘને સમાધિ દેવા પડે.

(૧૮) અભિનવ જ્ઞાનપદ : ૐ નમો અભિનવનાણસ્સ |

૫ - ૫૧ : નવું નવું અપૂર્વ જ્ઞાન ભણવા પડે.

(૧૯) શ્રુતપદ : ૐ નમો સુઅસ્સ | ૨૦

સૂત્ર - સિદ્ધાંતની ભક્તિ - સેવા કરવા પડે.

(૨૦) તીર્થપદ : ૐ નમો તિત્થસ્સ | ૩૮

મિથ્યાત્વનો નાશ અને સમ્યક્ત્વનો ઉદ્યોત કરવા પડે.

આ ૨૦ પદોમાં પાંચ પરમેષ્ઠિ અને
પાંચે પરમેષ્ઠિનો નમસ્કાર આવી જાય છે.

અરિહંત, સિદ્ધ,
સૂરિ, સ્થવિર, પાઠક, સાધુ અને પ્રવચન
એટલે કે તેમને નમસ્કાર કરનાર ચતુર્વિધ સંઘ -
ત્યારબાદ જ્ઞાન, દર્શન, વિનય,
ચારિત્ર, બ્રહ્મચર્ય, ક્રિયા,
તપ, ગૌતમ, વિહરમાન જિન, સંયમ,
અભિનવ જ્ઞાન, શ્રુત અને તીર્થ -
એ બધાં પદો નમસ્કારમય છે.

## પ્રવચનપદના ૨૭ ગુણ

૫ મહાવ્રત, ૧૨ દેશવિરતિ વ્રત, ૧૦ વિધિ - ઉદ્યમ - ભંગ - વર્ણન - ઉત્સર્ગ - અપવાદ - તદુભય - સર્વનય સમૂહાત્મક - સપ્તભંગી રચનાત્મક - દ્વાદશાંગ ગણિપીટક.

## આચાર્યપદના ૩૬ ગુણ

૧૪ પ્રતિરૂપાદિ ગુણધર, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવનાયુત.

## સ્થવિરપદના ૧૦ ગુણ

(૧) લૌકિક સ્થવિર (૨) દેશ સ્થવિર (૩) ગ્રામ સ્થવિર
(૪) કુલ સ્થવિર (૫) લૌકિક કુલ સ્થવિર
(૬) લૌકિક ગચ્છ સ્થવિર (૭) સંઘ સ્થવિર
(૮) પર્યાય સ્થવિર (૯) શ્રુત સ્થવિર (૧૦) વય સ્થવિર.

## તીર્થપદના ૩૮ ગુણ

૫ મહાવ્રતધારક, ૬ જીવનિકાય રક્ષક,
૪ કષાય નિગ્રહકારક, ૨ રાગ - દ્વેષાંશરહિત,
૨૧ દેશવિરતિ શ્રાવક ગુણસહિત.

## દેશવિરતિ શ્રાવકના ૨૧ ગુણ

લજ્જા, દયા, મધ્યસ્થતા, અક્રૂરતા (સૌમ્યતા), ગુણરાગતા, અતિ ગંભીરોદારતા, સંપૂર્ણ અંગોપાંગતા, પ્રકૃતિ સૌમ્યતા (દાક્ષિણ્યતા), પરોપકૃતિ કર્મઠતા,

સૌમ્યદૃષ્ટિ મધ્યસ્થતા, અશુભ કથકવર્જતા, વૃદ્ધાનુસારિતા,
સુપક્ષતા, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા, વિનયકારિતા,
કૃતજ્ઞતા, લોક - ધર્મ વિરુદ્ધ વર્જનતા (જનપ્રિયતા),
પાપભીરુતા, લૌકિક પર તીર્થ વર્જનતા (લબ્ધલક્ષ્યતા),
અવંચકતા - વિશ્વસનીયતા - અશઠતા = આમ ૨૧ ગુણ.

પંચપરમેષ્ઠિમાં ઇચ્છા - મૂર્છાનો અભાવ

(૧) વીતરાગમાં ઇચ્છાનો અભાવ છે, કેમકે
તે પૂર્ણતાને અનુભવે છે.

(૨) નિર્ગ્રન્થમાં મૂર્છાનો અભાવ છે, કેમકે
તેમને પૂર્ણ થવાની ઇચ્છા છે,
તેથી અપૂર્ણ અવસ્થા ઉપર મૂર્છા - મમત્વભાવ હોતો નથી.
પૂર્ણ થવાની સાધનની પણ ઇચ્છા છે, કિન્તુ મૂર્છા નથી.
મૂર્છા એ ગ્રન્થિ છે. તે જેમની તૂટી ગઈ છે તે નિર્ગ્રન્થ.

તીર્થને બનાવનાર તીર્થંકર બને છે.
તારે તે તીર્થ અને તરે તે તત્ત્વ.
તરનાર પોતે છે અને તારનાર જગત બધા છે.
પોતા સિવાય જગત બધા પોતાને તીર્થરૂપ લાગે,
ત્યારે તે તીર્થંકર નામકર્મ બાંધે.
રત્નત્રય તે ભાવતીર્થ છે.

રત્નત્રયને ધારણ કરનાર પુરુષો અને
તેને ધારણ કરવા માટેની સામગ્રી એ સાક્ષાત્ તીર્થ છે,
તેથી તેમના પ્રત્યે પૂજ્યતાનો વ્યવહાર ઉચિત છે.
તે શિવમાર્ગનું વિશ્વત્રય એ પરંપરાએ તીર્થ છે,
તેથી નિશ્ચયથી તીર્થ છે.
નિશ્ચય હૃદયમાં ધારણ કરવાનો હોય છે, જ્યારે
વ્યવહાર વચન - કાયાથી કરવાનો હોય છે.
ભેદદૃષ્ટિ વિશેષાત્મક 'વ્યવહાર' છે,
અભેદદૃષ્ટિ સામાન્યાત્મક 'નિશ્ચય' છે.

બંને નયોનું પ્રમેય

(૧) સામાન્ય - વિશેષાત્મક (૨) ભેદાભેદાત્મક
(3) તદતદ્રૂપાત્મક (૪) નિત્યાનિત્યાત્મક
(૫) એકાનેકાત્મક યુગપત્ છે.
વસ્તુસ્વરૂપ ઉભયનયનો વિષય છે,
અનુભવ બંને નયથી અતીત છે.
વ્યવહાર તથા નિશ્ચયને વાચ્ય - વાચક,
દ્યોત્ય - દ્યોતક અને સાધ્ય - સાધક સંબંધ છે.
'વ્યવહારનય સર્વથા સત્ય નથી'
એમ માનવાથી સંસાર સ્વપ્નવત્ મિથ્યા બને (અદ્વૈત)

અથવા આત્મા પુષ્કરપલાશવત્ નિર્લેપ બને (સાંખ્ય),
પરંતુ તેમ તો છે નહિ. આત્માને અને વિકૃતિ - ને
બે ભિન્નધારા નહિ, કિન્તુ પરસ્પર અવિનાભાવ છે.

ये ऽयजन्ते श्रुतं भक्त्या ते यजन्तेऽञ्जसा जिनं ।
न किंचिदन्तरं प्राहुराप्ता हि श्रुतदेवयोः ॥ (પરિશિષ્ટ-૧૧)

સ્વાનુભૂતિપૂર્વક નિર્વિકલ્પ થવા બાદ
ભેદ - અભેદનો વ્યપદેશ આપોઆપ મટી જાય છે.
જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન તથા પરભાવનિષેધરૂપનું
વિધાન - ઉભય મળીને મોક્ષમાર્ગ બને છે.

शुद्ध चिद्रूपाय नमः ।

અર્થાત્ : શુદ્ધ ચિતસ્વરૂપને નમસ્કાર થાઓ.
'बुद्धेः फलं स्वात्महिते प्रवृत्तिः ।' અર્થાત્ :
બુદ્ધિનું ફળ પોતાના આત્મહિતમાં પ્રવૃત્તિ કરવી તે છે.

સમ્યગ્દર્શનની અપેક્ષાએ મુનિ યા સમ્યગ્દૃષ્ટિ
ભવ્યાત્માને શુદ્ધાત્મા આશ્રય કરવા યોગ્ય છે, પરન્તુ
ચારિત્રની અપેક્ષાએ મુનિને શુદ્ધાત્મ પરિણતિ મુખ્ય છે,
શુભોપયોગ ગૌણ છે અને
સમ્યગ્દૃષ્ટિને અશુભ વંચનાર્થ શુભોપયોગ મુખ્ય અને
શુદ્ધાત્મ પરિણતિ ગૌણ છે.

શુદ્ધાત્મ દ્રવ્યના મંદ આલંબનથી
અશુભ પરિણતિ શુભ બને છે અને
ઉગ્ર આલંબનથી શુભ પરિણતિ શુદ્ધ બની જાય છે.

જિનભક્તિનો ભાવ અને જ્ઞાનીઓનો ભાવ -
એ શુભોપયોગ રૂપ છે.

શુભોપયોગમાં અશુભ નિવૃત્તિનો અંશ હોવાથી નિર્જરાનું
અને રાગનો અંશ હોવાથી અલ્પબંધનું કારણ છે.

અપૂર્ણ પણ રત્નત્રયમાં જે શુભોપયોગ છે, તેનાથી જે
કર્મબંધ થાય, તે બંધનનું નહિ પણ મોક્ષનું કારણ બને.

પૂર્વપર્યાય ઉત્તરપર્યાય માટે ઉપાદાન બની જાય છે.
'અભાવ' નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ છે નહિ.
ઉત્તરપર્યાયની સત્તા એ જ પૂર્વપર્યાયનો અભાવ છે.

ઉપાદાનકર્તા પૂર્વપર્યાય બને.
નિમિત્તકર્તા સ્વ દ્રવ્યના અન્ય પર્યાય તથા
અન્ય દ્રવ્યોના અનેક પર્યાય બને.

ઉપાદાનકર્તા બે ન હોઈ શકે પણ ઉપાદાનકર્તા
અને નિમિત્તકર્તા - એમ બે કર્તા માનવામાં હરકત નથી.

મિથ્યાત્વની અતિ ક્ષીણ અનુભાગવાળી દશા
સમ્યક્ત્વનું ઉપાદાન કારણ છે. અભાવ નહિ, પાછળ

રહેવાવાળા વ્યવહાર - નિશ્ચય કારણ - કાર્યરૂપ છે,
એક સાથે રહેવાવાળા વ્યવહાર - નિશ્ચય ભેદાભેદરૂપ છે.

શુભભાવને વિષે કષાય મંદ હોય છે અને
અશુભભાવને વિષે કષાય તીવ્ર હોય છે.

એ દૃષ્ટિએ અશુભની અપેક્ષાએ શુભ પ્રશંસનીય છે.
'ઘણા રોગની અપેક્ષાએ થોડો રોગ સારો' એ ન્યાય
ઘટાવવો. રાગાદિના કારક નહિ પણ જ્ઞાયક તે જ્ઞાની
અને કારક તે અજ્ઞાની છે.

સ્વભાવશક્તિ એ આત્માની છે,
તેમ વિભાવશક્તિ પણ આત્માની પોતાની જ છે.
પરદ્રવ્યના સંબંધથી તે પ્રગટ થાય છે. કેવળ ઉપાદાનની
તાકાત નથી કે નિમિત્ત વિના જ તે પરિણમી જાય.

ઉપાદાન વિના નિમિત્ત પણ અકાર્યકારિ છે.
ઉપાદાનનો પોતાના પર્યાયો સાથે વ્યાપ્ય - વ્યાપક સંબંધ છે,
નિમિત્ત સાથે નહિ.

અંતર્વ્યાપ્તિ પોતાની - બહિર્વ્યાપ્તિ નિમિત્તની સાથે છે.
દૃષ્ટાંત : મૃત્તિકા અને કુંભકાર.

સમ્યગ્દૃષ્ટિનો શુભોપયોગ હો કે અશુભોપયોગ હો,
કિન્તુ તેમાં શુદ્ધોપયોગનો અંશ હોય જ છે, કારણ કે
અનંતાનુબંધી કષાય ગયા છે.

જ્યાં શુદ્ધોપયોગનો અંશ પ્રગટ થયો છે,
ત્યાં મોક્ષકારણતા રહેલી જ છે.
કારણતા છે, પ્રગટતા હો યા ન હો.

સમ્યગ્દૃષ્ટિનો જેટલો શુભોપયોગ, તે બંધનું કારણ અને જે શુદ્ધોપયોગ તે નિર્જરા અને મોક્ષનું કારણ છે.

'સમ્યગ્દૃષ્ટિ અને મંદ મિથ્યાદૃષ્ટિનો શુભોપયોગ સર્વથા, બંધનું જ કારણ છે' એ વાત બરાબર નથી.

ભગવાનના ગુણોનું વર્ણન તો દૂર રહો પણ સ્મરણ પણ થઈ જાય, તો તે સંસાર વિચ્છિત્તિનું કારણ છે.

સ્તવન, ગુણાનુરાગ તથા ભક્તિ અનિવાર્ય છે. ગુણોને વિષે અનુરાગ એ કોઈપણ કષાયની પુષ્ટિ કરતો નથી.

ભગવાનની ભક્તિમાં અનંત જ્ઞાનાદિ ગુણોનું સ્મરણ છે.
એ સ્મરણમાં ક્યા કષાયની પુષ્ટિ થાય છે?
ક્રોધ, માન, માયા કે લોભ?

એ ચારમાંથી એક પણ કષાયની પુષ્ટિ થતી નથી.
પ્રત્યુત પ્રભુગુણોના સ્મરણથી અરિહંતના દ્રવ્ય - ગુણ - પર્યાયનું જ્ઞાન થાય છે, તે સાક્ષાત્ અરિહંત છે.

પરોક્ષમાં ગુણસ્મરણ અને
સાક્ષાત્માં દ્રવ્ય - ગુણ - પર્યાયનું જ્ઞાન થાય છે.

મિથ્યાદૃષ્ટિને પણ પ્રભુભક્તિથી અસ્થાને કુદેવાદિમાં રાગ
થતો નથી અને પોતામાં તીવ્ર રાગાદિ જબર થતા નથી,
એમ ઉભય પક્ષે ઉપકારક છે.
જેઓ શ્રેણી માંડે છે, તેમને તો વસ્તુવિચાર છે.
કેવળ આત્મા તરફ દૃષ્ટિ છે.
રાગ - દ્વેષ રૂપી વિષ ચાલ્યું ગયું છે, તેથી
તેના પ્રતિકાર રૂપ શુભોપયોગની ત્યાં જરૂર નથી.
ભગવાનની ભક્તિ તથા ગુણોનું ચિન્તવન કરવાથી
રાગ - દ્વેષ રૂપી વિષની નિવૃત્તિ થાય છે,
તેથી તે અવશ્ય કર્તવ્ય છે.

26 - 5 - 70

प्रसन्नेन मनसोपास्यमानो
भगवान् प्रसन्न इत्यभिधीयते। અર્થાત્: પ્રસન્ન મન વડે
ઉપાસના કરાતા 'ભગવાન પ્રસન્ન થયા' એમ કહેવાય છે.
श्रेयो मार्गस्य संसिद्धिः प्रसादात्परमेष्ठिनः ।
इत्याहुस्तद्गुणस्तोत्रं शास्त्रादौ मुनिपुंगवाः ॥२॥
- आप्तपरीक्षा - विद्यानंदस्वामी
तव पादौ मम हृदये मम हृदयं तव पदद्वये लीनं ।
तिष्ठतु जिनेन्द्र! तावद्यावन्निर्वाणसंप्राप्तिः॥ (परिशिष्ट-१२)

सर्वं खल्विदं ब्रह्म नेह नानाऽस्ति किंचन ।

એ જ્ઞાનનું પ્રકાશક - દૃષ્ટિગત જ્ઞાનનું પ્રકાશક છે

અકૃત્રિમ શુદ્ધ ચૈતન્ય તે બ્રહ્મ છે.

ઇચ્છા વિના ઉપભોગ કરવો એ જ્ઞાનીનું લક્ષણ છે
અને ઉપભોગની ઇચ્છા કરવી એ અજ્ઞાનીનું લક્ષણ છે.
ઇચ્છારહિત ઉપભોગ થવો, તે પરાપરાધ છે અને
ઉપભોગની ઇચ્છા, તે સ્વાપરાધ છે. सम्यक् चारित्रम् ।
'સમ્યક્' શબ્દનો પ્રયોગ શ્રદ્ધાની યથાર્થતા સાથે અને
'ચારિત્ર' શબ્દનો પ્રયોગ વર્તનની યથાર્થતા સાથે છે.

જ્ઞાનને જ્ઞેયની સાથે જ્ઞેય - જ્ઞાયક સંબંધ છે,

કાર્ય - કારણ સંબંધ નહીં.

સમયસાર - સિદ્ધાંતસાર - શુદ્ધ આત્મા અથવા
શુદ્ધ આત્માને નમસ્કાર. શુદ્ધ આત્મસ્વરૂપ પરિજ્ઞાન.
अन्वय - व्यतिरेक - गम्यौ हि कार्यकारणभावः ।
કાર્યકારણભાવ અન્વય તથા વ્યતિરેક દ્વારા જણાય છે.
સુખ - દુઃખનું કારણ શાતા - અશાતા વેદનીય કર્મનો
અને જીવન - મરણનું કારણ આયુષ્ય કર્મનો ઉદય.

'રાગાદિ આત્મસ્વરૂપ છે' એમ અજ્ઞાની માને છે.
જ્ઞાની તેને કર્મનો વિપાક માને છે, એટલો તફાવત છે.

કર્મ એ પરદ્રવ્યનો સંબંધ છે, માટે વિભાવ છે.
સત્સંગતિ = સમાગમ. તે અધિક ગુણવાળા સાથે થાય.
સંસારી જીવ નીચેના ૪ પ્રાણ સહિત રહે છે:
ઇંદ્રિય, બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ.

दर्शनेन जिनेन्द्राणां पापसंघातकुंजरम् ।
शतधा भेदमायाति गिरिर्वज्रहतो यथा ॥ અર્થાત:

જેવી રીતે વજ્રથી હણાયેલા પર્વતના સેંકડો ટુકડા થઈ જાય, એવી રીતે પરમાત્માના દર્શનથી પાપસમૂહ રૂપી હાથીના સેંકડો ટુકડા થઈ જાય છે અર્થાત સર્વ પાપ નાશ પામે છે.

o

meditation of God should be in His presence. Process of contemplation would not be finalised until it is done in the presence of the Lord.

Ask, seek and knock in faith.
For everyone who asks receives, and he who seeks finds and to him who knocks, it will be opened.
Jain munis have neither attachment nor ill-will towards others.

V. Imp.

## સાધકને થતાં ગૂઢ અનુભવો

આધ્યાત્મિક માર્ગે વિચરતા સાધકને
તેના શ્રમના ફળ રૂપે જૂદા જૂદા ગૂઢ અનુભવ થશે;
જેવા કે અનાહત ધ્વનિ, સંગીત, મુરલીનાદ, ઘંટનાદ આદિ.
આ નાદતત્ત્વના અનુભવ થાય પછી તે નાદનો સ્વામી,
જે પરમેશ્વર છે, તે નાદ સ્વરૂપે દૃશ્યમાન થાય છે.

નાદ પછી દર્શન, તેજ:પુંજ, રંગબેરંગી પ્રકાશ,
આધ્યાત્મિક અષ્ટાંગ - સ્નાન, અમૃતપાન, દિવ્ય સુગંધ,
મુક્તાફળ, કમળ દૃશ્ય વગેરેનો પણ અનુભવ થાય છે.

ધ્યાન ધરતાં સાધક સમક્ષ પ્રકાશ દેખાશે,
તેના અંદર મૂર્તિનાં દર્શન થશે.
સાધકે તેને તન અને મન સમર્પણ કરવું.
આ જ કોઈના પણ આધાર વિનાનો
સર્વના આધાર સ્વરૂપ પરમાત્મા છે.

આત્મજ્ઞાનમાં જ સર્વ પ્રકારનાં જ્ઞાન રહેલાં છે.
ધ્વનિમાંથી શબ્દ અને શબ્દમાંથી અર્થ નિષ્પન્ન થાય છે.
Advanced study માટે groups થવા જોઈએ.
જેમાં વાંચના અને પૃચ્છનાથી અભ્યાસ પરાવર્તના દ્વારા
અનુપ્રેક્ષા પ્રકટાવી શકાય.

'સામાયિક'નો ખરો અર્થ ૐ 4-6-70

'સામાયિક' એટલે સમતા તો ખરી જ, કિન્તુ સામાયિક એ Cosmic spiritual healingની method છે. સામાયિક is to sit in deep silence, innermost quietude and peacefully waiting for God - prabhu.

અંતરાત્માની પરમાત્મા માટેની પ્રતિક્ષા એ સામાયિક છે.
અંતરાત્માનું પરમાત્મા સાથેનું મિલન એ સામાયિક છે.
અંતરાત્માનું પરમાત્મા સાથેનું તાદાત્મ્ય એ સામાયિક છે.

અહં જેટલો જેટલો ઓગળે છે,
તેટલું એ પરમતત્ત્વ પ્રગટતું જાય છે.
એ પરમ પ્રકાશ આપણામાં કાર્યકારી બને અને
આપણા દ્વારા કાર્યકારી બને અને
આપણા રૂપે કાર્યકારી બને, તે માટેની
એકમાત્ર અમોઘ પ્રક્રિયાનું નામ 'સામાયિક' છે.
આવા અનુપ્રેક્ષાથી વારંવાર કરવા વડે
દ્રવ્યસામાયિક એ ભાવસામાયિકમાં પલટાય છે.
ભાવસામાયિક ભાવ સામાયિકનું કારણ બનીને,
મોક્ષનું પરમ અંગ બને છે.

Faith is the perceiving power of mind linked with a power to shape substance & Religion is a human - divine relationship.

Man is worthless corporatly. He is a spiritual creature according to the kingdom of heaven that is within him.

Faith is the extension of reason known to unknown.

Man is an infinite being without any limitations.

0 આપણા પ્રેમનો આદર્શ એકરૂપતાનો આદર્શ પ્રેમની ભાવના દ્વારા સંબંધોનો નહિ પણ ભગવાનના ભાવનો આવિર્ભાવ કરાવવા માટે છે. Mota

0 મનુષ્યનો સ્વભાવ સુખ ઉપર નહિ પણ દુઃખ ઉપર કેન્દ્રિત થતો હોય છે. એને સુખનો દિવસ ક્ષણ જેવો લાગે છે, જ્યારે દુઃખનો દિવસ યુગ જેવો.

# દુઃખ એ તો આશીર્વાદ

(૧) દુઃખ કડુ ઔષધની જેમ ગુણકારી છે.

(૨) દુઃખ એ તો કાંટાવાળી તારની વાડ છે, જે વધારે નુકસાનને આવવાની આગાહી કરીને તેમાંથી ઉગારી લે છે. માથું દુઃખે તે ચેતવે છે કે હવે વધારે શ્રમ ન લેશો. એ રીતે દરેક દુઃખ, આપત્તિ કે રોગ અભાવ વધતાં અટકાવે છે અને વધુ દુઃખ અને આપત્તિમાંથી બચાવ લેવાની ચેતવણી આપે છે, તેથી પહેરેગીર કે ચોકીદારનું કામ કરે છે. વળી વધારે આપત્તિમાં પડતા રોકવા માટે દુઃખ સૌને સદા જાગ્રત રહીને ચેતવે છે.

(3) દુઃખના સમયે અહંકાર નાશ પામી પ્રભુ પ્રત્યે નમ્રતા આવે અને એવું ભાન કરાવે છે કે:

'સાચા સહાય એક પરમાત્મા જ છે.'

(૪) દુઃખ આવ્યે સ્વજનોને પારખી શકાય છે. દુઃખ સાચા તથા ખોટા મિત્રની ઓળખાણ કરાવે છે.

(૫) દુઃખ એ તો ભઠ્ઠી મેલા કપડાંને શુદ્ધ કરવા માટે ગરમ પાણીનું કામ કરે છે અથવા કાચી ધાતુને શુદ્ધ કરવા માટે અગ્નિનું કામ કરે છે.

આ રીતે દુઃખ એ તો આશીર્વાદરૂપ છે.

કબીરજીએ પણ કહ્યું છે કે:

સુખ કે માથે શિલા પડે, જો રામ હૃદય સે જાય;
બલિહારી વા દુ:ખ કી, જો પલ પલ રામ રટાય. ...(૧)

આપણા નજીક જેને દુ:ખ થયું હોય,
તેની શાંતિ માટે અવશ્ય પ્રાર્થના કરવી.
આપણા ઉપર જેનાથી ઉપકાર થયો હોય,
દયાભાવ મળ્યો હોય,
તેના સુખ માટે પણ અવશ્ય પ્રાર્થના કરવી જોઈએ.

## દુ:ખના વિષાદથી બચવાના ઉપાયો

(૧) અંતરમાં અત્યંત ઊંડા ઉતરીને સર્વેશ્વર સાથે એકત્વભાવનું એવું ચિન્તન કરવું કે: 'હું આત્મા છું, આનંદસ્વરૂપ અને સર્વ શક્તિમાન છું'.

(૨) વિશ્વના મહાનિયમનો વિચાર કરવો.

એને માન્ય રાખવાથી દુ:ખના ડંખ અદૃશ્ય થાય છે. મહાનિયમ છે: સર્વ પ્રકારનું દુ:ખ ગમે તે રસ્તે આવે, તે આપણા અંતિમ સુખનો જ રસ્તો સાધે છે અને આપણી જન્મ - મરણની બેડી તોડવા અર્થે છે. જે કર્મોએ આપણને બંધનમાં નાખ્યાં છે, તે કરજ વસુલ કરીને આપણને છૂટા કરવા જ કામ કરે છે.

(3) આપણા આંતરમનના ઉચ્ચ પ્રદેશોમાં પહોંચવાનો
સહેલો રસ્તો વિચાર નહિ કરવાનો છે.
તે માટે શૂન્યતાની કલ્પના કરવી.
(a) આંતરમન સ્વકૃત અને પરકૃત ચીંતનને વશ વર્તે છે.
(b) આંતરમન વ્યાપ્તિ પ્રયોજ્ય અનુમાન કરી શકે છે.
(c) આંતરમનની સ્મરણશક્તિ અગાધ અને પૂર્ણ છે.
(૪) બીજો વધારે સહેલો રસ્તો વિચાર બદલવાનો છે.
Change of thought - મનને કોઈને કોઈ કળા,
કૌશલ્ય, સાહિત્ય કે રુચિકર વિદ્યાભ્યાસમાં જોડી રાખવું.
(૫) આપણે મહાજીવનના એક અંશમાત્ર છીએ.
એ મહાજીવનમાં ભિન્નતાનું નામોનિશાન નથી.
શક્તિ - આપણું અલગપણું પણ ત્યાં નથી.
આપણું ક્ષણિક પૃથક્જીવન પોતાના અસ્તિત્વ માટે
સ્વતંત્ર 'નાટક' આદિ રૂપ મચાવે છે.
એ દુઃખદાયક વિચારનું નામ 'માયા' છે.
જ્યાં શુદ્ધ જગત અને જીવનમાં
જુદાપણું જોઈએ છીએ, ત્યાં શુદ્ધ શાંતિદેવી દૂર રહે છે.
જ્યારે સઘળું એક જ છે, એવું અનુભવાય છે,
ત્યારે મન: શાંતિ આપણી બને છે.

## વંદના - સ્તુતિ - પૂજા - પ્રાર્થનામાં શું ફેર?

(૧) વંદના : વંદના એટલે નમસ્કાર.

જેમણે આપણા ઉપર આભાર - ઉપકાર છે, તેને નમન કરવાની, કૃતજ્ઞતા બતાવવાની એક ક્રિયા, આપણા અહંકારને પ્રભુની આગળ ઝુકાવી દેવાની ક્રિયા.

(૨) સ્તુતિ : સ્તુતિ એટલે પ્રશંસા.

જેની સ્તુતિ કરાય, તેના ગુણો - તેના મહિમાનું વર્ણન.

(3) પૂજા : પૂજા એટલે ભક્તિ - ભજન.

પ્રભુના પ્રત્યે પ્રેમ યા અનુરાગદર્શન, તે ભક્તિ છે. સત્ય, દયા, બ્રહ્મચર્ય, ધૈર્ય આદિ દૈવી ગુણો અને એના સાધનમાં સંપૂર્ણ સહયોગ દેવો, તે ભજન છે. પાઠ, જપ, સ્તોત્રાદિ પણ ભજનના જ વિવિધ પ્રકારો છે. ગુણી આત્માઓને કરાતાં વંદન, સ્તુતિ, પૂજા આદિમાં અચિન્ત્ય શક્તિ અને અપૂર્વ લાભ છે.

(૪) પ્રાર્થના : પ્રાર્થના એટલે યાચના, માગણી, આત્માનો પોકાર.

દયાસિન્ધુ, સર્વશક્તિમાન ભગવાન પાસે નમ્ર થઈને સન્મતિ સુબુદ્ધિની યાચના કરવી અને પ્રભુ સાથે અનન્ય ભક્તિયુક્ત પ્રેમમય સંબંધ જોડવો તે પ્રાર્થના છે.

પ્રાર્થનાનો સ્ત્રોત એ કંઠ નહિ પણ હૃદય છે.

પરમાત્માના સાચા ભક્તોમાં જેવી ભક્તિ હોય છે,
તેવી ભક્તિ મેળવવા માટે પણ પ્રાર્થના કરવી જોઈએ.

સાચી પ્રાર્થના નીચેના શબ્દોમાં છે.

ॐ सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखभाग् भवेत् ॥

કારુણ્ય, કૃપા, અનુકંપા, અનુગ્રહ, પુષ્ટિ અને દયા-
એ બધા એક જ અર્થને કહેનારા શબ્દો છે અને
તે પ્રભુના સહજ સ્વભાવને સૂચવે છે.

પ્રભુની શાંત મુદ્રા દેખીને અંતરંગમાં
વીતરાગ ભાવનો અનુભવ થાય છે.

શરીર અને આત્મા કથંચિત્ અભિન્ન છે,
તેથી શરીરની સ્તુતિ પણ કથંચિત્ આત્મસ્તુતિ છે.

ક્ષયોપશમનો અર્થ વિભાવ કરી શકાય.
આ વિભાવ તે મિથ્યા નહિ પણ અપૂર્ણ સમજવો.
જો પૂર્ણને સ્વભાવ કહીએ, તો
અપૂર્ણને સ્વભાવ કેમ કહીએ ?
માટે તેને 'વિભાવ' જ કહીએ.

સંસારનો પ્રારંભ શરીરથી છે.
શરીરથી ઇંદ્રિયો, ઇંદ્રિયોથી વિષય - કષાય,

કષાયથી કર્મબંધ, કર્મથી નોકર્મ શરીરાદિ,
શરીરાદિથી ઈંદ્રિયો - ઈતિ ચક્ર.
શરીરાશ્રિત જીવ અને જીવાશ્રિત શરીર -
લક્ષણથી બંને ભિન્ન, ક્ષેત્રાવગાહથી અભિન્ન.
નયો વડે કથન તે શ્રુતજ્ઞાનના જ ભેદ છે.
નયો મૂળ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ઉભયનું
નિરૂપણ વ્યવહાર - નિશ્ચય ઉભયથી થાય છે.
સૂતેલો માણસ કોઈના જગાડવાથી જાગે તે અધિગમ,
સ્વયમેવ જાગે તે નિસર્ગ ઈત્યાદિ.
વ્યવહાર વિના તીર્થ (ઉપદેશ) નહિ અને
નિશ્ચય વિના તત્ત્વ નહિ.

શ્રદ્ધાના ચાર પ્રકાર

(૧) આત્મજ્ઞાનની શ્રદ્ધા (૨) દેવ - ગુરુ - શાસ્ત્રની શ્રદ્ધા
(3) જીવાદિ નવતત્ત્વોની શ્રદ્ધા
(૪) સ્વપરભેદ વિજ્ઞાનની શ્રદ્ધા.

શ્રદ્ધા એ વિશ્વાસની જનેતા છે.
શ્રદ્ધા વગર માણસમાં આત્મવિશ્વાસ આવતો નથી અને
આત્મવિશ્વાસ વગરનો મનુષ્ય દુનિયામાં
કાંઈ જ મેળવી શકતો નથી.

જેણે સવારે એક કલાક ગુમાવ્યો,
તેણે આખો દિવસ ખોયો. (ચીની કહેવત)

ખરાબને બદલે સારાની ઇચ્છા ન કરો અને
'સારાને બદલે ખરાબ મળશે' એવી શંકા પણ ન રાખો.

શેક્સપીયર કહે છે:
'આપણી શંકાઓ જ આપણને દગો દે છે. આપણે
ઘણું ભાગે જે મેળવી શક્યા હોત, તેને ખોવડાવી દે છે.'

શંકાને બદલે એવો વિશ્વાસ રાખો કે:
મારું ભવિષ્ય ઉજળું છે.
કોઈ અદૃશ્ય શક્તિ મને મદદ કરી રહી છે.

વચનાનુષ્ઠાન = કર્મયોગ - ભક્તિયોગ - જ્ઞાનયોગ.

અનુષ્ઠાન તે કર્મયોગ, વચનાનુસારિતા તે ભક્તિયોગ
અને એનું ફળ સંવર - નિર્જરા તે જ્ઞાનયોગ.

કર્મફળમાં અનાસક્તિ તે કર્મયોગ.
કર્મ કરવામાં એકાગ્રતા તે ભક્તિયોગ.
કર્મમાત્રનો ત્યાગ તે જ્ઞાનયોગ.

કર્મયોગમાં ફલેચ્છાનો અભાવ છે.
ભક્તિયોગમાં પરમતત્ત્વની સાથે એકાગ્રતા છે.
જ્ઞાનયોગમાં સર્વ પ્રકારના બાહ્યવ્યવહારનો ત્યાગ છે.

વચનાનુષ્ઠાનમાં ધર્મ, ભક્તિ અને જ્ઞાન ત્રણે રહેલાં છે.
પ્રભુપ્રીત્યર્થ ધર્મ કરવામાં ત્રણે યોગની સિદ્ધિ છે.
તેમાં ધર્મફળ પ્રત્યે અનાસક્તિ, ધર્મ કરવામાં આસક્તિ
અને અધર્મ પદ પામવા માટેની બુદ્ધિ રહેલી છે.

આજ્ઞાના પાલનમાં આજ્ઞા એ ધર્મ છે,
આજ્ઞાકારક પ્રત્યે ભક્તિ છે અને
આજ્ઞાના ફળ પ્રત્યે વિરક્તિ છે.
માત્ર આત્મપ્રાપ્તિ અર્થે એજ લક્ષ્ય છે.

આજ્ઞાપાલનના પરિણામને પ્રપત્તિભક્તિ પણ કહી શકાય.
તેમાં આજ્ઞાની આરાધનારૂપ અનુકૂળતાનો સંકલ્પ છે
અને વિરાધનાના ત્યાગરૂપ પ્રતિકૂળતાનું વિસર્જન છે.

ભક્તિ પ્રકટ કરવા માટે
પોતાને પાપનું ધામ માનતા શીખવું જોઈએ.
જ્ઞાન પ્રકટ કરવા માટે
પોતાને અજ્ઞાનનું ધામ માનવું જોઈએ.
સત્ધર્મમાં પ્રવૃત્ત થવા માટે
પોતામાં કૈંકર્ય - કિંકરપણું લાવવું જોઈએ.

'હું પાપી - અધમાધમ છું' માટે ભક્તિ, 'હું અજ્ઞાની -
મોટી છું' માટે જ્ઞાન, 'હું સેવક - કિંકર છું' માટે ધર્મ.

## અરિહંતપદ ધ્યાન

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન,
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ. (૧)

(૧) ૧૨ ગુણ
(૨) ૩૪ અતિશય
(૩) ૩૫ વાણીના ગુણ
(૪) ૧૦૦૮ દેહનાં લક્ષણ
(૫) અસંખ્ય ઈંદ્ર સેવકો
(૬) ત્રણ કાળના જિન
(૭) દોષ ૧૮ રહિત
(૮) અસંખ્ય પ્રદેશોની નિર્મળતા
(૯) પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત
(૧૦) દ્રવ્ય - ગુણ - પર્યાય વડે ધ્યાન
(૧૧) અનંત સુખની વર્તનાનું માહાત્મ્ય
(૧૨) પાંચ કલ્યાણકે ત્રણ ભુવનમાં ઉદ્યોત
(૧૩) મહાગોપ, મહામાહણ, નિર્યામક, સાર્થવાહ
(૧૪) નરદેવ, દ્રવ્યદેવ, ભાવદેવ, ધર્મદેવ, પંચમ દેવાધિદેવ
(૧૫) સ્તુતિયોગ્ય તથા સમગ્ર ઐશ્વર્ય જેમાં રહેલા છે,
તે પંચમ દેવાધિદેવ છે.

## સિદ્ધપદ ચિન્તન

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મમળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ.... (૨)

(૧) બંધનછેદ
(૨) પૂર્વ પ્રયોગ
(૩) અસંગભાવ
(૪) ગતિ પરિણામ
(૫) અસ્પૃશદ્ ગતિ
(૬) ૨/૩ અવગાહના
(૭) અષ્ટ કર્મક્ષય
(૮) સિદ્ધશિલા નિવાસ
(૯) એવંભૂત નયે સિદ્ધ
(૧૦) અરિહંતોને માનનીય
(૧૧) ૩૧ ગુણના સ્વામી
(૧૨) જ્યોતિમાં જ્યોતિનું મિલન
(૧૩) સાદિ અનંત શર્મ (સુખ)
(૧૪) સેવધિ સૌભાગ્યલક્ષ્મીની પ્રાપ્તિ
(૧૫) બંધોદયોદીરણાસત્તાધિ કર્મનો અભાવ
(૧૬) અનંતાનંત સુખ - ત્રણે કાળ અનંત વર્ગ.

## પ્રવચનપદ આરાધના

ભાવાંધ્ય ઔષધિ સમા, પ્રવચન અમૃતવૃષ્ટિ;
ત્રિભુવન જીવને સુખકરી, જય જય પ્રવચન દૃષ્ટિ. (3)

પ્રવચન = જૈન સંઘસ્વરૂપ.
તેની ભક્તિથી ત્રીજા તીર્થંકર
શ્રી સંભવનાથ ભગવાને તીર્થંકર ગોત્ર બાંધ્યું.
સંઘભક્તિથી સઘળાં ધર્મકાર્યની ભક્તિ થાય છે અને
તેથી સઘળાં પુણ્ય ઉપાર્જન થાય છે.
શ્રી જિનબિંબ, જિનચૈત્ય, આગમ અને
તેને માનનાર ચતુર્વિધ સંઘની ભક્તિ માટે
સંપ્રતિ મહારાજા, કુમારપાળ, ભરત ચક્રવર્તીના દૃષ્ટાંતો છે

### પ્રવચન પદની આરાધનાનાં સુમધુર ફળો

૨૧ લાખ ચૈત્ય બંધાવી શક્યા, ૨૧ ક્રોડ બિંબ ભરાવ્યા,
૨૧ જ્ઞાનભંડાર ખોલાવ્યા અને
ચતુર્વિધ સંઘની દ્રવ્ય તથા ભાવથી ભક્તિ કરી શક્યા,
પ્રભુનું પદસ્થ ધ્યાન કરી અને તે વડે
યોગાવંચક શક્તિ પ્રાપ્ત કરી શક્યા.
આ બધા પ્રવચન પદની આરાધનાનાં સુમધુર ફળો છે.
-તપસ્વી મહારાધક પુણ્ય પુરુષ મુનિશ્રી મહાનંદવિજયજી.

Bera, Dt. 5-5-70

ચારિત્રનું મહત્ત્વ હવે સમજાય છે.

જે સત્ય પોતાને સમજાય છે,

તે વ્યક્તિ જેટલા અંશે જીવનમાં ઉતારે છે,

તેટલા અંશે સમ્યગ્દર્શન - જ્ઞાન વિશુદ્ધ થતાં રહે છે.

પુરુષનો, આત્માનો ભાર 'દર્શન - જ્ઞાન' ઉપર છે,

જ્યારે પ્રકૃતિનો ભાર 'ક્રિયા' ઉપર છે.

We become as we act, now.

Nature thrills with motion.

ગતિ = Activity, ઋત = ક્રિયા.

If we do not act, we only drift.

o વિશ્વાલયનો Purpose વિદ્યાલય છે.

o cosmos = macrocosm સાથેના

દેહાલય = microcosmના સંબંધનું સમ્યગ્દર્શન-

જ્ઞાન પ્રગટાવી સમ્યક્ ચારિત્રની પ્રક્રિયા વડે Selfનું

totalityની sublimation કરવાનું છે.

શાસ્ત્રના statements સાધકને

તેના વ્યક્તિગત અનુભવના અર્થો આપે છે અને

તેથી પ્રત્યેક શાસ્ત્રવચન open secret બને છે.

## એક મહત્ત્વનો તફાવત

અનુપ્રેક્ષા અને intellectual reasoning
વચ્ચે રહેલો તફાવત સ્પષ્ટ થવો જોઈએ.
અનુપ્રેક્ષામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના અંશો રહેલાં છે.
જે સત્ય સમજાયું છે, તે સત્યને જીવનમાં
જીવવાનો પ્રામાણિક પ્રયત્ન એ ચારિત્ર છે અને
જે કાંઈ ન જીવી શકાય તેની વેદના છે,
આ વેદનાનો અગ્નિ જ દર્શનવિશુદ્ધિનું કારણ બને છે.
અનુપ્રેક્ષામાં દર્શન + જ્ઞાન + ચારિત્ર
(અથવા ચારિત્ર માટેની વેદના) પછીનો અનુભવ છે,
તેથી અનુપ્રેક્ષા એ તપ છે.
અનુપ્રેક્ષાની આ સ્ફુરણાઓનું મહત્ત્વ
અંદર રહેલા 'પરમ નિધાન'નું ભાન જાગૃત કરાવે,
consciousness લાવે, તો જ તે સાર્થક બને છે.
બાકી સ્ફુરણાઓનો અહંકાર પણ ડુબાડનારો છે,
ત્યાં અનુપ્રેક્ષા નહિ પણ માત્ર બૌદ્ધિક તર્ક
અને intellectual reasoning છે.
ભગવાનનું ચૈતન્ય પણ વિશેષ સ્પષ્ટ થતું જાય છે.

Bombay, Dt. 1-5-70

## સુખી થવાનો એક જ માર્ગ

ઈશ્વર પ્રકૃતિઃ દયાસાગર, કલ્યાણનિધિ, પ્રેમસ્વરૂપ છે.
મનુષ્યને માટે સદૈવ સુખી થવાનો એક જ માર્ગ છે કે
તેણે ઈશ્વરેચ્છાને આધિન થવું અને
બધી વસ્તુ પરમાત્મા ઉપર છોડી દેવી.
એ જે સ્થિતિમાં પોતાને મૂકે,
તે સ્થિતિમાં તેણે સંતોષ માનવો.
પલટાતા સ્થિતિ - સંજોગોમાંથી આપણે
સ્થાયી સુખ પામી શકીએ નહિ.
સુખ તો આપણી અંદર રહેલું છે.
શરણાગતિ એ જ એક માત્ર ઉપાય છે.
શરણાગતિ એટલે આંતરિક સંતોષ.
શાંતિ એટલે બીજા શબ્દોમાં પ્રકૃતિની દેન.
ઈશ્વર સર્વનું પરમ કલ્યાણ ઈચ્છે છે.

- Lectures of Swami Ramadas

°

Light and then height. Go up.
Move upto grace,
where all is light,
all is positive, all is good.

ઈશ્વર અથવા ગુરૂ

સદાકાળ સાચા સાધકની શોધમાં જ રહે છે.
સાધકે ભક્તિ આદિ સાધન દ્વારા યોગ્યતા કેળવવી જોઈએ.
ઈશ્વર અને ગુરૂ - એ બે નહિ પણ એક જ છે.
બેમાંથી એકનું શરણું લેશો, તો ખાતરીથી માનજો કે તમે
તરી શકો, બેમાંથી જે વધારે કાળજી રાખશે તે તમને
પોતાની તરફ ખેંચી લેશે. તે માટે નોકરીમાંથી રાજીનામું
આપવાની કે ઘરનો ત્યાગ કરી દેવાની જરૂર નથી.
વેશપલટો કે ગૃહત્યાગ એ જ સાચો ત્યાગ નથી.
કામનાઓ, વિષયો અને આસક્તિઓનો ત્યાગ એ જ
સાચો સંન્યાસ છે, જે મહાત્માઓએ સંસારનો ત્યાગ
કરેલો છે, તે કુટુંબ - પરિવાર પ્રત્યેની અપ્રીતિથી નહિ,
કિન્તુ વિશ્વ પ્રત્યેની પ્રીતિથી કરેલો છે.
ભગવાં વસ્ત્રોનો અર્થ પણ વિશ્વ પર પ્રેમ કેળવવો તે છે.

ઈશ્વર સાકાર પુરૂષ છે.
તે સદાકાળ પ્રથમ પુરૂષ - જ છે અને
તે સદોદિત તમારી સમક્ષ જ છે.
તમે ભૌતિક પદાર્થો ઉપર પ્રીતિ રાખો છો,
એટલે ઈશ્વર કાંઈ ઢંકાઈ જતો દેખાય છે.

જો તમે અન્ય સર્વનો ત્યાગ કરીને
કેવળ તેની જ શોધમાં લાગી જશો,
તો તે કેવળ 'હું' રૂપે - આત્મારૂપે વિલસી રહેશે.
ભગવાન સદાકાળ સૌની - તમારી જોડે જ છે, તમારા અંતરમાં છે, તમારી અંદરનો આત્મા જ ભગવાન છે. તેનો સાક્ષાત્કાર કરવા આ જગતની બાહ્ય બધી જ વાસનાઓથી તથા કામનાઓથી સર્વદા મુક્ત થવું જોઈએ.

અપક્વ મનને ઈશ્વરકૃપાનો અનુભવ ન થાય, એનો અર્થ એવો નથી થતો કે ઈશ્વરકૃપા છે જ નહિ. જો હકીકત એવી હોય, તો એના પરથી એમ સૂચિત થાય છે કે ક્યારેક ઈશ્વર ઈશ્વર મટી જાય છે. સૂર્ય ઊગે છે, ત્યારે કોઈ કોઈ કળીઓ ખીલે છે, બધી ખીલતી નથી, એને માટે સૂર્યનો દોષ દઈ શકાય?

કોઈપણ કળી પોતાની મેળે ખીલી શકતી નથી, તેને ખીલવા માટે સૂર્યના પ્રકાશની જરૂર પડે જ છે. આત્માને પણ ખીલવા માટે ઈશ્વરની મદદ જોઈએ જ છે. સર્વનો એક મત છે કે 'હું' તો છે જ, પોતે ગમે તે સંપ્રદાયનો હોય પણ સાચા સાધકે પ્રથમ એ 'હું'ને શોધી કાઢવો જોઈએ. હું કોણ? તેની વિચારણા કરવી જોઈએ.

'કોઽહં ?' એ પદની વિચારણાથી
'સોઽહં' એવો જવાબ મળશે.
પછી જે અહં રહેશે, તે અહં નહિ પણ અર્હં હશે.

વિચારણા વડે જ હું પરમાત્મા કોઈ
અંતર્મુખ થઈને પામે છે કે તેનાથી ભિન્ન રહે છે ?
એ દર્શાવનારું મુક્તિનું સાચું સ્વરૂપ
સમજવાનો યોગ્ય સમય તેને સાંપડે છે.
શુદ્ધ મન દ્વારા વિચારણા ચલાવવી જોઈએ.
હમણાં કરેલો નિર્ણય મનોવૃત્તિ અનુસાર હોય છે.
મનને આત્મામાંથી પ્રકાશ મળે છે.
મન એ તો આત્માનો માત્ર અલ્પ આભાસ જ છે.
એવું મન પૂર્ણ આત્માનું સ્વરૂપ નક્કી કરવા નીકળે,
એ મિથ્યાભિમાન છે.
બુદ્ધિ કદાપિ આત્માને પહોંચી કે પામી શકે નહિ.
તે આત્માનુભૂતિની દશા સમજવાને અસમર્થ છે.
સૂર્યના પ્રકાશને માપવા માટે
નાની મીણની માપપટ્ટી ન બની શકે.
સૂર્યથી ક્યાંય દૂર હશે,
અધવચમાં જ બિચારી મીણની ઓગળી જશે, માટે

વ્યર્થ વિવાદ છોડીને બુદ્ધિ - મનને શાંત, સ્થિર, શુદ્ધ કરી
સત્ય સર્વ સમજાશે એવા આત્માનું
સાક્ષાત્ દર્શન કરવાની સાધના માટે મંડી પડવું જોઈએ.
'મૌન વ્યાખ્યા પ્રકટિત પરબ્રહ્મ તત્ત્વમ્ ।'
અર્થાત્: પરબ્રહ્મ તત્ત્વ મૌન દ્વારા પ્રકટ થનારું છે.
ઈશ્વર વિષે શાસ્ત્રીય વિવાદ કરવાને બદલે સાચી અને
અત્યારે જ તેનો અનુભવવાનો પ્રયત્ન કરવો જોઈએ.
ઈશ્વર અને જગતના સ્વરૂપનો નિર્ણય કરવા પહેલાં
તમે તમારા સ્વરૂપને જ ઓળખો,
તો 'ઈશ્વર તમારી અંદર જ છે' એવું સ્પષ્ટ થશે.
ચંચળ મન તથા બાહ્ય અંતરાયો આડે આવે છે, તેને
અશુદ્ધિ દૂર કરી, શુદ્ધિ મેળવવા શરણાગતિ સ્વીકારો.
શરણાગતિ એ જ પ્રબળ પ્રાર્થના છે.
બાળકનું મન કોરા સરખું રહે છે,
સુખ - દુઃખ બંને તેનો મન સમાન રહે છે.
o પરાર્ધની સંખ્યામાં આંકડા ઉપર (૧૭) મીંડાં રહે છે,
મનુષ્યની સંખ્યા આંકડા ઉપર (૨૯) મીંડાં રહે છે.
o જિંદગીના ટૂંકા દિવસો તો નેકીની કમાઈ વડે અલ્લાહને
રાજી કરવા માટે છે. - Badshah Khan

○ <u>'પ્રભુને કેવળજ્ઞાન થયા પછી તેઓ જ્યાં વિચરે,</u>
<u>ત્યાં દેવતાઓ પગ નીચે કમળ ગોઠવે છે'</u>
<u>એનો આધ્યાત્મિક અર્થ એ થઈ શકે કે:</u>
<u>પ્રભુના માર્ગે અર્થાત્ પ્રભુની આજ્ઞાનુસાર જે કોઈ ચાલે,</u>
<u>તેને પોતાની સાધના સરળ બની જાય છે.</u>
<u>તેનો માર્ગ માત્ર નિષ્કંટક નહિ, કિન્તુ કમળના વનમાં</u>
<u>જવા જેવો સરળ, સુંદર અને સુખદ બની જાય છે.</u>
<u>તેવું જણાવવા માટે નવ કમળની રચના</u>
<u>એ અહીં સાંકેતિક ભાષા બની જાય છે.</u>

પગ એ ગતિ યા માર્ગગમનનું, હાથ એ પ્રેમ યા દાનનું
તથા સ્કંધ એ જવાબદારી વહન કરવાનું પ્રતીક છે.
પ્રભુ ચતુર્મુખે સિંહાસન ઉપર બેસીને દેશના આપે છે,
તે જેમ દાનાદિ ચાર પ્રકારના ધર્મને એક સાથે અહીં
કહેતા હોય તેમ ચાર ગતિના જીવને ચાર પ્રકારની
બહુવિધ ઉપદેશ આપતા હોય કે ચારે ગતિના જીવોને
તેમનું શુદ્ધ આત્મસ્વરૂપ દર્શાવતા હોય અથવા પોતાનું
૪ પ્રકારનું સ્વરૂપ નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવરૂપે
જણાવતા હોય, એમ અનેક પ્રકારના અર્થો ઘટાવી શકાય.
ચાર ચારની સંખ્યા એ અતિશયો, જીવનપ્રસંગો, અનંત
ચતુષ્ટયો વગેરે ઘટાવી શકાય. - <u>Sevarí, ચૈત્ર વદ ૫</u>

## ॐ = વિશ્વવ્યાપી ચેતનાનું પ્રતીક

'ॐ खं ब्रह्म ।' ઓંકાર એ આકાશની જેમ સર્વવ્યાપી શબ્દ છે, જે આદિકાળના કંઈક સર્વ પ્રથમ ધ્વનિરૂપે પ્રગટ થયો હતો, એ જ ધ્વનિ સૃષ્ટિનો સર્જક છે.

सर्वे वेदा यत्पदमामनन्ति
तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं संग्रहेण ब्रवीमीति ओं ॥ - કઠોપનિષદ

અર્થાત્: સંપૂર્ણ વેદ જે પદનું વારંવાર પ્રતિપાદન કરે છે તથા, સમસ્ત તપ જેની પ્રાપ્તિનાં સાધન છે, જેની ઈચ્છાથી મુમુક્ષુઓ બ્રહ્મચર્યનું પાલન કરે છે, તે પદને વિષે હું સંક્ષેપથી તમને કહું છું કે: તે પદ ॐ છે.

આ અક્ષર જ પર છે અને એ જ બ્રહ્મ છે.

એ જ ઈશ્વરનો વાચક પ્રણવ છે.

ગીતામાં કહ્યું છે કે:

'ॐ तत् सत् इति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।'

બ્રહ્મનો નિર્દેશ 'ॐ' 'તત્' 'સત્' ત્રણ પદથી થયેલો છે. આ ત્રણે ય પદ રૂપી પરમાત્મા સૃષ્ટિમાં વ્યાપ્ત છે, તેમાં 'ॐ' એ ગૂઢ સંકેત છે.

ૐ થી કોઈ લૌકિક બોધ થતો નથી.
અલૌકિક, વૈદિક કે પારમાર્થિક કર્મમાં
ઈશ્વરનું સ્વરૂપ સમજવા માટે તે એક અપૂર્વ સંજ્ઞા છે.
ગાયત્રી મંત્રના પ્રારંભમાં ૐ છે. અ + ઉ + મ તેમાં
પ્રથમ બે સ્વર છે અને ત્રીજો અનુસ્વાર છે.
આ ત્રણે સ્વરોમાં આદિચૈતન્યરૂપે તે પ્રકટ થાય છે.
ગાયત્રી મંત્રમાં ત્રણ મહાવ્યાહૃતિઓ છે,
તે પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગલોકને આવૃત્ત કરે છે.
આ ગાયત્રી મંત્રનો સાર તત્ત્વપ્રત્યક્ષરૂપે ૐ છે.
અ = અધોલોક - પૃથ્વી, ઉ = ઉર્ધ્વલોક - સ્વર્ગ તથા
મ = મધ્યલોક - અંતરિક્ષ.
'અ' અને 'ઉ' સ્વર છે, એથી સમ છે. 'મ' વ્યંજન છે,
એટલે અ - ઉ એ બે વચ્ચેથી વિષમ = અસમ છે.
સ્વરનો અર્થ સ્વયંસ્વરિત, સ્વતંત્ર અને
વ્યંજનનો અર્થ પરતંત્ર, માયા, ઈંદ્રિય, ભોગ.
સ્વરના ઉચ્ચારણમાં વ્યંજનની જરૂર નથી અને
વ્યંજનનું ઉચ્ચારણ સ્વરસહાય વિના થતું નથી. આમ
બ્રહ્માંડરૂપ વ્યંજન બ્રહ્મરૂપ સ્વરથી સંચાલિત થાય અર્થાત્
શરીરરૂપી વ્યંજન આત્મારૂપી સ્વરથી સંચાલિત છે.

'અ' સર્વવ્યાપક છે.
સમસ્ત સ્વરો અને વ્યંજનોમાં તે સમાયેલો છે.
'અ' સર્વવ્યાપક છે અર્થાત્ હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત નહિ,
જ્યારે 'ઉ' હ્રસ્વ છે,
અ + ઉ = ઓ - એ દીર્ઘ અને પ્લુત છે.
'મ' એ પણ હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત કશું નહિ, નગણ્ય છે.
'અ' સર્વવ્યાપક બ્રહ્મ છે,
'ઉ' અલ્પ આત્મા છે અને
'મ' એ માયા છે.
આત્મા એ બ્રહ્મ અને માયાની વચમાં સ્થિત છે.
વિરાટ બ્રહ્મને આ દૃષ્ટિએ જોઈએ,
તો સમસ્ત બ્રહ્માંડ ત્રણ વર્ણોમાં વિભક્ત છે:

| | | |
|---|---|---|
| અ | = પૃથ્વી | બ્રહ્માંડની અવસ્થાત્રય |
| ઉ | = અંતરિક્ષ | આ ત્રણ વર્ણોમાં |
| મ | = દ્યુલોક | આવી જાય છે. |

અકાર, ઉકાર અને મકાર
ઉત્પત્તિ, સ્થિતિ અને લયસ્વરૂપ
બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપ છે.
ઓંકારના ઉચ્ચારણથી આ ત્રણેયનું આહ્વાન થાય છે.

अ = अवते, रक्षते ।

જગતની રક્ષા કરનાર સત્ત્વગુણયુક્ત વિષ્ણુવાચક.

उ = उष्यते, हन्यते ।

જગતનું દમન કરનાર તમોગુણયુક્ત શિવવાચક.

म = मन्यते, सृज्यते ।

જગતનું સર્જન કરનાર રજોગુણયુક્ત બ્રહ્માવાચક.

આ રીતે ઓંકારમાં વિશ્વના અનેક ત્રિકો આવી જાય છે.

અ = પૃથ્વી, બ્રહ્મા, વિરાટ, સૃષ્ટિ, સ્થૂળ, રજ.

ઉ = અંતરિક્ષ, વિષ્ણુ, હિરણ્યગર્ભ, સ્થિતિ, સૂક્ષ્મ, સત્ત્વ.

મ = દ્યુલોક, શિવ, ઈશ્વર, સંહાર, કારણ, તમ.

ઓંકારની વિદ્યા એ અક્ષરવિદ્યા છે.

અ - ક્ષર = અવિનાશી, અ - વિનાશનો ભાવ.

'ॐमित्येकाक्षरं ब्रह्म ।'

ઓંકારની ઉપાસના બ્રહ્મની - અમૃતત્ત્વની ઉપાસના છે.

ઉપનિષદ કહે છે કે:

જેમણે મૃત્યુથી બચવું છે,

તેમણે ઓંકારની ઉપાસના કરવી જોઈએ.

ઓંકારનું નામ પ્રણવ છે.

પ્રણવ વડે સાધકને અમૃતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

છાંદોગ્યોપનિષદમાં કહ્યું છે કે:

જે ઓંકારના અમૃતસ્વરૂપને જાણીને એના અર્થભૂત અવિનાશી પરમેશ્વરની સ્તુતિ યા ઉપાસના કરે છે, તે જ ઓંકારમાત્ર અમૃતરૂપ, સર્વદા, ભયમુક્ત અવિનાશી પરમાત્માના સ્વરૂપભૂત આ સ્વરમાં પ્રવેશે છે. એ પ્રવેશની પરમપદ શ્રુતિ આ શ્લોકમાં સમજાવે છે:

પ્રણવો ધનુઃ શરો હ્યાત્મા બ્રહ્મ તલ્લક્ષ્યમુચ્યતે ।
અપ્રમત્તેન વેદ્ધવ્યં શરવત્તન્મયો ભવેત્ ॥૪॥ અર્થાત્:

પ્રણવ એ ધનુષ્ય, આત્મા એ બાણ, બ્રહ્મ એ લક્ષ્ય છે.

પ્રણવરૂપી ધનુષ્ય દ્વારા

આત્મારૂપી બાણથી બ્રહ્મરૂપી લક્ષ્યનું જે વેધન કરે છે, તે આત્મા પોતાના ધાર્યા ધામે પહોંચીને વિશ્વવ્યાપી ચેતનામાં પોતાને વિલીન કરી સ્વરૂપમાં સ્થિત થાય છે અને એ પછી એનું પૃથક્ અસ્તિત્વ રહેતું નથી. આ મહિમાવાન ૐ મંત્ર એ પરમ એકાક્ષરી મંત્ર છે.

'પ્રણવઃ સર્વ વેદેષુ ।' એ વેદોના સારરૂપ છે.

પ્રણવ એ બ્રહ્મ, બુદ્ધિ અને વિવેકનો આધાર છે. એમાં બહુમુખી ક્ષમતા અને સમગ્ર વિશ્વવ્યાપકતા છે.

પ્રણવ એ વિશ્વશક્તિનો પ્રેરક છે.

ॐ એ મૃત્યુથી અમૃત સમીપે લઈ જનારી નૌકા છે.
એની મહાપ્રબળ શક્તિનું આહ્વાન અને ધ્યાન
આપણે સૌએ હૃદયપૂર્વક કરવું જોઈએ.
- અનવર આગેવાન, મુંબઈ સમાચાર રવિવારીય આવૃત્તિ
27 - 6 - 70

ચાતુર્યના આવરણોથી ઢંકાયેલા મન અને હૃદય
ભક્તિના રસનો આસ્વાદ માણી શકતા નથી.
બુદ્ધિના જોરે પ્રભુ મળતો નથી. એને મેળવવા માટે
બુદ્ધિનું અને શરીરનું અભિમાન તજવું જોઈએ,
જગમાં નાની રજ થઈને રહેવું જોઈએ,
મોટાઈ અને ઘમંડાઈ તજવા જોઈએ,
સાવ વિનમ્ર થઈને જીવન જીવવું જોઈએ.

where is God?

આપણે ઈશ્વરની શોધ કરવા નીકળીશું તો ફાવીશું નહીં.
આપણે એવા બનીએ કે
ઈશ્વર સ્વયં આપણને શોધતો આવે.
માતા પોતાના બાળકને શોધવા જાય છે,
બાળકને તેની માતાને શોધવાનું ભાન ક્યાં હોય છે?
આપણે ઈશ્વરની નહિ પણ આત્મમંથનની જરૂર છે.

## સમાધિ મરણ ધ્યાન

દ્રવ્યાનુયોગ વિચારે સમાપત્તિ થાય તથા
ક્રિયામાર્ગમાં પણ આદિપ્રવર્તક ભગવંત ધ્યાને
ભગવંત સમાપત્તિ થાય, તેથી ખરી ક્રિયાસાફલ્ય હોય.
આવશ્યકાદિ ક્રિયા પણ અપ્રમત્ત સાધુને
વિસ્મયરહિત અસંગ ક્રિયારૂપ છે પણ વીતરાગ
વચનપ્રતિબંધન સંકલ્પપૂર્વક વચન ક્રિયારૂપ નહિ.
શરીર નામકર્મના ઉદયથી જીવ સશરીર છે,
તેમ સ્વર નામકર્મ જે પુદ્ગલ વિપાકી છે,
તે ઉદયથી સ્વાધ્યાયરહિત કેમ ઘટે ?

ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય બે પ્રકારે કહ્યાં છે:
(૧) પ્રાયોગિક: તે પુદ્ગલ જીવ દ્રવ્યને વિષે સ્પષ્ટ છે.
(૨) વૈસ્રસિક: તે અનુમાનગમ્ય છે.
'સર્વં ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મકમ્, સત્ત્વાઽન્યથાઽનુપપત્તેઃ।'
સર્વ પદાર્થ ઉત્પત્તિ - નાશ - સ્થિરતા ધર્મવાળા છે,
જો એમ ન માનીએ તો પદાર્થનું અસ્તિત્વ ઘટશે નહીં.
દ્રવ્યાર્થિક નય કાલત્રય સંબંધરૂપ જ સત્તા માને છે.
પર્યાયાર્થિક નય મધ્યમ ક્ષણરૂપ જ સત્તા માને છે.
ઉભય નય મળીને ત્રયાત્મક વસ્તુ સિદ્ધ થાય.

## નામનિક્ષેપનો અને સ્થાપનાનિક્ષેપ
## ભાવસ્મારકપણે ઉપકારક છે.

આચાર્ય અભેદારોપે પ્રતિમા તેહ જ જિન,
એમ ભણી આત્મપરમાત્માનું અભેદ ધ્યાન ઉજ્જવળ
સમાપત્તિ રૂપે જ મહાવિત કરેલ.
હરિભદ્રાદિગ્રન્થાનુસારી અસ્મદીયાનુભવ છે.
નામ એ વાચ્ય - વાચક ભાવસંબંધે,
સ્થાપના એ પ્રતિકૃતિ સંબંધે અને દ્રવ્ય એ સમવાય
સંબંધે ભાવસંબદ્ધ છે. ભાવ તે સાક્ષાત્ ગુણાત્મક છે.
'ણમો બંભીએ લિવીએ।' આદિ લિપિને નમસ્કાર થયો.
એ ભગવતી પ્રત્યક્ષ પરમાર્થ વિચારતાં જ
શ્રી મેઘકુમારઋષિને ગુરુ ઠરાવે છે.
નામાદિ ત્રણ નિક્ષેપ દ્રવ્યાસ્તિકનય જ માને,
પર્યાયાસ્તિકનય ભાવનિક્ષેપને જ માને.
દ્રવ્યાસ્તિકનયના ભેદ: સંગ્રહ, વ્યવહાર તથા નૈગમ.
સામાન્યગ્રાહી સંગ્રહમાં જ અંતર્ભવે,
વિશેષગ્રાહી વ્યવહારમાં જ અંતર્ભવે. ત્રીજો ભેદ છે નહિ.
શબ્દનય શુદ્ધપણાં માટે ભાવનિક્ષેપ વાંછે.
ઋજુસૂત્રાંત અશુદ્ધપણા માટે સર્વ નિક્ષેપ વાંછે.

## ભક્તિ - રતના પરિજ્ઞાને

જલ-પુષ્પાદિ વિરાધના દીસાવત નહિ, સાતમું ગુણાવત છે.
નહીં તો અભિગમન, વંદનાદિ વિધિ પણ ઉચ્છિન્ન થાય.
ઉષ્ણ જલાદિકે સ્નાત્ર, ટીર ફૂલ પ્રમુખે પુષ્પપૂજા અને
સચિત્તજલ પુષ્પાદિક પૂજા તો ભક્તિના સ્થાને
આભક્તિ પરિજ્ઞાન વધારતાં બોધિબીજનો જ નાશ કરે.
જો સાધુને અસત્કારી - અસભ્યાની સૂઝતું કે અસૂઝતું
દેતાં અલ્પાંત પાપબંધ કહ્યો છે, તો
ભક્તિપરિજ્ઞાન વંચનાએ સચિત્ત પુષ્પાદિ પૂજા એ
શંકીયાને બોધિબીજનો નાશ કેમ ન હોય?
શ્રી વીતરાગદાસપણાંનો ભાવ તેટનો
લોકોત્તર વિનય આચર્યા વિના કેમ નિર્વહે?
દેવપૂજા વેળા આભાદિકાદિ લેઈ જેસી શુભપરિજ્ઞાન
દેખાવે, તેહો સાધુ દાનાવસરે પણ આભાદિક લેઈ છૂટવું.
કૃત્રિમ ભાવ અને અકૃત્રિમ ભાવમાં ઘણું અંતર છે.

<u>યતીનાં ષટ્ કર્માણિ</u> ।

અધ્યયન - અધ્યાપન (જ્ઞાન), દેવભક્તિ - ગુરુભક્તિ (દર્શન)

મૂલગુણ અભ્યાસ
ઉત્તરગુણ અભ્યાસ } - (ચારિત્ર)

## બ્રાહ્મણના ષટ્કર્મ

અધ્યયન, અધ્યાપન, યજન, યાજન, અનુગ્રહ, પ્રતિગ્રહ.

## પ્રતિક્રમણના છ આવશ્યક કર્મો

(૧) દોષસંગ્રહ (૨) આલોચના (૩) પ્રતિક્રમણ
(૪) ક્ષામણા વિધિ (૫) વ્રણચિકિત્સા (૬) ગુણધારણા.

(૧) ભાવાલોચના = દોષસંગ્રહ.
(૨) દ્રવ્યાલોચના = આલોચના.
(૩) દોષજુગુપ્સા વડે શુદ્ધિ = પ્રતિક્રમણ.
(૪) આચાર્યાદિકની આશાતનાની શુદ્ધિ = ક્ષામણા વિધિ.
(૫) દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવદોષશુદ્ધિ = વ્રણચિકિત્સા.
(૬) ઉત્તરગુણ શુદ્ધિ = ગુણધારણા.

આવશ્યક અધ્યયન ઉપલક્ષિત કર્મો તે આવશ્યક કર્મો.

## જ્ઞાનરૂપ સમકીત કહે તેના મતે

જ્ઞાનાવરણીયના ક્ષયોપશમે સમકીત થવું જોઈએ પણ દર્શન મોહ ક્ષયોપશમે સમકીત કહ્યું છે. 'દર્શનમોહનો ક્ષયોપશમ જ્ઞાનાવરણીય ક્ષયોપશમને સહકારી છે' એમ કહેવાને બદલે 'શુદ્ધ આત્મપરિણામરૂપ સમ્યક્ત્વનું સ્થાપન કર્યું' તેમ માનવાથી ૬૬ સાગરોપમ સ્થિતિ ઘટે અને અપર્યાપ્તાવસ્થાએ પણ ભાગે.

માદલની પેઠે કેવલીને ધ્વનિ માન્યો છે, તે ન ઘટે.
અક્ષરને અક્ષર પરિણામ અદૃષ્ટ છે - ભાષાપર્યાપ્તિ.
નામકર્મનો ઉદય છે, તે માટે ભાષા રૂપ શબ્દ જ
કેવલીને ઘટે. કેવલીને અનિચ્છાપૂર્વક સર્વ ક્રિયા છે,
તે અઘાતી કર્મોદય નિમિત્ત માનીએ.
તત્કાલે તત્કાર્ય કર્તવ્યત્વ વિષયક
કેવલજ્ઞાન પદ્ધતિ જ કુદેવને તત્કાર્યકારી કરીએ.
સ્થાપનં સ્થાપના તે
ભાષાવ્યુત્પત્તિ અભિપ્રાય રૂપ બુદ્ધિ વ્યાપાર અને
સ્થાપ્યતે ઇતિ સ્થાપના તે કાર્ય વ્યુત્પત્તિ
વ્યાપારાશ્રય તે સ્થાપના.

o લોકોના સંપર્કમાં રહેવું તે મોટે ભાગે
સમય તથા શક્તિનો અપવ્યય છે,
માટે પરિણતિ શુદ્ધ રાખવી.
એક શ્રદ્ધાવંતને ધર્મકુટુંબ કરી જાણવો.
ધર્મની પરિણતિ વધે તેમ કરવો.
નામ લઈ શ્રી દેવાધિદેવની યાત્રા કરવી.
જીવ જ્યારે પ્રારંભિક અવસ્થામાં હોય છે,
ત્યારે બહુ સ્વાર્થમય હોય છે,

સરળ કુદરત સ્વાર્થમય વિચારોથી મુક્ત થવાને માટે
મૈત્ર્યાદિભાવના અલ્પ-અત્યલ્પરૂપે હોવા સતત જરૂરી છે.
એમ કરતાં જ્યારે સ્વાર્થપરાયણતામાંથી મુક્ત થવાય
અને પરમાત્મપરાયણ, પરમાર્થપરાયણ અથવા તો
આત્મપરાયણ ભાવ આવે, ત્યારે આ ભાવનાઓ કોઈમાં
અલ્પરૂપે તો કોઈમાં અત્યલ્પ સ્વરૂપે વધારે હોય છે.
સ્વાર્થપરાયણ જીવમાં રહેલો ઔદાસીન્યભાવ અને
સ્વાર્થપરાયણતાથી મુક્ત થયેલા જીવમાં રહેલો
ઔદાસીન્ય ભાવ - આ બે વચ્ચે ઘણું અંતર છે.
એક સ્વાર્થાંધ છે, માટે ઉદાસીન છે.
બીજો જ્ઞાની છે, તેથી 'સવ્વે જીવા કમ્મવસા।'
એમ સમજી ઉદાસીનતા સેવે છે.
ઉદાસીનતા - ઉદાસીનતામાં પણ ઘણું અંતર છે.
એકમાં નિષ્ઠુરતા છે, બીજામાં ભાવદયા
હોવા છતાં અશક્ય સમજી ઉપેક્ષા કરે છે.
દા.ત. એક નિર્દય અને સ્વાર્થી ડૉક્ટર
દર્દી પાસે પૈસા ન હોવાથી દર્દીની ઉપેક્ષા કરે છે,
બીજો દયાળુ છતાં અસાધ્ય વ્યાધિ સમજી
ઉદાસીનતા - ઉપેક્ષા કરે છે.

૧૨ ઉપરાંત ૪ - એમ ૧૬ ભાવનાઓનો
સ્વતંત્ર ઉપયોગ જણાય છે.
ફલતઃ ભાવનાઓ અન્યોન્ય ઉપયોગમાં આવે છે,
એ વાત પણ સાચી છે.
જે સ્વાર્થતા - નિષ્ઠુરતાદિ ઉદાસીન છે, તે
તે કુશળતો કર્મ બાંધ્યા કરે છે, એ વાત સાચી છે.
મૈત્રી આદિ ભાવનાઓ વિવેકરત્નનાં પાસાં છે,
એ વાત બરોબર છે.
'ગુણુવસ્વરત્નાશેશાનન્દ |'
એ વિશેષણ એમ કહે છે કે:
સ્વામી પાસેથી ઘણી ઘણી અપેક્ષા રાખી શકાય.
લોગનાહાણંમાં જે વર્ણન છે, તે પણ ઘટાવી શકાય.
રક્ષણ આપે, માર્ગ બતાવે ઇત્યાદિ
ઘણું ઘણું એમાં આવે - બોધિ આદિક.
ઉપાસના માત્ર વ્યક્તિની નહીં પણ તે
ઊંચા તત્ત્વની છે, એમ 'આર્હન્ત્ય' શબ્દ જણાવે છે.
તત્ત્વ એક જ છે.
પરમાત્મતત્ત્વ સર્વ રીતે મંગળ અને શ્રેય કરનારું છે.
- Mandavi, ચૈત્ર વદ ૮, સં. ૨૦૨૫

સર્વ પ્રત્યે શત્રુભાવ અને ઉદાસીનભાવ ઘટીને
મૈત્રીભાવ આવવો તે જ ધર્મ માટેની પાત્રતા છે,
સર્વ પ્રત્યેની મૈત્રી અનુભવાવી,
તે જ જિન પ્રત્યેનો પ્રમોદ છે,
જિન પ્રત્યેનો પ્રમોદ તે જ સર્વ પ્રત્યેની મૈત્રી છે.
મૈત્રી, પ્રમોદ, કરુણા, ઉપેક્ષા -
તે વિવેકરત્નનાં ચાર પાસાં છે.

વિવેક એ આત્મબુદ્ધિ જુદી વસ્તુ નથી. અનિત્યત્વાદિ
સર્વ ભાવનાઓ પણ મૈત્ર્યાદિની સિદ્ધિ માટે જ છે.
અનિત્યત્વાદિ ભાવનાઓ ન હોય, તે જ
જીવો પ્રત્યેના શત્રુભાવાદિનું સ્વરૂપ છે. - T. T. V.

પચ્ચક્ખાણ વિના જેમ અવિરતિનો આશ્રવ આવતો
રોકી ન શકાય, તેમ મૈત્ર્યાદિ ભાવનાઓ વિના
મિથ્યાત્વનો આશ્રવ રોકી શકાતો નથી.

o काऊण जिणाययणेहिं मंडियं सव्वमेइणीवट्टं ।
दाणाइचउक्केणवि सुट्ठुवि गच्छिज्ज अच्चुअं ॥१॥

o अण्णत्थारंभवओ धम्मो, णारंभओ अणाभोगो ।
लोए पवयणखिंसा, अबोहिबीयंति दोसाय ॥१॥

- श्री पंचाशके (પરિશિષ્ટ-૧૩)

'કોઈપણ જીવ પાપ ન કરો,
કોઈપણ જીવ દુઃખી ન થાઓ,
બધા જીવો કર્મબંધનથી મુક્ત થાઓ.'

મૈત્રીભાવનામાં આ વિચાર હોવાથી પાપ, દુઃખ અને કર્મની અનુમતિનો આશય રોકાઈ જાય છે, અન્યથા એ આશય ચાલુ રહે છે તથા પાપ વગેરેની અનુમતિ 'निषिद्धं अनुमतं |' એ ન્યાયથી ચાલુ રહે છે.

એ જ મિથ્યાત્વમોહ અથવા મતમોહ છે.

જેમ સંવેગ અને નિર્વેદ એ સમ્યક્ત્વનાં લિંગો છે, અનુકંપા અને આસ્તિક્ય દ્રવ્ય-ભાવદુઃખની દયાસ્વરૂપ છે, તેમ સંવેગ - નિર્વેદ એ ભવદુઃખ અને મોક્ષસુખની ભાવના સ્વરૂપ છે.

'સર્વ જીવ પાપમુક્ત બનો, દુઃખમુક્ત બનો, કર્મમુક્ત બનો' એ નિર્વેદ ભાવના છે અને 'સર્વ જીવ મોક્ષ પામો, અનંત ચતુષ્ટય પામો, સ્વરૂપ લાભ પામો' એ સંવેગ ભાવના છે.

આસ્તિક્યના પ્રભાવે અનુકંપા સર્વ દુઃખીવિષયક બને, તેમ નિર્વેદ સર્વે પાપીવિષયક તથા સંવેગ કર્મવિષયક અને ઉપશમ સર્વ અપરાધીવિષયક બને છે.

સર્વ જીવો, સર્વ દુઃખી જીવો,
સર્વ પાપી જીવો, સર્વ સંસારી જીવો અને
સર્વ અપરાધી જીવો - એ સર્વના ઉદ્ધારને
આવરી લેનારા સમ્યક્ત્વવાન જીવો છે.
ઉપશમાદિભાવો સમકીતનાં જ લિંગો - ચિહ્નો - સંકેતો છે.
આ જિનપૂજા એ સમકીત સંવર છે,
પ્રથમ ગુણસ્થાનવર્તી જીવોને પણ
દાન, શીલ, પૂજા આદિથી શુભ વિપાકની પ્રાપ્તિ થાય છે.
આત્મા જ સામાયિક.
જ્ઞાનની સાથે ક્રિયાનો આદર કરવાથી મોક્ષની પ્રાપ્તિ છે.
નિમ્નલિખિત 'રામ' વિષયક ૪ પદના દોહામાં
૪ સ્વરૂપનું વિવિધપણે અદ્ભુત પ્રરૂપણ
(૧) એક રામ દશરથ ઘર ડોલે = અવતાર સ્વરૂપ.
(૨) દુજો રામ ઘટઘટમેં બોલે = વૈજ્ઞાનિક - તાંત્રિક સ્વરૂપ.
(3) તીસરા રામકા જગત પસારા = નૈશ્ચયિક સ્વરૂપ.
(૪) ચોથા રામ હૈ સબ સે ન્યારા = ધ્રૌવ્ય સ્વરૂપ.
તાંત્રિકો ૩૬ તત્ત્વ માને છે. 'તસ્માત્ સર્વમયો જીવઃ।'
એમ કહીને આજના વિજ્ઞાન સાથે
આ દૃષ્ટિ ઘણે અંશે મળતી આવે છે.

ભગવાનની શક્તિ માનવાથી જ
ભગવાન પ્રત્યે ભક્તિ પેદા થઈ શકે છે.
શક્તિ પ્રેમમય છે, કરુણામય છે.
પ્રણિધાન જ પ્રેમને વિકસાવે છે.
સર્વ પ્રત્યે સમાન ભાવ એ પ્રેમનું લક્ષણ છે.
'ભગવાન પ્રેમમય છે' એમ ન લાગે,
તો સમજવું કે મારું આવરણ છે.
તે આવરણ તોડવાનો ઉપાય ભગવાનની શરણાગતિ છે.
'ભગવાનની દયા સર્વની રક્ષા કરે છે'
એવો જ્ઞાનપ્રકાશ જે અંતરમાં જાગે છે, તે અંતર
પણ ભગવાનની કૃપાથી ભાવિત થયેલું છે, એમ માનવું.
'ભગવાન મહાવીર પંચજ્યોતિક દેહરૂપ
અને પોતા પ્રત્યે જ સ્નેહવાળા છે'
એવી માન્યતાનો અંશ રહેશે,
ત્યાં સુધી ગૌતમને પણ વિલાપ થશે.
'વસ્તુતઃ ભગવાન સર્વવ્યાપી આત્મસ્વરૂપ છે,
એમને વિરહ હોતું નથી અને
સર્વના સમસ્નેહવાળા છે,'
એવી સમજણ થતાંની સાથે પ્રણિધાન પ્રગટ થવું.
- Bera, Dt. 2/5/70

શુદ્ધ આત્માનું દર્શન તે સમ્યગ્દર્શન છે.
તેનું જ જ્ઞાન અને તેમાં જ રમણતા -
તે અનુક્રમે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે.
શુદ્ધ આત્મામાં મનને સ્થિર કરવું,
તે જ સંસારથી છૂટવાનો ઉપાય છે.
મનને યોગ્ય સ્થળે રોક્યા વિના કાર્યની સિદ્ધિ નથી.
મન જ્યારે રોકાય છે, ત્યારે
સહજ શુદ્ધ નિર્વિકાર સ્ફટિક મણિ સમાન અથવા નિર્મળ
જળ સમ પુરુષાકાર સ્વશરીર પ્રમાણ સાક્ષાત્ દેખાય છે.
જો અભ્યાસ ખાતર આ ધ્યાનની ઝલક જામવા લાગી પછી
મનને રોકવાના સાધનોના ઉપયોગની જરૂર નહિ રહે.
ધ્યાન કરવા બેસતી વખતે
૧૦૮ નવકાર મંત્ર શાંતિપૂર્વક ગણવા જોઈએ.
જ્યારે નિર્વિકાર આત્મસ્વરૂપ દેખાવા લાગશે, ત્યારે
પોતાના શરીર ઉપરથી કોઈ પડદો અથવા
કપડો ઉતરી રહ્યો છે, એમ લાગશે અને
શુદ્ધ આત્મામાં મગ્નતાનું દર્શન થશે.

- Master Mevaram Jain
Bera, Dt. 2/5/70

## ધ્યાનાભ્યાસની રીત

શરીરને અને કર્મને એક ઘટરૂપ માનો.
આત્માને નિર્મળ ગંગાજળ માનો.
મનને આત્મા રૂપી નિર્મળ ગંગાજળમાં વારંવાર
ડૂબાડવાનો અભ્યાસ કરે, જ્યારે મન થાકી જાય, ત્યારે
ૐ, સોऽहं, अर्हं, सिद्धं - આદિ કોઈપણ મંત્રનો જાપ કરે
અથવા આત્માના શુદ્ધ ગુણોનું ચિન્તવન કરે.
શરીરમાં સ્થિત આત્માનું ધ્યાન તે પિંડસ્થ ધ્યાન છે.
'ધૂળાક્ષરી દ્વારા શ્રુતજ્ઞાન યા જિનવાણીનું
ધ્યાન થઈ રહ્યું છે' એમ વિચારવું તે પદસ્થ ધ્યાન છે.
વચ્ચે વચ્ચે સ્વરૂપ ચિન્તન કરતો રહે.
સમવસરણસ્થ જિન યા જિનબિંબની
વીતરાગ અવસ્થાનું ચિન્તન કે અરિહંતના સ્વરૂપ દ્વારા
નિજ આત્માનું ભાવન તે રૂપસ્થ ધ્યાન છે.
વીતરાગ અવસ્થા નિશ્ચય રત્નત્રયરૂપ છે.
પરમ અદ્વૈત આત્મસ્વભાવમાં તલ્લીન છે.
અદ્વૈતભાવ = પોતાના આત્મામાં જ પરમાત્મપણાનું ભાવન.
પોતાના આત્માને જ સિદ્ધસમ શુદ્ધ વિચારે અને
એમાં જ તન્મય થઈ જાય, તે રૂપાતીત ધ્યાન છે.

ધ્યાનનું પ્રયોજન આત્મસ્થ થવું તે છે.
ધ્યાનથી જ પરમાનન્દનો લાભ - કર્મોની નિર્જરા થાય છે.
મિથ્યાદૃષ્ટિ જીવમાં સંસારભ્રમણના કારણભૂત
રાગ - દ્વેષ અને મોહભાવ રહેલ છે.
અનંતાનુબંધી કષાયના ઉદયથી રાગ - દ્વેષ ભાવ થાય છે
અને મિથ્યાત્વમોહના ઉદયથી મોહભાવ જાગે છે.
નવીન કર્મબંધના હેતુ ત્રણ ભાવ છે: રાગ - દ્વેષ - મોહ.
જ્ઞાની જીવ માને છે કે એ ભાવો કર્મોદયથી થાય છે તથા
શુદ્ધ ચિદ્રૂપને છોડીને બીજું કોઈ સ્વરૂપ મારું નથી.
મારે મારા આત્મસ્વભાવમાં જ લીન રહેવું જોઈએ.
પ્રધાન નિશ્ચય અને વ્યવહાર -
બન્ને નયોથી વસ્તુનું સ્વરૂપ જાણી નક્કી કરવું જોઈએ
પછી બધા વિચારો બંધ કરીને પોતાના શુદ્ધસ્વરૂપમાં
લીન થવું જોઈએ, એનું જ નામ સ્વાનુભવ છે અને
એ જ સર્વ દુઃખનાશક અને આનંદમંગળકારક છે.
જીવ પોતાના શુદ્ધ આત્મામાં સ્થિર થાય છે,
ત્યારે જ તેને સ્વાત્માનન્દનો અનુભવ થાય છે.
તે જ શુદ્ધસ્વરૂપમાં મગ્નતા છે, નિર્વિકારતા પણ તે જ છે.
નિર્વિકારતા = ક્રોધાદિ વિકારોથી રહિતપણું.

જૈડા (રાજસ્થાન), સં. ૨૦૨૬, ચૈ-વ-૧૦, શનિવાર

## અંદરનું અમૃત

જેને અમર થવું છે, તેણે અમૃતનું પાન કરવું જોઈએ.

અમૃત અંદર છે, બહાર નહિ.

સદ્ગુરુકૃપા - આત્મસંપત્તિ તે પ્રાપ્ત થવા યોગ્ય છે.

કૃપા મેળવવા શ્રદ્ધા, પ્રેમ અને તદાત્મભાવ ઉત્કૃષ્ટ પ્રકારે રોમ-રોમમાં વ્યાપેલા હોવા જોઈએ.

સર્વે સાધકોનો પરમ શાંતિ માટેનો પુરુષાર્થ પરમ પુરુષની કૃપાથી સફળ થાઓ.

જેટલી આસક્તિ એટલું દુઃખ, તેનું મૂળ અજ્ઞાન.

જેટલી નિરાસક્તિ તેટલું સુખ, તેનું મૂળ જ્ઞાન.

જેવી રીતે આકાશને કોઈ રંગ નહિ, તેવી રીતે સંસારની પ્રત્યેક ઘટના પોતે કોઈ સારી યા બુરી નહિ, કિન્તુ જે દૃષ્ટિથી તેને જોઈએ છીએ, તેવા તે દેખાય છે.

'સત્યં શિવં સુન્દરમ્ ।'

જ્ઞાતા - જ્ઞેય - જ્ઞાન

ધ્યાતા - ધ્યેય - ધ્યાન

અભિધાતા - અભિધેય - અભિધાન

ચરિતા - ચર્ય - ચરિત.

## જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યમાર્ગની તુલના

ભક્તિ માટે દરેક ત્રિપુટિમાં જ્ઞેય - ધ્યેય - અભિધેયની,
વૈરાગ્ય માટે જ્ઞાન - ધ્યાન - અભિધાનની અને
જ્ઞાન માટે જ્ઞાતા - ધ્યાતા - અભિધાતાની મુખ્યતા છે.
ભક્તિમાર્ગ કહે છે કે ભક્તિ માટે જ્ઞેય, ધ્યેય અને
અભિધેયની સુંદરતા હોવી આવશ્યક છે,
જ્ઞેય, ધ્યેય કે અભિધેયનું અસ્તિત્વ જ ન હોય યા
અસ્તિત્વ હોય પણ તેમાં સૌંદર્ય - શિવત્વ ન હોય,
આરાધ્યત્વ ન હોય, ગુણગણગરિમા ન હોય,
સ્વપરોપકારકત્વ ન હોય, તો ભક્તિ જાગે કેવી રીતે?
માટે ભક્તિને જગાડનાર ધ્યેય છે.
ધ્યેયના કારણે ધ્યાન ઉત્પન્ન થાય છે,
માટે ધ્યાન - ધ્યાતા ઉભયનું સ્વામિત્વ ધ્યેયમાં છે.
ઉપકારી એવા ધ્યેયને વિષે સર્વ સમર્પણ બુદ્ધિ-
એનું જ નામ 'ભક્તિ' છે. Objective Sideને
એ રીતે જીવનમાં મુખ્ય બનાવવાથી ભક્તિ જાગે છે.
વૈરાગ્યમાર્ગ કહે છે જ્ઞેયને પરખવાની શક્તિ જ્ઞાનમાં છે.
જ્ઞાનમાં જ જો શક્તિ ન હોત,
તો જ્ઞેયની ઉચ્ચતા પરખી શકાય શી રીતે? એ રીતે

ઋજુસૂત્રનયને મુખ્ય બનાવવાથી વૈરાગ્ય પ્રધાન બને છે.
જ્ઞાનમાર્ગ કહે છે કે જ્ઞેયને પરખનાર જ્ઞાન છે,
તેથી જો જ્ઞાનનું મહત્ત્વ સાબિત થતું હોય,
તો જ્ઞાન જેમાં રહે છે, તે જ્ઞાતા તેથી પણ મહાન છે!
વૈરાગ્યમાર્ગ અંશને - જ્ઞાનમાર્ગ મૂળને સ્વીકારે છે.
જ્ઞાતા જ્ઞેયને જ્ઞાન વડે જાણે છે, એટલું જ નહિ પણ
તે જ્ઞાતા સ્વયં પણ જ્ઞેયસ્વરૂપ બને છે.
'દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી
જ્ઞાતા અને જ્ઞેય વચ્ચે કોઈ ભેદ જ નથી' એમ અભેદ
સિદ્ધ થાય, તો જ જ્ઞાનમાર્ગની આરાધના થઈ શકે છે.
ભક્તિમાર્ગ નૈગમનયની મુખ્યતાએ,
વૈરાગ્યમાર્ગ ઋજુસૂત્રનયની મુખ્યતાએ અને
જ્ઞાનમાર્ગ એવંભૂતનયની મુખ્યતાએ છે.
ભક્તિમાર્ગમાં ધ્યેયનિષ્ઠા બંધાય છે, વૈરાગ્યમાર્ગમાં ધ્યાન
થાય છે અને જ્ઞાનમાર્ગમાં ધ્યાતા સર્વસ્વ બને છે.
વિષયની મુખ્યતા એ ભક્તિમાર્ગ છે,
ઉપયોગની મુખ્યતા એ વૈરાગ્યમાર્ગ છે અને 'ધ્યાતા
ધ્યેયસ્વરૂપ છે' એ ભાવની મુખ્યતા એ જ્ઞાનમાર્ગ છે.
ભક્તિમાર્ગમાં ધ્યેય, ધ્યાતા, ધ્યાન - ત્રણેનું પ્રાધાન્ય છે.

વૈરાગ્યમાર્ગમાં ધ્યાન નથી, ધ્યાતાનું પ્રાધાન્ય છે અને
જ્ઞાનમાર્ગમાં કેવળ ધ્યાતા રહે છે.

ભક્તિમાર્ગમાં ધ્યાન - ધ્યાતા ગૌણ અને ધ્યેય મુખ્ય છે,
વૈરાગ્યમાર્ગમાં ધ્યેય - ધ્યાતા ગૌણ અને ધ્યાન મુખ્ય છે,
જ્ઞાનમાર્ગમાં ધ્યેય - ધ્યાન ગૌણ અને ધ્યાતા મુખ્ય છે.

સમાપત્તિ ત્રણ પ્રકારની છે : એકમાં ધ્યેયાવેશ,
બીજામાં ધ્યાનાવેશ તથા ત્રીજામાં આત્માવેશ છે.

ધ્યેયની મુખ્યતા વડે થતી તન્મયતા ભક્તિસ્વરૂપ છે,
ધ્યાનની મુખ્યતાએ થતી તન્મયતા વૈરાગ્યસ્વરૂપ છે અને
ધ્યાતાની મુખ્યતા વડે થતી તન્મયતા જ્ઞાનસ્વરૂપ છે.

વૈરાગ્ય એ પરભાવથી વિરમણતારૂપ છે અને
જ્ઞાન એ સ્વભાવથી રમણતારૂપ છે, કિન્તુ
બંનેનું મૂળ ધ્યેયની ભક્તિ જ છે.

મોક્ષનું સાધન જેમ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી રત્નત્રય છે,
તેમ ચતુર્વિધ સંઘના સંઘટન માટેનું સાધન
દેવ, ગુરુ અને શાસ્ત્રરૂપી રત્નત્રય છે.

દેવ માટે દેવમંદિરો, ગુરુ માટે ઉપાશ્રયો અને શાસ્ત્ર
માટે જ્ઞાનભંડારો - એ ત્રણેની રક્ષા, વૃદ્ધિ અને ભક્તિ
એ શ્રી જૈન સંઘની સુરક્ષા માટે અનિવાર્ય છે.

રામ, લક્ષ્મણ અને રાવણ - ત્રણેને સીતા ઉપર પ્રેમ હતો.
રામનો પ્રેમ માનુષી, લક્ષ્મણનો દૈવી, રાવણનો રાક્ષસી હતો.
એમ ત્રણેના પ્રેમ વચ્ચે મોટું અંતર હતું.

o ન કૃતં સુકૃતં કિંચિત્ સતાં સંસ્મરણોચિતમ્ ।
મનોરથૈકસારાણાં એવમેવ ગતં વયઃ ॥ અર્થાત્:
રાજા વસ્તુપાલ પોતાની રચનામાં કહે છે કે:
સજ્જનો સ્મરણ કરી શકે,
એવું કાંઈપણ સુકૃત મેં કર્યું નથી.
માત્ર મનોરથ કર્યા કરવામાં મારું જીવન
એમ ને એમ પસાર થઈ ગયું.

o

o The mind has many levels.
The lowest is તૃષ્ણા, means ego-desire
for the world of 5 senses.
Above is the thought - machine of
daily use and for the few
the faculty of higher thought, of noble,
abstract thinking whichever
moves to awareness of total unity.
Paramatman = Beyond the atman.

'प्रयत्नशैथिल्यानन्तसमापत्तिभ्याम् ।'

'પ્રયત્ન શૈથિલ્ય' એટલે...

માનસિક અને શારીરિક ઉભયવિધ પ્રયત્નની મંદતા

તથા અનંત એટલે સર્વવ્યાપક.

પરમાત્મશક્તિની સમાપત્તિ એટલે...

'તે હું જ છું' એવી દૃઢતમ ભાવના.

પરમેષ્ઠિ તે આત્મા - તેમાં પરમેષ્ઠિ એ વિશેષ્ય છે

અને આત્મા એ વિશેષણ છે.

આત્મા એ પરમેષ્ઠિ - તેમાં આત્મા એ વિશેષ્ય છે

અને પરમેષ્ઠિ એ વિશેષણ છે.

object એ ઉદ્દેશ્ય - વિશેષ્ય.

predicate એ વિધેય - વિશેષણ.

ઓંકાર તે આત્મા, વિશેષ્ય, object.

આત્મા તે ઓંકાર, વિધેય, predicate.

એકમાં ઓંકાર તે વિશેષ્ય છે અને આત્મા વિશેષણ,

બીજામાં આત્મા તે વિશેષ્ય છે અને ઓંકાર વિશેષણ.

'सत्यं भूतहितं प्रोक्तम् ।' - इति स्मरणात्

: अर्थः :

'જીવોને હિતકારી હોય, તે જ સત્ય છે' એમ કહ્યું છે.

મનસશ્ચેન્દ્રિયાણાં ચૈકાગ્ર્યં પરમં તપઃ ।
ઇતિ સ્મરણાત્ । અર્થાત્: મન અને પાંચે ઇન્દ્રિયોની
એકાગ્રતા એ શ્રેષ્ઠ તપ છે - એમ કહેલું છે.

નમસ્કાર - પ્રણિધાન

(૧) પંચ પરમેષ્ઠિ ૧૦૮ ગુણ સહિત છે,
એમ માનીને જે નમસ્કાર થાય,
તે ભેદનમસ્કાર છે, ભેદપ્રણિધાન છે.

(૨) પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણ પામવા માટે
જે નમસ્કાર થાય,
તે સંભેદ નમસ્કાર છે, સંભેદ પ્રણિધાન છે.

(3) પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણ પોતાના આત્માનું જ નૈશ્ચયિક સ્વરૂપ છે, એમ માનીને જે નમસ્કાર થાય,
તે અભેદનમસ્કાર છે, અભેદપ્રણિધાન છે.

અભેદ માટે સંભેદ - સંભેદ માટે ભેદપ્રણિધાન જરૂરી.
પ્રથમ ગુણીનું જ્ઞાન, પછી તેના શ્રદ્ધા - રુચિ - અભિલાષ
અને પછી તેની પ્રાપ્તિ - એ ક્રમ છે.
ભેદ એ નૈગમ - વ્યવહારનો વિષય છે,
સંભેદ એ ઋજુસૂત્રનો વિષય છે અને
અભેદ એ શબ્દાદિ નયોનો વિષય છે.

ભેદથી વિવક્ષા, સંભેદથી ધ્યાન, અભેદથી સમાધિ પ્રકટે.
ભેદપ્રણિધાન તે ભક્તિ, સંભેદપ્રણિધાન તે ધ્યાન તથા
અભેદપ્રણિધાન તે ધ્યાતાસ્વરૂપ છે.
ભક્તિમાર્ગમાં ત્રિપુટી, વૈરાગ્યમાર્ગમાં ધ્યેય-ધ્યાન તથા
જ્ઞાનમાર્ગમાં કેવળ ધ્યાતાનું આલંબન છે.

## કયા પદમાં શેનો સમાવેશ ?

(1) પ્રવચનપદમાં પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિ.
(2) સૂરિપદમાં ગુણવંત ગુરુની ભક્તિ.
(3) પાઠકપદમાં બહુશ્રુત - ગીતાર્થના ગુણગાન.
(4) સાધુપદમાં તપસ્વી સાધુઓનું ગુણવર્ણન.
(5) જ્ઞાનપદમાં ભણેલાનું ચિન્તવન.
(6) દર્શનપદમાં નિર્મળ સમકીતનું આરાધન.
(7) ચારિત્રપદમાં આવશ્યકાદિનું સેવન.
(8) બ્રહ્મચર્યપદમાં ગ્રહણ કરેલ વ્રત-નિયમનું પાલન.
(9) ક્રિયાપદમાં ધર્મધ્યાન - શુક્લધ્યાનની ક્રિયા.
(10) ગોયમપદમાં અભયદાન - સુપાત્રદાન.
(11) જિનપદમાં દશવિધ વૈયાવચ્ચ.
(12) સંયમપદમાં ચતુર્વિધ સંઘને સમાધિ.
(13) તીર્થપદમાં મિથ્યાત્વનો નાશ - સમ્યક્ત્વનો ઉદ્યોત.

પાંચ પદના મૂળમંત્રમાં પંચ પરમેષ્ઠિને નમના
ગુણોના ઉત્કૃષ્ટ તથા તે ગુણોની પ્રાપ્તિ પોતાને થાય,
એ ઉદ્દેશ નમસ્કાર કરવો, તે ભાવનમસ્કાર છે.
કેવળ ગુરુના ગુણોના ઉત્કૃષ્ટ નમસ્કાર કરવો,
તે દ્રવ્યનમસ્કાર છે. It is a heroworship.
તે ગુણ પામવાને ઉત્કૃષ્ટ નમસ્કાર તે ભાવનમસ્કાર છે.
પહેલામાં વસ્તુત્વ છે, બીજામાં પૂજ્યત્વ છે.
'પોતાના આત્માનું તે સ્વરૂપ છે'
એવી ભાવને નમસ્કાર તે નિશ્ચય નમસ્કાર છે.
પ્રથમ નમસ્કારમાં ભેદપ્રણિધાન, બીજામાં સંભેદપ્રણિધાન
અને ત્રીજામાં અભેદપ્રણિધાન છે.
ચૂલિકાના ચાર પદોમાં જે નમસ્કાર છે, તે
જ્ઞાન - દર્શન - વિનય, ક્રિયા, વૈયાવચ્ચાદિ ગુણ સહિતનો છે,
તેમાં સંભેદ એ પાપનાશક અને અભેદ મંગલોત્પાદક છે.

## ભગવાન મહાવીરનું અધ્યાત્મ દર્શન

ભગવાન મહાવીરના દર્શનમાં પ્રત્યેક જીવાત્મા
દ્રવ્યથી અનાદિનિધન અને શુદ્ધ - નિરંજન છે.
જે કાંઈ અશુદ્ધતા છે,
તે પરયોગત છે અને ઔપાધિક છે, મૂળભૂત નથી.

નિશ્ચયદૃષ્ટિએ વિચારતાં નિગોદથી માંડીને
સિદ્ધ પર્યંતના જીવો શુદ્ધ છે, એકરસ છે, સમ છે,
નિર્વિકલ્પ અને નિર્વિભેદ છે.

'સવ્વે સુદ્ધા હુ સુદ્ધ નયા |'

સ્તુતિ: સર્વ જીવ શુદ્ધ નયથી શુદ્ધ છે.

એ રીતે નિશ્ચયનય અપેક્ષાએ જાતના ભેદભાવ વિના
વિશ્વચૈતન્યને અખંડ પરબ્રહ્મ સ્વરૂપ જુએ છે,
નરમાત્રમાં નારાયણને જુએ છે તથા
પ્રાણીમાત્રમાં પરમાત્મદર્શન કરે છે.
ભગવાન મહાવીરનો પ્રત્યેક અનુયાયી
એ રીતે આત્મભાવની ભાવના કરી રહેલ હોય છે.
આ માત્ર કલ્પના નથી પણ સત્ય ભાવના છે.
એને 'આત્મભાવના' કહેવામાં આવે છે. કહ્યું છે કે:

ઉચિત વ્યવહાર અવલંબને એમ કરી સ્થિરપરિણામ રે;
ભાવીએ શુદ્ધ નય ભાવના, પાવનાશય તણું ઠામ રે.

- ચેતન જ્ઞાન અજુવાળીએ.

દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે,
અક્ષય - અકલંક છે જીવનું, જ્ઞાન આનંદસ્વરૂપ રે.

- ચેતન જ્ઞાન અજુવાળીએ.

'હું એક અખંડ શાશ્વત ચિત્ ચમત્કાર ચૈતન્યમૂર્તિ છું.
પરાશ્રયરહિત એકમાત્ર નિર્દ્વન્દ્વ સ્વાવલંબી, જ્ઞાનસ્વભાવી
અનાદિ - અનંત આત્મા છું.' 'अतते इति आत्मा ।'
સ્વભાવે સતત ગતિશીલ, જ્ઞાનશીલ, પ્રાપ્તિશીલ તે આત્મા.
સ્વદ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી સત્ છું, તેથી તે મારા છે.
પરદ્રવ્યાદિથી અસત્ છું અર્થાત્ અંશમાત્ર તે મારા નથી.

મારો એક આત્મા જ મારા માટે
ધ્રુવ છે, આધાર છે, આલંબન છે, શરણ છે.
હું જ મારો છું, મારો જ હું છું.

બાહ્યદૃષ્ટિથી વિવિધ નિમિત્તોના કારણે મારામાં
નાનાત્વ છે પણ તે ઔપચારિક છે. અંતરદૃષ્ટિએ જોતાં
એક, અભેદ, શાશ્વત, શુદ્ધ, અસંગ આત્મા જ છે. તે
જેટલા અંશમાં પોતાને ભૂલી પરાશ્રયને અંગીકાર કરે છે,
તેટલા અંશમાં તે શુભાશુભ ભાવવાળો બને છે.
તેનું ફળ સંસારભાવ છે.

જેટલા અંશમાં આત્મદૃષ્ટ બની સ્વાશ્રયનું ગ્રહણ કરે છે,
ત્રિકાળ એકરૂપ ધ્રુવ શાશ્વત રૂપમાં પરિણમન પામે છે,
તેટલા અંશમાં તે તે નિર્વિકલ્પ શુદ્ધભાવવાળો બને છે.
તેનું ફળ મુક્તિભાવ છે.

આ રીતે પરાશ્રયી ભાવનાથી મુક્ત, સ્વાશ્રયી ભાવના
તે આત્મભાવના છે અને તે જ નિજત્વમાં જિનત્વની
ભાવના છે, જૈન સાધનાનો મૂળાધાર છે, સમ્યગ્દર્શન છે.
તે અહંકારથી રહિત શુદ્ધ અહંનો શુદ્ધ બોધ છે.
આ આત્મભાવના એટલે I am that I am.
જ્યાં સુધી સાધક સ્વાશ્રયી શુદ્ધ અહંનો નિર્મળ બોધ
નહિ કરતો, ત્યાં સુધી તે અધ્યાત્મથી મિથ્યાદૃષ્ટિ છે.
સ્વતંત્ર સ્વત્વ ઉપર, પૂર્ણ અખંડ વ્યક્તિત્વ ઉપર
તેને આત્મવિશ્વાસ જાગતો નહિ,
અભ્યુદય નિઃશ્રેયસનો તે અધિકારી બનતો નહિ તથા
પરમુખપ્રેક્ષિતા કરી જગતના દાસરૂપે ઘર ઘર ભટકે છે.
સ્વાશ્રયી ભાવનું દર્શન આંતરિક પુરુષાર્થને જગાડે છે.
એ પુરુષાર્થ વડે જ મુક્તિલાભ થઈ શકે છે.
તે પુરુષાર્થને જ બળ, વીર્ય, પૌરુષ, પરાક્રમ, ઉત્થાન, કર્મ
આદિ વિવિધ નામોથી સંબોધવામાં આવ્યો છે.
દૃષ્ટિમાં શુદ્ધ અધ્યાત્મને ધ્રુવતા કરીને વ્યવહાર
કરવામાં આવે છે, તો તે ઉચિત વ્યવહાર બને છે.
દૃષ્ટિમાં શુદ્ધ અધ્યાત્મનો પ્રકાશ ધ્રુવતા કરીને,
પોતાના સ્વત્વને, વ્યક્તિત્વને પૂર્ણતાના બોધથી

ભાવિત કરીને જે વ્યવહાર કરવામાં આવે છે,
તે જ શુદ્ધ વ્યવહાર છે. કહ્યું છે કે :

નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર ... (૧)

આ દૃષ્ટિ પરાશ્રયી ભિક્ષુક મનોવૃત્તિનું અંતરબાહ્ય મૂલોચ્છેદન કરે છે, ત્યારે બાહ્યબાહ્ય બાબતો પ્રત્યે સહિષ્ણુ, ઉદાર અને સમબુદ્ધિ બનાવે છે.

બાબતના વ્યક્તિત્વને જ્યારે કેવળ વ્યવહાર પક્ષથી જ જોવામાં આવે છે, ત્યારે ઉચ્ચતા - નીચતાનું વૈવિધ્ય નજરે ચઢે છે, શુભાશુભ વિકલ્પોની માયાજાળ પ્રસરે છે તથા પરસ્પરની ઘૃણા અને વૈરભાવ - વૈરબુદ્ધિ પ્રસરે છે.

શુદ્ધ નયનું અધ્યાત્મદર્શન એ જ સર્વત્ર વ્યાપ્ત વિષમતામૂલક વિષપ્રવાહનું અમોઘ ઔષધ છે. જ્યારે આપણે પ્રાણીમાત્રમાં ઉપરના કવચોથી મુક્ત અલિપ્ત અંદર રહેલા ચેતનાનું દર્શન કરીએ છીએ, ત્યારે સર્વત્ર અંતરંગ, શુદ્ધ, નિરંજન તથા નિર્વિકલ્પ મૂળ પરબ્રહ્મભાવનો સાક્ષાત્કાર થાય છે કે જ્યાં ફક્ત એકતા, એકરૂપતા અને સમતા જ રહેલી છે.

વળી વિષમતા, દ્વેષ, વૈર, દ્વન્દ્વનો સર્વદા, અભાવ છે.
જે કાંઈ ભેદ - વૈષમ્ય છે, તે ઔપચારિક - ઔપાધિક છે.
આત્માના મૂળમાં તેનું લેશમાત્ર અસ્તિત્વ નથી.
જે ઉપચાર છે, તે આરોપિત છે અને જે આરોપિત
છે, તે શુદ્ધ સાર્વભૌમજ્ઞાન ચેતનાના શુદ્ધ પરિણમનથી
દૂર કરી શકાય છે. જ્યારે પણ આપણે વિષમતાને
પૌદ્ગલિક માનવાનો ઇન્કાર કરી દઈએ છીએ, ત્યારે
તે વિષમતા પોતાની મેળે જ મરી જાય છે.
એ રીતે ભગવાન મહાવીરનું અધ્યાત્મદર્શન
પ્રત્યેક વ્યક્તિની નૈશ્ચયિક શુદ્ધતા અને
સ્વતંત્રતાનું પ્રતિપાદન કરે છે અને
તેના પરિણામે સમસ્ત ચૈતન્યજગતમાં
એકરસતા અને સમત્વની સ્થાપના થાય છે.

० अभिहाणं अभिहेयाउ होइ भिण्णं अभिण्णं च ।
खुरअग्गिमोदगुच्चारणम्मि जम्हा उ वयणसवणाणं ॥१॥
नवि छेओ नवि दाहो ण पूरणं तेण भिण्णं तु ।
जम्हा य मोदगुच्चारणम्मि तत्थेव पच्चओ होइ ॥२॥
न य होइ स अन्नत्थे तेण अभिण्णं तदत्थाओ ।

- भद्रबाहुस्वामि - निर्युक्तौ (પરિશિષ્ટ-૧૪)

જેમણે પૂર્વજન્મ અને પુનર્જન્મમાં માન્યે છે, તેમણે
વિશ્વના સમસ્ત જીવોની સાથે સર્વ પ્રકારના સંબંધો
અનેકવાર થયાનું માનવું જ પડશે, તેથી સમગ્ર વિશ્વ
પોતાનું કુટુંબ છે, એનો સ્વીકાર કરવો જ પડશે.

અહીં પ્રશ્ન પણ થશે કે:

માતા - પિતાદિ સર્વ સંબંધો સર્વ જીવો સાથે
અનંતવાર થવા છતાં તે જ જીવો સાથે
સ્નેહના બદલે વૈર કેમ છે? તેનો ઉત્તર એ છે કે:
એ સ્નેહની વચ્ચે દેહ આવે છે અને
જ્યાં દેહ છે, ત્યાં દેહનો સ્વાર્થ રહેલો છે.
એ સ્વાર્થ જ વૈરવિરોધનું મૂળ બને છે,
તેથી જેમણે એ વૈરભાવથી નિર્મુક્ત થવું હશે,
તેઓએ દેહ છતાં વિદેહની ભાવના કેળવવી પડશે.

વિદેહભાવના = દેહરહિત બનવાની ભાવના. તેનાથી જ
તપ, સંયમાદિ શુભક્રિયાઓનો અનુરાગ જાગે છે અને
હિંસાદિ પાપસ્થાનોથી વિરામ પામવાની
પ્રતિજ્ઞા અંગીકાર કરવાનું મન થાય છે.
સકલ ધર્મસ્થાનોની ઉત્પત્તિ વિદેહ - દેહરહિત થવાની
ભાવનામાં રહેલી છે, તેથી તે ધર્મનું બીજ છે.

વિદેહમુક્તિને વરેલા જીવોની પૂજાનું પ્રાધાન્ય પણ
તેમાંથી જ પ્રકટે છે અને અંતે એ પ્રાધાન્ય
વિદેહ અવસ્થાને વરેલા - મોક્ષ મેળવી આપે છે.

(a) નમસ્કાર એ પૂજ્યનો છે, કેમકે તે પૂજ્યની પ્રતીતિ કરાવે છે. જેમ ઘટનું રૂપ ઘટની પ્રતીતિ કરાવે છે, માટે ઘટનો ધર્મ કહેવાય છે, તેમ અરિહંતાદિનો નમસ્કાર અરિહંતાદિની પ્રતીતિ કરાવે છે, માટે તેમનો ધર્મ છે.

(b) નમસ્કારનો પરિણામ નમસ્કાર્યનું નિમિત્ત પામીને ઉત્પન્ન થાય છે, માટે નમસ્કાર્યનો છે. ઘટના નિમિત્તે ઉત્પન્ન થતું ઘટજ્ઞાન કે ઘટઅભિધાન એ જેમ ઘટનું છે, તેમ નમસ્કાર્યના નિમિત્તે થતો નમસ્કારનો પરિણામ પણ નમસ્કાર્યનો જ પ્રસિદ્ધ છે.

(c) નમસ્કાર કરનાર નમસ્કાર્યનું દાસત્વ પામે છે, તેથી
તેના ઉપર અધિકાર નમસ્કાર્યનો છે,
કિન્તુ નમસ્કાર કરનારનો નહિ.

મારા દાસે ખર ખરીદ્યો, તેમાં દાસ અને ખર - ઉભય તેના સ્વામીના છે, તેમ ખરના સ્થાને નમસ્કાર અને દાસના સ્થાને તેનો કરનાર બંને પૂજ્ય અર્હદાદિના જ છે.

આ મત નૈગમ - વ્યવહારનો છે.

સંગ્રહનો મત લેઈને સ્વીકારતો નથી, તેથી
તેના મતે જીવ સામાન્યનો નમસ્કાર છે.
સંગ્રહનયના મતે પછી વિભક્તિથી નિર્દિષ્ટ ભિન્નાધિકરણત્વ
છે જ નહિ, કિન્તુ સામાનાધિકરણ્ય જ છે, તેથી
સત્તા સામાન્યરૂપે એક જ નમસ્કારને તે માને છે.
ઋજુસૂત્રનય એ નમસ્કારને
નમસ્કાર્યનો નહિ પણ નમસ્કાર કર્તાનો માને છે.

### 3 પ્રકારનો નમસ્કાર: જ્ઞાનરૂપ, શબ્દરૂપ તથા ક્રિયારૂપ.

જ્ઞાનરૂપ નમસ્કાર જીવથી અભિન્ન છે,
તેથી અન્યનો ન હોઈ શકે.
શબ્દરૂપ અને ક્રિયારૂપ નમસ્કાર પણ
શબ્દ કરનાર અને ક્રિયા કરનારનો ધર્મ છે,
તે અન્ય દ્રવ્યમાં કેવી રીતે જઈ શકે?
કૃતનાશ - અકૃતાગમાદિ દોષ આવે.
નમસ્કારનું અનંતર ફળ પરિણામની વિશુદ્ધિ અને
નમસ્કારનું પરંપર ફળ સ્વર્ગાપવર્ગાદિની પ્રાપ્તિ છે.
તે ફળ પૂજકને પ્રાપ્ત થાય છે, માટે
નમસ્કાર પૂજકનો છે, પૂજ્યનો નહિ.
તે કરનારને આધીન છે, કરનારના ગુણરૂપ છે.

ફળનો ભોક્તા કરનાર છે અને નમસ્કારાવરણીય કર્મનો
ક્ષયોપશમ પણ કરનારમાં જ થાય છે.

શબ્દાદિ નયોના મતે નમસ્કારના ઉપયોગરૂપ જ્ઞાન જ
નમસ્કાર છે, કિન્તુ શબ્દ અને ક્રિયા નમસ્કાર નહિ.
આ નયો માત્ર જ્ઞાનવાદી છે, તેથી એમ માને છે કે:
નમસ્કાર એ ઉપયોગવાન પુરુષનો જ નમસ્કાર છે.

શ્રી अमरचंद्रसूरि कृतम् पद्मानंद महाकाव्यम्

अर्हं। अर्हं नौमि सदार्हन्त्य-कारणं सकलार्हतां।
स्वसिद्धिश्रीजयदं श्रीमन् महानंदं महोदयम् ॥१॥ ८ बिंदु
मुदार्होऽपि तदार्हन्त्यं भूर्भुवःस्वस्त्रयेश्वरं।
यदाराध्य ध्रुवं जीवः स्यादर्हन्परमेश्वरः ॥२॥ ४ बिंदु
अर्हतस्स्थापना-नामद्रव्यभावैश्चतुर्विधाः।
चतुर्गतिभवच्छेदं भवं सिद्धिषु भाविनां ॥३॥ ५ बिंदु

o

(પરિશિષ્ટ-૧૫)

Life is not for attaining
but for striving.
We live in a tremendous age
in an age of miracles and the
greatest miracle is a human being
awakening to its own potential.

वाक् च सत्यास्त्वीतिसनाथीकृता । अर्थात् :
વાણી એ સાચો પ્રકાશ છે, અસત્ય વાણી અંધકાર છે.

निष्क्रियं च स्वतन्त्रं च वशिनं सर्वगं विभुम् ।
वदन्त्यात्मानमात्मज्ञाः क्षेत्रज्ञं साक्षिणं तथा ॥ च. सं. शा
અર્થાત્ : નિષ્ક્રિય, સ્વતંત્ર, સ્વાધીન, સર્વ વ્યાપ્ત, વિભુ
આત્માને આત્મજ્ઞ પુરુષો ક્ષેત્રજ્ઞ અને સાક્ષી કહે છે.

જે દ્રવ્ય જે ઈંદ્રિયથી ગ્રાહ્ય થાય છે,
તેનો અભાવ પણ તે જ ઈંદ્રિયથી ગ્રાહ્ય થાય છે.
ચક્ષુર્બુદ્ધિ, મનોભવબુદ્ધિ, આત્મા, ઈંદ્રિય, મન અને
વિષયના સન્નિકર્ષથી પ્રત્યક્ષ જ્ઞાન ઉત્પન્ન થાય છે.
૫ ભૂત, ૫ વિષય, ૧૦ ઈંદ્રિય, મન, બુદ્ધિ, અહંકાર
અને મહાન* મળીને ૨૪ રાશિસમૂહને 'પ્રકૃતિ' કહે છે.

પુરુષ નિત્ય, અવ્યક્ત, અચિન્ત્ય છે.
તેને ક્ષેત્રજ્ઞ, વિભુ, અવ્યય કે અતીન્દ્રિય પણ કહે છે.
મહત્, પ્રકૃતિ, અવ્યક્ત (મિલિત) પ્રકૃતિ અને પુરુષ.

જન્મ એટલે શું ? મૃત્યુ એટલે શું ?
અવ્યક્તનું કારણથી વ્યક્ત થવું તે જન્મ.
વ્યક્તનું કારણમાં લીન થવું તે મૃત્યુ.

o

* સાંખ્યદર્શને માનેલ એક તત્વ, તેને 'મહત્' પણ કહે છે.

## રજસ્ અને તમસ્ વિષે બે શ્લોક

रजस्तमोभ्यां केवलस्य संयोगोऽयमनन्तवान् ।
ताभ्यां निराकृताभ्यां तु सत्त्ववृत्त्या निवर्तते ॥३६॥
येषां द्वन्द्वे पराऽऽसक्ति - रहंकारपराश्च ये ।
उदय - प्रलयौ तेषां, न तेषां ये त्वतोऽन्यथा ॥३७॥

(પરિશિષ્ટ-૧૬)

(૧) રાગપક્ષ - કામ, મત્સર, સ્પૃહા, તૃષ્ણા તથા લોભ.
(૨) દ્વેષપક્ષ - ક્રોધ, ઈર્ષા, અસૂયા, દ્રોહ તથા અમર્ષ.
(3) મોહપક્ષ - મિથ્યાજ્ઞાન, વિચિકિત્સા, માન તથા પ્રમાદ.

प्राणापान - निमेषोन्मेष - जीवन - मनो - गतीन्द्रियान्तर विकाराः, सुखदुःखेच्छाद्वेषप्रयत्नाश्चात्मनो लिंगानि ।
- વૈશેષિક, ૩ । ૨ । ૪ અર્થાત્:

શ્વાસ - ઉચ્છ્વાસ, નિમેષ - ઉન્મેષ, જીવન, મન, ગતિ, ઈન્દ્રિય - આ બધા આત્માના આંતરવિકારો છે. સુખ - દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન - એ આત્માની ઓળખના ચિહ્નો છે.

मायदीय उपधा । अदीयोऽनुपधा ।

अश्रद्धा - मद - मानाऽसूया - प्रभृतिर्मानसदोष उपधा ।

અર્થાત્: અશ્રદ્ધા, મદ, માન, અસૂયાદિ માનસ દોષો 'ઉપધા' છે. આ દોષો ન હોય કે અદોષ 'અનુપધા' છે.

આત્મા ચૈતન્યવાન છે, માટે કર્તા છે.

મન ક્રિયાવાન હોવા છતાં અચેતન છે, માટે અકર્તા છે.

ધી, ધૃતિ, સ્મૃતિ - એ પ્રજ્ઞાના ભેદ છે,

તેનો વિભ્રંશ થવો, તે પ્રજ્ઞાપરાધ છે.

નિત્યાનિત્ય, હિતાહિતનું યથાર્થ જ્ઞાન ન થવું, તે બુદ્ધિભ્રંશ છે, કેમકે બુદ્ધિ નિત્યાનિત્ય, હિતાહિતને યથાર્થ જાણે છે.

બુદ્ધિઃ સત્યપક્ષપાતિની। બુદ્ધિ સત્યનો પક્ષપાત કરનારી હોય.

વસ્તુ જેવી હોય, તેને તે રીતે જોવી તે બુદ્ધિનું લક્ષણ છે, તેને સમબુદ્ધિ, નિષ્પક્ષબુદ્ધિ, યથાર્થબુદ્ધિ કહેવાય છે.

સમતા, નિષ્પક્ષપાતિતા, સત્યપક્ષપાતિતા.

ધૃતિ એ મનનું નિયંત્રણ છે.

અહિત વિષયમાં જતાં મનને ન રોકવું, તે ધૃતિભ્રંશ છે.

રજ-તમથી આચ્છિન્ન સ્મૃતિ સ્થિત વસ્તુનું સ્મરણ કરી શકતી નથી તે સ્મૃતિભ્રંશ છે, તત્ત્વજ્ઞાનની વિરોધી છે.

ધી - ધૃતિ - સ્મૃતિ - વિભ્રષ્ટઃ કર્મ યત્કુરુતેऽશુભમ્ ।
પ્રજ્ઞાપરાધં તં વિદ્યાત્ સર્વદોષપ્રકોપણમ્ ॥૧૦૨॥

કાલસ્ય પરિણામેન જરા - મૃત્યુ - નિમિત્તજાઃ ।
રોગાઃ સ્વાભાવિકાઃ દૃષ્ટાઃ સ્વભાવો નિષ્પ્રતિક્રિયઃ ॥૧૧૫॥

(પરિશિષ્ટ-૧૭)

કાળ, બુદ્ધિ અને વિષયોનો અતિયોગ, અયોગ અને
મિથ્યાયોગ શારીરિક - માનસિક વ્યાધિઓનું કારણ છે.
તેને 'અસાત્મ્ય' પણ કહે છે.

ઇંદ્રિયો કે વિષયો સુખ - દુઃખનું કારણ નથી, કિન્તુ
તેનો અતિયોગ આદિ દુઃખનું કારણ છે અને
સમયોગ એ સુખનું કારણ છે.

અતિયોગાદિ પ્રતિકૂળતાનું કારણ છે તથા
સમયોગ એ અનુકૂળતાનું કારણ છે.

સુખ - દુઃખથી જે રાગદ્વેષરૂપી તૃષ્ણા ઉત્પન્ન થાય છે,
તે તૃષ્ણા જ સુખ - દુઃખમાં પ્રવૃત્તિ કરાવીને
જીવના જન્મ - મરણનું કારણ બને છે.

आत्मस्थे मनसि शरीरस्य दुःखाऽभावः स योगः ।
- वैशेषिक दर्शन, ५/२/१६

અર્થાત : આત્મામાં રહેલા મનમાં
શરીરના દુઃખોનો અભાવ, તે 'યોગ' કહેવાય.

વિનયાચારનો ભંગ અને પૂજ્ય પુરુષનો તિરસ્કાર -
એ પણ શારીરિક - માનસિક રોગનું કારણ છે.

गतिर्ब्रह्मविदां ब्रह्म तच्चाक्षरमलक्षणम् ।
ज्ञानं ब्रह्मविदां चाऽत्र नाऽल्पास्तज्ज्ञातुमर्हति ॥१५६॥
(પરિશિષ્ટ-૧૮)

આદેશથી તથા ઉપદેશથી પણ જ્ઞાન થાય છે.
દેવદત્તના ચિત્રથી દેવદત્તનું જ્ઞાન થવું, તે આદેશ અને
દુઃખાનુભવથી સુખનું જ્ઞાન થવું, તે ઉપદેશથી જ્ઞાન.
૦ છ ધાતુઓનો સમુદાય એ સામાન્યથી લોક છે.
પૃથ્વી આદિ પાંચ ભૂત અને છઠ્ઠું અવ્યક્ત બ્રહ્મ.

લોકમાં અને પુરુષમાં

અનાદિ સમાનતાને જોવી, તે મોક્ષનો ઉપાય છે.
ધી, ધૃતિ અને સ્મૃતિનું બળ વધારવું.
ઇંદ્રિયોમાં અસક્ત આત્મા શુદ્ધ સત્ત્વવાન છે.

लोके विततमात्मानं लोकं चाऽत्मनि पश्यतः ।
परावरदृशः शान्तिर्ज्ञानमूला न नश्यति ॥(परिशिष्ट-१९)

मीयते परिच्छिद्यते प्रमातृप्रमेयप्रपंचो यया सा माया ।
विभिन्नतया बुद्धिरेवमाया । उद्धृतिः
પ્રમાતા અને પ્રમેયનો વિસ્તાર જેના વડે જણાય,
તે માયા છે. વિભિન્નપણા વડે બુદ્ધિ એ જ માયા છે.
सर्वस्य सर्वमयत्वात् जीवोऽपि सर्वमयः । उद्धृतिः
બધી વસ્તુ સર્વમય છે, માટે જીવ પણ સર્વમય છે.
पाशास्त्रिविधः - १ आणव २ कार्मण ३ मायीय । उद्धृतिः
પાશ 3 પ્રકારે : (१) અણુનો (२) કર્મનો (3) માયાનો.

(૧) મૂળ કારણ - ઈચ્છાશક્તિ
(૨) કાર્યકારણ - ક્રિયાશક્તિ (૩) અંતિમકાર્ય - જ્ઞાનશક્તિ.
યઃ સંકોચઃ સ એવાઽસ્યાણવો મલ ઉચ્યતે ।
અર્થાત્: જે સંકોચ છે,
તે જ આત્માનો અશુદ્ધિ બનેલો 'મલ' કહેવાય છે.

શુદ્ધવિદ્યાનું શક્તિપંચક

(૧) સર્વકર્તૃત્વ (૨) સર્વજ્ઞત્વ (૩) પૂર્ણત્વ
(૪) નિત્યત્વ (૫) વ્યાપકત્વ.

અશુદ્ધવિદ્યાનું શક્તિપંચક

(૧) કલા (૨) વિદ્યા (૩) રાગ (૪) કાલ (૫) નિયતિ.
રૂપતઃ ભાન્તિ ।
કલા - કર્તૃત્વ, વિદ્યા - સર્વજ્ઞત્વ, રાગ - પૂર્ણત્વ,
કાલ - નિત્યત્વ, નિયતિ - વ્યાપકત્વ.

મૂલાવિદ્યા તથા તુલાવિદ્યા

મૂલાવિદ્યા = સર્પમાં સર્પની જ બુદ્ધિ.
તુલાવિદ્યા = રજ્જુમાં સર્પની બુદ્ધિ.
મૃગતૃષ્ણામાં જલજ્ઞાન, ભ્રાન્તજ્ઞાન.
સ્વપ્ન જ્ઞાનને સત્ય માનવું, તે તુલાવિદ્યા.
જાગ્રત જ્ઞાનને સત્ય - ત્રૈકાલિક માનવું, તે મૂલાવિદ્યા.

જાગ્રતનો અર્થ પ્રસિદ્ધ અર્થ છે,

દ્રવ્યથી બ્રહ્મ - આત્મા છે - આત્મસ્વરૂપ છે, તેવું ન માનતાં તેને કેવળ અર્થબુદ્ધિ જાણવી, તે મૂળાવિદ્યા છે.

માયીય જ્ઞાનશક્તિ = જાગ્રતનું જ્ઞાન,

તે જ્ઞાનશક્તિ માયીય છે.

આણવનું કાર્ય કાર્મિક, કાર્મિકનું કાર્ય માયીય.

આણવમળ - ભાવકર્મ - ઈચ્છાશક્તિ

કાર્મિકમળ - દ્રવ્યકર્મ - ક્રિયાશક્તિ

માયીયમળ - બંનેનું કાર્ય - જ્ઞાનશક્તિ

કર્મચેતના કર્મફળચેતના જ્ઞાનચેતના

જીવમાત્રમાં રહેલ કૃત્યપંચક (ખંડપ્રલય - સૃષ્ટિ)

(૧) સૃષ્ટિ (૨) સ્થિતિ (૩) સંહાર (૪) નિગ્રહ (૫) અનુગ્રહ.

मंत्रा वर्णात्मका सर्वे सर्वे वर्णा शिवात्मकाः | अर्थात्:

સર્વ મંત્રો વર્ણસ્વરૂપ છે અને સર્વ વર્ણો શિવસ્વરૂપ છે.

वर्णात्मको न मन्त्रो दशभुजदेहो न पंचवक्त्रोऽपि |

संकल्पपूर्वको ही, नादोल्लासो भवेन्मंत्रः || - चित्तंमन्त्रः

મંત્ર માત્ર વર્ણસ્વરૂપ નથી. એ પાંચ મુખવાળો વ્યક્તિ દશ હાથવાળો હોતો નથી. સંકલ્પપૂર્વકનો નાદનો ઉલ્લાસ તે મંત્ર થાય. ચિત્ત એ મંત્ર છે.

चेत्यते विमृश्यतेऽनेन परं तत्त्वमिति चित्तम्।
જેનાથી પરમતત્ત્વનું ચિન્તન થઈ શકે, તે 'ચિત્ત' ઇત્યાદિ.
चितिरेव चेतनपदादवरूढा चेत्यसंकोचिनी चित्तम्।
અર્થાત્: ચૈતન્યપદ વડે રૂઢ થયેલ જ્ઞાનસંકોચવાળી
ચિતિ એટલે જ ચિત્ત.
सर्वे वर्णात्मका मन्त्रास्ते च शक्त्यात्मकाः प्रिये।
शक्तिस्तु मातृका ज्ञेया सा च ज्ञेया शिवात्मिका ॥१॥
અર્થાત્: હે પ્રિયે!
સર્વ મંત્રો વર્ણાત્મક છે અને વર્ણો શક્તિસ્વરૂપ છે.
શક્તિ માતા જાણવી અને તે શિવસ્વરૂપી છે.
સ્વરો એ આંતરજગતનું પ્રતીક છે,
વ્યંજનો એ બાહ્યજગતનું પ્રતીક છે.
'અ' અમરત્વનું બીજ તથા 'ક્ષ' ભવનાંકુર છે.
यदा क्षोभः प्रलीयेत तदा स्यात् परमं पदं।
જ્ઞાન, ક્રિયા અને ઇચ્છા એ પતિમળ છે,
સત્ત્વ - રજ - તમ એ પશુમળ છે.
पाशितत्वात् पशुः। બંધાતો હોવાથી 'પશુ' ઇત્યાદિ છે.
स्वांगरूपेषु भावेषु पत्युर्ज्ञानं क्रिया च या।
माया तृतीये ते एव पशोः सत्त्वं रजस्तमः॥ અર્થાત્:

સત્ત્વ - રજ - તમ એ જીવને પાશરૂપ બનીને
બંધનમાં નાંખે છે તથા રાગ, ક્રિયા અને ઇચ્છા
એનું જ રૂપાંતર બનીને સ્વતંત્રતા અર્પે છે.
સ્વરૂપાવબોધ માત્ર શિવના અનુગ્રહથી થઈ શકે છે.

स्वातंत्र्यमहिमैवाऽयं देवस्य यदसौ पुनः ।
स्वं रूपं परिशुद्धं सत् स्पृशत्यप्यणुमानतः ॥

અર્થાત્: આ દેવ સ્વતંત્ર મહિમાવાળા જ છે,
તો પણ પોતાનું સ્વરૂપ શુદ્ધ થયે છતે અણુમાનથી
દેવનો મહિમા સ્પર્શી શકાય છે.

मध्यविकासात् चिदानन्दलाभः । મધ્ય = સુષુમ્ણા નાડી.
તેના વિકાસ માટેની યુક્તિ અને ઉપાયો:
विकल्पक्षयः शक्तिसंकोच - विकासवाहच्छेदाद्यन्त -
कोटिनिभालनादय इह उपायाः ।

(૧) વિકલ્પનો ક્ષય (૨) શક્તિનો સંકોચ - વિકાસ
(૩) વાહ છેદ - પ્રાણાપાન છેદ - સરળ કુંભક
(૪) આદિ - હૃદય (૫) અંત - સહસ્રાર - દ્વાદશાંત
(૬) નિભાલન - ધ્યાન - સ્થિર ચિત્ત. અન્ય ઉપાયોમાં
પ્રાણાયામ, મુદ્રાબંધાદિ દ્વારા પણ વિકલ્પની હાનિ થતાં
એકાગ્રતા દ્વારા ક્રમશઃ પરમૈશ્વર્ય પદ પ્રાપ્ત થાય છે.

નવકાર મંત્ર ગણવામાં આપણું મન
પંચ પરમેષ્ઠિ ભગવંતો ઉપર કેન્દ્રિત થાય છે,
તે જ વખતે આપણો ઉપયોગ, જ્ઞાન, દર્શન, વિનયાદિ
પોતાનું શુભ કાર્ય કરે છે અને સાથે જ અપ્રત્યક્ષ
આપણું પોતાનું પરમેષ્ઠિ સ્વરૂપ પ્રચ્છન્ન રીતે
અંદર રહેલું છે, તેનું ભાન જાગ્રત થાય છે.
પરમેષ્ઠિઓને વિષે મનનો ઉપયોગ એ શુભપર્યાય છે.
'પર્યાયમાત્રનો આધાર દ્રવ્ય છે તથા દ્રવ્ય ત્રિકાળશુદ્ધ,
અરૂપ, અખંડ, અભંગ છે અને પરમાત્મસ્વરૂપ છે'
તેથી નિર્દોષ નવકારના સ્મરણ વખતે જેમજેમ દૃઢ
થતો જાય, તેમતેમ આત્મા નિર્ભય - નિશ્ચિંત બને છે.
આ સ્મરણ આત્મસ્મરણ બની સહજ સમાધિ પ્રકટાવે.
આત્માની સાથે જેમજેમ એકતા, સ્થિરતા, નિશ્ચલતા
વધતી જાય, તેમ તેમ જ્ઞાનાવરણીય - અંતરાય આદિ
ઘાતીકર્મોનો ક્ષય થઈને નિર્મળ જ્ઞાનપ્રકાશ પ્રકટે છે;
ઉપરાંત શ્રદ્ધા - ચારિત્ર આદિ ગુણો સ્થિર થાય છે.
નમસ્કારનું સ્મરણ આત્મસ્મરણ છે.
આત્માના શુભ પર્યાયનું અને અપર્યાયના આધારભૂત
અખંડ દ્રવ્યનું સ્મરણ એ જ પરમાત્મસ્મરણ છે.

બ્રહ્મૈવ પરમાત્મા એવ જીવાત્મા । શ્રુતિઃ
બ્રહ્મ જ પરમાત્મા જ જીવાત્મા છે. નિજ પરમાત્મતત્ત્વનું સ્મરણ તાજું કરાવનાર નમસ્કાર નિત્ય સ્મરણીય છે.

૦ 'અહં' એટલે વ્યક્તિત્વ - personality.

સત્ય તો 'સર્વં ખલ્વિદં બ્રહ્મ ।' છે.

જે કાંઈ છે, તે એક જ તત્ત્વ છે.

જીવ પોતે પણ બ્રહ્મ જ છે,

છતાં અજ્ઞાનવશ તે પોતાને સ્વતંત્ર વ્યક્તિ માને છે. એ પોતાનું સર્વથી અલગ અસ્તિત્વ - વ્યક્તિત્વ માને, એ જ અજ્ઞાન છે અને એને લીધે જ મારું - તારું એવા ભેદભાવો ઉત્પન્ન થાય છે. આ અજ્ઞાનને લીધે જ પોતાનું સચ્ચિદાનંદ સ્વરૂપ ભૂલી જાય છે. નિર્વિચાર સ્થિતિ એ ધ્યેય નહિ, નિર્વિકાર થવું ધ્યેય છે.

નિર્વિચારવસ્થા એ નિર્વિકાર થવાનો ઉપાય છે.

સત્ત્વગુણનું એક લક્ષણ એ છે કે 'જેનાથી આપણને સુખ-દુઃખ થાય છે, તેનાથી બીજાને પણ સુખ-દુઃખ થાય છે' એવી સમજ પોતાના માટે જે કાંઈ કરીએ, તે બીજા માટે પણ કરવા ખૂબ તત્પર રહે છે.

'ગીતા'માં એને 'પરમયોગી' કહ્યો છે.

## આત્મા એ જ શરણાનું નિમિત્ત

(૧) શુદ્ધ રત્નત્રયી આત્મામાં છે, તેથી આત્મા એ જ શરણ છે.

(૨) અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ આત્મામાં જ સ્થિત છે, તેથી આત્મા એ જ શરણ છે.

(૩) આત્મા જ ભાવનાઓમાં નિમિત્ત છે.

(૪) આત્મા જ જ્ઞાનમાં નિમિત્ત છે.

(૫) આત્મા જ પ્રત્યાખ્યાનમાં નિમિત્ત છે.

(૬) આત્મા જ સંવરભાવમાં અને ધ્યાનમાં નિમિત્ત છે.

સમાપત્તિ સિદ્ધ કરવા માટે

જેમને સમાપત્તિ સિદ્ધ થયેલ છે, તેઓને
વિષે ચિત્તવૃત્તિ સ્થિર કરવા પ્રયત્ન થવો જોઈએ.
તેમાં સફળતા મળે તો ચિત્તશુદ્ધિ થાય છે.
શુદ્ધ ચિત્તમાં આત્મપ્રતિબિંબ પડી શકે છે,
એ પછી તન્મયતા આવી શકે છે.
વિષયસમાપત્તિ ચિત્તને શુદ્ધ કરે છે,
તેમાં વિષયી લીન બને એટલે આત્મસમાપત્તિ પ્રગટે છે.
યોગ એટલે નિર્વિકલ્પ સ્થિતિ.
જ્ઞાન એટલે આત્મનિષ્ઠા - ભક્તિ એટલે ભગવન્નિષ્ઠા.
'સર્વં ખલ્વિદં બ્રહ્મ' 'તત્ત્વમસિ' મહાવાક્યનો વિષય છે.

પછી મનન દ્વારા 'અહં બ્રહ્માઽસ્મિ ।'
એમ સંશયરહિત જ્ઞાન થાય છે.

બધા જ સાધકોમાં એટલી યોગ્યતા હોતી નથી, તેથી જ્ઞાનમાર્ગમાં ધ્યાનયોગની મદદ એક યા બીજા પ્રકારે લેવામાં આવે છે. જ્ઞાનમાર્ગમાં જ્ઞાનનું મુખ્ય સાધન તો શ્રવણ-મનન જ છે. યોગથી ચિત્તવૃત્તિનો નિરોધ થતાં પોતાના આનંદસ્વરૂપ આત્માનો અનુભવ સાધકને થાય છે.

એ અનુભવને લીધે
પોતાના સ્વરૂપ સંબંધી સંશયો નાશ પામે છે.
આમ એને જાગ્રત થતાં સંશયરહિત જ્ઞાન થાય છે.
ભક્તિમાર્ગમાં 'નાઽહં કર્તા હરિઃ કર્તા ।'
એવો અનુભવ થાય છે.

સમાધિ અવસ્થા, નિર્વિકલ્પ સ્થિતિ, ભગવાનમાં સ્થિતિ, અગાધ શાંતિ - સૌ એક જ અર્થને કહેનારાં શબ્દો છે.

જ્યાં વિચારશૂન્ય સ્થિતિ છે,
ત્યાં આનંદસ્વરૂપ આત્મા પોતે તો રહે જ છે.
નિદ્રામાં પણ સત્સંગ થાય છે, કારણકે
તે વખતે કેવળ સત્સ્વરૂપ આત્મા પોતે જ રહે છે.

માનસશાસ્ત્રનો નિયમ છે: જે વૃત્તિમાં તમને નિદ્રા આવશે,

તે વૃત્તિ નિદ્રા દરમ્યાન અંતરમનમાં કાયમ રહેશે.

પરમેશ્વરની સત્ના સંગમાં છે,

તેથી તેનું સ્મરણ પણ એ રીતે સત્સંગ ગણાવો જોઈએ.

નિદ્રા એ સત્ત્વગુણપ્રધાન તમોગુણ છે.

स्वपिति = स्वं आत्मानं अपीति इति स्वपिति ।

પોતાના આત્મામાં ગયો છે, આત્માને પ્રાપ્ત થયો છે.

આ સ્થિતિ સત્ત્વગુણ જ છે,

તેની સાથે તમોગુણની અજ્ઞાનતા - મૂઢતા પણ રહેલ છે,

તેથી સત્ત્વપ્રધાન તમોગુણ કહેવાય. આમ તો ત્રણેય

ગુણ ઓછા - વત્તા પ્રમાણમાં દરેક સમયે રહેલ છે જ.

સત્સંગથી વિચારશક્તિ જાગ્રત થાય છે.

આસાની મનથી થતાં વિચારો બંધ થઈને

સત્કે એવી વિચારશક્તિ, ઋતંભરા પ્રજ્ઞા કામ કરશે.

ક્રોધમાં અને કામમાં મચેલાં મન કરતાં

શાંત અને અક્રુદ્ધ મન વધારે સહેલાઈથી તથા

વધારે વિશુદ્ધિપૂર્વક અનંત પ્રત્યે ખુલ્લું થઈ શકે છે.

શાંતિ અને નીરવતામાં અનંત પ્રકટે છે.

°

non - resistance is the art to
be open to the infinity.

જે કાંઈ જુઓ, સાંભળો કે ચિન્તવો,
તેમાં 'તે બ્રહ્મ જ છે' એમ માનો, સ્વીકારો, સદ્દહો.
વિચાર ન કરવો એ પણ ધ્યાન છે.
જ્યાં સુધી મન ક્રિયાશીલ છે,
ત્યાં સુધી સત્યની પ્રાપ્તિ થઈ શકતી નથી.
જ્યારે મન શાંત થાય, ત્યારે સત્યની અનુભૂતિ થાય છે.
વિચાર - વાણીથી જે પર છે, તે સર્વોત્તમ ભાષા છે.
મનને આત્મામાં સ્થાપવું - વિલીન કરવું,
તે જ સ્વસ્થતા છે, પ્રશાંતાવસ્થા છે, આત્મનિષ્ઠા છે,
તૃષ્ણાભાવ છે, સમદૃષ્ટિ છે.
'મન શું છે?' તે શોધી કાઢો, તો તે અદૃશ્ય થઈ જશે.
વિચારથી ભિન્ન મન જેવી કોઈ વસ્તુ જ નથી અને
વિચાર એ આત્માનો જ એક તરંગ છે.
ઊંચે ચઢવું હોય, તેણે ભારરહિત થવું જોઈએ.
પરમાત્મતત્ત્વ સુધીની અંતિમ ઊંચાઈએ પહોંચવાનું કાર્ય
કરવું હશે, તેણે શૂન્યની પરાકાષ્ઠાએ પહોંચવું જ જોઈએ.
વિચાર એ પણ પરિગ્રહ છે.
ધનસંગ્રહ સ્થૂલ છે, વિચારસંગ્રહ સૂક્ષ્મ છે.
સત્ય એક છે, વિચાર અનેક છે.

સત્યના સાક્ષાત્કારનું દ્વાર વિચાર નહિ, નિર્વિચાર સમાધિ છે.
કામનાપૂર્તિ કર્મસાપેક્ષ છે, કામનાનિવૃત્તિ વિવેકસાપેક્ષ છે.
જ્યાં ચિત્તના નિર્વિષય - નિર્વિકલ્પ - નિર્વિકાર્ય છે,
ત્યાં જે અનુભવ છે,
તે જ સ્વયંનો - આત્મતત્ત્વનો સાક્ષાત્કાર છે.
જીવનમાં જે સત્ય, શિવ અને સુંદર છે,
તે વિચારોના તરંગોમાં નહિ, કિન્તુ
નિર્વિકલ્પ - તરંગહીન અવસ્થામાં જ પામી શકાય છે.
વિચારોનો સંગ્રહ તે મન છે,
વિચાર જ બહારથી આવેલી ધૂળની રજકણ છે, તેને બંધ
કરો તો પછી બાકી રહેલાં નિર્દોષ ચૈતન્યના જ દર્શન થશે.
દમનથી નહિ પણ સમજથી મન શાંત થાય છે.
In truth and Spirit
Truth = દ્રવ્ય, Spirit = પર્યાય.
Truth = આત્મા, Spirit = જ્ઞાન.
દ્રવ્ય અને પર્યાય ઉભયથી
આત્માને એટલે સત્યને જાણવું, તે જ્ઞાન છે.
મનનું મૌન એટલે વિચારોનું મૌન.
ચિત્તવૃત્તિઓનો નિરોધ યોગથી સાધ્ય છે.

પરાવાચાનું જ્યારે મૌન સધાય,
ત્યારે જ તે વાચાનું પૂર્ણ મૌન કહેવાય. વૈખરીના મૌન
કરતાં મધ્યમા, પશ્યંતી અને પરાનું મૌન ઉત્કૃષ્ટ છે.
જ્યાં વૃત્તિ નહિ, ત્યાં આત્મા તો છે જ.
'સુખમસ્યાત્મનો રૂપં, સર્વેહોપરતિસ્તનુઃ |'
આનંદ એ આત્માનું સ્વરૂપ છે,
બધી ક્રિયાઓ ન હોવી, એ તેનું શરીર છે.
જ્ઞાનમાર્ગમાં શ્રવણ મુખ્ય સાધન છે. જેનું શ્રવણ કરીએ,
તે પૂર્ણ પરિચિત હોય, તો તેનો સાક્ષાત્કાર તુરંત જ થાય છે.
મહાત્માનાં સંનિધિકાળ લાંબો હોય છે.
તેમાં પોતાના આનંદસ્વરૂપ આત્માનો પરિચય થવાથી
બ્રહ્મનિરૂપણ વખતે તદાકાર - બ્રહ્માકાર તુરત જ થવાય,
તેથી બ્રહ્મનું નિરૂપણ બરોબર સમજાય છે,
શંકા ઉઠતી નહિ તથા મનનું સમાધાન થાય છે.
મહાત્માનાં મન અને બુદ્ધિને પૂર્ણ વિશ્રાંતિ મળે છે,
તેથી શરીરના અણુ એ અણુ તાજા થાય છે,
રોગની શાંતિ અને આરોગ્યનો અનુભવ થાય છે.
મહાત્માનાં 'ભગવાન જ સાચા કર્તાહર્તા છે, જીવ નહિ
અને તે જે કાંઈ કરે છે, તે સારું જ હોય છે.'
આ બધું પ્રત્યક્ષ થાય છે.

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ (પરિશિષ્ટ-૨૦)

નિસ્તરંગ નિર્વિચાર અવસ્થાની ભક્તિ તે દેવભક્તિ છે,
નિરાટ અને નિર્મળ અવસ્થાની ભક્તિ તે ગુરુભક્તિ છે.

વિચારવાળી અને મૂર્છાવાળી અવસ્થાને
સાચી માન્યતા - ઉપાસ્ય માન્યતા, તે મિથ્યાત્વ છે.
તેને ત્યાજ્ય માન્યતા - હેય માન્યતા, તે સમ્યક્ત્વ છે.

દેવત્વ રાગરહિત અવસ્થામાં છે.
પોતાની પણ જ્યારે રાગરહિત અવસ્થા હોય,
ત્યારે તે જ દૈવત છે અને
મોહરહિત અવસ્થા હોય, ત્યારે તે જ ગુરુત્વ અને
તે જ નૈશ્ચયિક દેવ - ગુરુની ઉપાસના છે.
તે નિશ્ચયને જાણવા માટે
વ્યવહાર અર્હદિ બાહ્ય દેવ - ગુરુની ઉપાસના છે.

આત્મા + સંસ્કાર = જીવ.
જીવત્વ = બુદ્ધિ / વિચારોમાં પડેલું આત્માનું પ્રતિબિંબ.
વિચારો બંધ થતાં પ્રતિબિંબ બિંબમાં મળી જાય છે,
એટલે કેવળ આત્મા જ રહે છે.

સાચા જ્ઞાનથી જ સાચી શ્રદ્ધા બંધાય છે અને

તેનાથી જ આત્મનિષ્ઠા અને ભગવન્નિષ્ઠા દૃઢ થાય છે.
ભગવાન જ માતા - પિતા, સુહૃદ વૈદ્ય, જીવન, પ્રાણ છે.
જેની આપણને સાચી જરૂર હોય તે જ તે પૂરું પાડે છે.

ઈશ્વરી જીવન જીવતાં શીખવું જોઈએ...
ઈશસ્ફૂર્તિના જીવનનો આનંદ લેવો અને
જીવસ્ફૂર્તિના મોહ વગરનું જીવન જીવવું.

મન - વિચારો એ માયા છે, માયાનું જ હથિયાર છે,
જીવસ્ફૂર્તિ છે, તેને છોડીશું તો જ ભગવાન મળશે.
સર્વ છોડીને અંદરથી ખાલી થાવ,
ત્યારે જ અંદરના અને બહારના આકાશનું મિલન થશે.
પછી સર્વવ્યાપી એક આકાશ જ રહેશે.
તે જ ઈશ્વરાનુભૂતિ છે અને તે જ ઈશ્વરાનુભવ છે.
જીવ સચ્ચિદાનંદ છે, માટે આનંદ તેનું સહજ સ્વરૂપ છે.
શરીર પ્રારબ્ધાધીન છે, પ્રારબ્ધ નક્કી થયેલ વસ્તુ છે,
માટે બંને દૃષ્ટિથી
નિર્વિચારતા, નિશ્ચિંતતા, નિર્ભયતા એ જ કર્તવ્ય છે.
વિચાર આવે છે, ત્યારે તેની પાછળ
અજ્ઞાન, અહં, આસક્તિ, મોહ, સ્વાર્થ, લોભ, ભય,
ચિંતા, રાગ - દ્વેષ, પ્રિય - અપ્રિય વગેરે હોય જ છે.

આ બધું હોય પછી આત્માનો દર્શનની શી આશા?
વિચારીએ ઘણું આ આધ્યાત્મિક ગુણસ્થાન છે અને
વિચારીને લક્ષ ન બુદ્ધિ, મન, ઇન્દ્રિય, સ્નાયુઓ અને
શરીર ઉપર ઝોટો જોમે રહે છે, તો તે બગાડે છે.

આ થયું ભૌતિક ગુણસ્થાન.

ઈશસ્તુતિ એટલે કર્મસ્તુતિ.
તેના કર્તા ભગવાન છે અહેતિ પુરસ્કૃત કર્મ છે.
તેનાથી બનતા બધા બનાવ સારા માટે જ છે.
તેમાં ઈષ્ટાનિષ્ટની કલ્પના એ જડસ્તુતિ છે.
તે બંધનો હેતુ છે, માટે ત્યાજ્ય છે.
આત્મસ્તુતિ તો સત્ય, શિવ અને સુંદર જ છે.

## સુખ અને આનંદ વચ્ચેનો તફાવત

આનંદ આત્માનો હોય, સુખ બાહ્યવિષયોનું હોય છે.
આનંદ આત્માનું સ્વરૂપ હોવાથી
નિત્ય છે, સહજ અને સ્વાભાવિક છે.
સુખ સાપેક્ષ છે - આનંદ સ્વતઃસિદ્ધ છે.
સુખ પરાવલંબી છે, આનંદ સ્વાવલંબી છે.
આનંદથી મન, બુદ્ધિ, ઇન્દ્રિય તથા શરીરના
અણુએ અણુઓ, સ્નાયુઓ - બધાંને શક્તિ મળે છે.

સુખ વિજાતીય હોવાથી તેનાથી સૌ શક્તિહીન થાય છે.
સુખથી અંતઃકરણ એક પ્રકારની તાણ અનુભવે છે,
તેથી ગભરાઈ જાય છે અથવા રોગ થાય છે.
સુખ વિષયભોગથી થાય છે.
જ્યાં ભોગ છે, ત્યાં રોગ છે જ.
સુખથી તૃષ્ણા વધે, તૃષ્ણાથી તાપ, તાપથી પાપ વધે છે.
'लोभमूलानि पापानि ।'
પાપો લોભ મૂળવાળા છે - લોભના કારણે પાપો થાય છે.
સુખ થોડું પણ ભોગવવા જતાં દુઃખ જ વધીને વધુ મળે,
જ્યારે આનંદ તો સ્વયંસિદ્ધ છે,
જગતની ઉત્પત્તિ વસ્તુનું પૃથક્કરણ કરતાં તેમાં
ચૈતન્યતત્ત્વ અને પાંચ મહાભૂત સિવાય કશું જ નથી.
પંચભૂતો પણ ચૈતન્ય - બ્રહ્મમાંથી જ થયેલાં છે.
પ્રથમ આકાશ થયું, તેમાંથી વાયુ, વાયુમાંથી તેજ,
તેજમાંથી જળ અને જળમાંથી પૃથ્વી.
આ રીતે જગતનું આદિ તત્ત્વ એક બ્રહ્મ જ છે.
मत्तः परतरं नाऽन्यद् किञ्चन अस्ति धनंजय । અર્થાત્:
હે ધનંજય! મારાથી શ્રેષ્ઠ કાંઈ જ નથી. આનંદ એ
પરમ સુખ છે, કારણ કે તેમાં દુઃખનું નામોનિશાન નથી.

'निर्दोषं हि समं ब्रह्म ।'

અર્થાત્: નિર્દોષ હોય, તે આત્મા બ્રહ્મ સમાન છે.

જેનું મન સામ્યમાં છે, તે બ્રહ્મમાં જ છે,

કારણ કે બ્રહ્મ નિર્દોષ અને સમ છે.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।

प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् । (પરિશિષ્ટ-૨૧)

'સાક્ષાત્કાર' એટલે પ્રત્યક્ષ અનુભૂતિ.

મનની ક્રિયા બંધ કરી એટલે અપૂર્વ શાંતિ મળશે

અને આત્માનો સાક્ષાત્ અનુભવ થશે.

'હું આનંદસ્વરૂપ આત્મા છું' એ જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય.

બુદ્ધિરૂપી માયા ઉપરામ થતાં જ જીવ પરમાનંદ પામે છે

અને પોતાના સ્વરૂપમાં સ્થિતિ થાય છે.

'જીવ' એટલે અંતઃકરણની ઉપાધિયુક્ત આત્મા.

'આત્મામાં રહેવું' એટલે બ્રાહ્મી સ્થિતિ,

વિકારરહિત સ્થિતિ, આનંદસ્વરૂપ સ્થિતિમાં રહેવું.

श्रद्धावान् लभते ज्ञानम् । दैवी संपत् विमोक्षाय ।

सत् सत्त्वं तत् ब्रह्मदर्शनम् । સાચો સત્સંગ એટલે

સત્નો સંગ - સત્ આત્મા. બ્રહ્મ સિવાય જ્યાં

બીજું કશું જ નથી, ત્યાં જ સાચો સત્સંગ હોય છે.

સત્સંગના સંસ્કાર પડતાં જ
માયાના સંસ્કાર આપોઆપ નાશ પામે છે.
ભૌતિક સત્તા અને સંપત્તિના બદલે નૈતિક સત્તા અને
આધ્યાત્મિક સંપત્તિ વડે પ્રાપ્ત થતી એકતા
કાયમી અને સર્વ શાંતિપ્રદ અને સત્ય હોય છે.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ,
જુજવે રૂપે અનંત ભાસે ...(૧)

'જેને આપણે 'અહં' કહીએ છીએ, તે પણ
પ્રભુનો જ એક 'અંશ' છે, મહાસાગરનું એક બિંદુ છે'
આ ભાન થવાથી અહંકાર રહેતો નથી.
આપણા વિચારમાં, વાણીમાં, વર્તનમાં
મધ્યબિંદુ એક ભગવાન - આત્મા જ છે,
તે સિવાય અહં જેવું કોઈ મધ્યબિંદુ છે જ નહિ.
ત્વમેવ સર્વં મમ દેવ દેવ । મારા દેવના દેવ તમે જ
સર્વસ્વ છો. મત્તઃ જ્ઞાનમ્ । મારા(આત્મા)થી જ્ઞાન થાય છે.
સ એવ ગુરૂણાં ગુરુઃ । તે જ ગુરૂના ગુરૂ છે.
વૈદ્યો નારાયણો હરિઃ । નારાયણ ભગવાન વૈદ્ય છે.
પ્રભુ વૈદ્ય છે, તેમ આરોગ્ય તથા ઔષધ પણ તે જ છે.
જે શાંતિ છે - આનંદ છે, તે જ સાચું ધન છે.

'वासुदेवः सर्वमिति ज्ञानवान् मां प्रपद्यते ।' અર્થાત્:
'વાસુદેવ જ સર્વસ્વ છે' આવા જ્ઞાનવાળો મને સ્વીકારે છે.
'एषा गुणमयी माया दुरत्यया ।' અર્થાત્: આ ગુણમયી
માયા દુઃખેથી અને અત્યંત પ્રયત્નથી નાશ પામે તેવી છે.
'मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।' અર્થાત્:
જેઓ મને સ્વીકારે છે, તેઓ આ માયાને તરી જાય છે.

o 'स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ।'
o 'यो यच्छ्रद्धः स एव सः ।' 'विश्वं विष्णुः ।'
o 'शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ।'
o 'शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः ।'
o 'समत्वं योग उच्यते ।' (પરિશિષ્ટ-૨૨)

રાગ - દ્વેષ વગરની સ્થિતિ તે સમત્વ.

વૃત્તિનો સંધિકાળ, વિચારોનો સંધિકાળ,
ભ્રૂમધ્ય, નાભિસ્થાન, નાસાગ્ર, બ્રહ્મરન્ધ્ર, શ્વાસોચ્છ્વાસાદિ.

યજ્ઞ વ્યવસ્થા સાથે લગાવીને સૃષ્ટિ રચી અને કહ્યું:
'આ યજ્ઞ વ્યવસ્થાથી તમે પ્રસન્ન થાઓ.
તે તમને ઈચ્છિત આપનાર કામધેનુ બનશે. એનાથી તમો
પરસ્પરને માટે કામ કરો, તો બધા પરમ સુખી બનશો.'

નિયતકર્મ, સ્વકર્મ, સ્વધર્મ.

ૐકારનું ધ્યાન એ જ શુદ્ધોપયોગ છે.
'ઉપયોગો લક્ષણમ્।' ઉપયોગ એ જીવનું લક્ષણ છે.
એ ઉપયોગ જ્યારે ૐકારમાં પરોવાય, ત્યારે
તેને 'સુરતાનું શબ્દમાં પરોવવું' એમ કેટલાક કહે છે.
જૈન દર્શન તેને શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયના ધ્યાનમાં
ઉપયોગને પરોવવાની ક્રિયા તરીકે પ્રતિપાદન કરે છે.
ૐકાર એ પરમાત્મવાચક છે અને
પરમાત્મા એ શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાય સ્વરૂપ છે.
ઓંકાર વડે વ્યવહારનયથી શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયમય
પંચ પરમેષ્ઠિનું ધ્યાન થાય છે અને
નિશ્ચયનય વડે નિજ આત્માનું ધ્યાન થાય છે.
ત્યાં નિજત્વ - જિનત્વ એક થઈ જાય છે, તેથી
'ઓંકાર એ શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયનું પ્રતીક છે'
એમ માનીને તેનું ધ્યાન કરવાથી
આત્મા સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરે છે.
ઓંકારના ધ્યાન વડે જેમજેમ
નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા વધતી જાય છે,
તેમ તેમ અસંખ્ય - અસંખ્ય કર્મની નિર્જરા દ્વારા
જીવ મોક્ષસુખનો અધિકારી થાય છે.

ૐકારમાં નાદ - બિંદુ - કળાનું ધ્યાન છે, તેમાં જ
નાદ = દ્રવ્ય, બિંદુ = ગુણ, કળા = પર્યાયનું ધ્યાન કરે છે.

ॐकारं बिन्दु संयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥ અર્થાત્:

યોગી પુરુષો હંમેશા બિન્દુયુક્ત ૐકારનું ધ્યાન કરે છે,
ભૌતિક સુખો અને મોક્ષસુખને આપનારા એવા
ૐકારને વારંવાર નમસ્કાર હો.

पद्मासनं समारुह्य समकाय-शिरोधरः ।
नासाग्रदृष्टिरेकान्ते जपेदोंकारमव्ययम् ॥१॥
ह्रस्वो दहति पापानि दीर्घः संपत्प्रदोऽव्ययः ।
अर्धमात्रासमायुक्तः प्रणवो मोक्षदायकः ॥२॥
ॐकार प्रभवा देवा ॐकार प्रभवाः स्वराः ।
ॐकार प्रभवं सर्वं त्रैलोक्यं सचराचरं ॥३॥

(પરિશિષ્ટ-૨૩)

ચિત્તની નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા સંપાદન કરવા માટે અનુક્રમે અહિંસા, સંયમ, તપધર્મ સમર્થ છે. અહિંસા વડે જીવ સમાપત્તિ, સંયમ વડે આત્માની સમાપત્તિ અને તપ વડે પરમાત્મસમાપત્તિ થાય છે.

ह्रीँ क्लीँ ॐ अर्हं ॐ ॐ अर्हं ॐ क्लीँ ह्रीँ

દુષ્કૃતગર્હાથી નિર્મળતા
સુકૃતાનુમોદનથી સ્થિરતા } અહીં પણ સમાપત્તિ
શરણાગમનથી તન્મયતા

અધ્યાત્મ કલ્પદ્રુમમાં શ્લોક છે કે:

યોગસ્ય હેતુર્મનસઃ સમાધિઃ,
પરં નિદાનં તપસશ્ચ યોગઃ ।
તપશ્ચ મૂલં શિવશર્મવલ્લ્યા,
મનઃ સમાધિ ભજ તત્ કથંચિત્ ॥

અર્થ: યોગનો હેતુ મનની સમાધિ છે, તપનું શ્રેષ્ઠ કારણ યોગ છે, તપ એ મોક્ષસુખરૂપી વેલડીનું મૂળ છે, તેથી કોઈક મનની સમાધિ ધારણ કર.

અહિંસા - સંયમ - તપધર્મ

મનની નિર્મળતા તે મનઃસમાધિ,
મનની સ્થિરતા તે યોગ, મનની તન્મયતા તે તપ.
સમાધિ માટે અહિંસા - ક્ષમાદિ ધર્મો,
સ્થિરતા માટે સંયમ - સંવરાદિ ધર્મો અને
તન્મયતા માટે તપ - સમતા - નિર્જરાદિ સાધનો છે.
તપ આત્મા પરમાત્મા વચ્ચે રહેલા ભેદનો છેદ કરે છે.
ભેદ કર્મનો છે, તપથી કર્મક્ષય થાય છે.

બાહ્યતપ વિનય - વૈયાવચ્ચાદિ અભ્યંતર તપને ઉત્તેજે છે,
સ્વાધ્યાયાદિમાં એકાગ્રતા ઉત્પન્ન કરે છે અને
ધ્યાન કાયોત્સર્ગાદિમાં સ્થિરતા લાવે છે.

તપ એ અનુક્રમે આત્મસ્વરૂપમાં લીન બનાવી
નિજ શુદ્ધ પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરાવે છે.

હિંસાત્યાગાદિ અહિંસા, વિષયત્યાગાદિ સંયમ
અને કષાયત્યાગાદિ તપ.

અહિંસા માટે આત્મૌપમ્ય, સંયમ માટે પરમાત્મૌપમ્ય
અને તપ માટે આત્મપરમાત્મૌપમ્ય.

આત્મસમાપત્તિ અહિંસા, પરમાત્મસમાપત્તિ સંયમ
તથા સર્વાત્મસમાપત્તિ તપ.

અહિંસાદિ પુણ્યાનુબંધી પુણ્યની પુષ્ટિ,
સંયમાદિ આવતાં કર્મ રોકાય છે તથા
તપ વડે નિર્જરાદિ આંશિક કર્મક્ષય દ્વારા મોક્ષપ્રાપ્તિ
તેથી અહિંસા, સંયમ અને તપ એ પરમ મંગલ છે.

હિંસાનો ત્યાગ કર્યા વિના ચિત્તશુદ્ધિ થતી નથી.
ઇંદ્રિયદમન - કષાયત્યાગ વિના મન સ્થિર થતું નથી,
સ્વાધ્યાય - ધ્યાન - કાયોત્સર્ગાદિ વિના તન્મયતા -
એકાગ્રતા થતી નથી. તે વિના સમાપત્તિ દુર્લભ છે.

## સમાપત્તિના હેતુ

અહિંસા - સંયમ - તપ ઇત્યાદિ સાધકોચિત આદરણીય છે.
અહિંસાથી જીવરાશિ સાથે એકતા સધાય છે,
સંયમથી અંતરાત્મભાવ અને તપથી પરમાત્મભાવ પ્રકટે છે.

અહિંસા - તિર્યક્ સામાન્યથી
આત્મસમાપત્તિ - સત્ત્વ - દર્શનગુણ.
સંયમ - ઊર્ધ્વતા સામાન્યથી
આત્મસમાપત્તિ - ચિત્ત્વ - જ્ઞાનગુણ.
તપ - શુદ્ધ સ્વરૂપરમણતાથી
આત્મસમાપત્તિ - આનંદમયત્વ - ચારિત્રગુણ.
સમાપત્તિ - ભાવનિક્ષેપ - આગમથી
જ્ઞાતા - ઉપયુક્ત - નોઆગમથી, ધ્યાનક્રિયા આગમથી
ભાવનિક્ષેપ - જ્ઞાનક્રિયા - નોઆગમથી
ભાવનિક્ષેપ - ધ્યાનક્રિયા
ધ્યાનક્રિયા - સમરસાપત્તિ - સમાપત્તિ.

મૂળોત્તર ગુણો અને સઘળી બાહ્યક્રિયા એ આગમાપેક્ષયા ભાવધર્મની વૃદ્ધિ માટે છે અને યોગાપેક્ષયા ધ્યાન સમાપત્તિ માટે છે. મોક્ષનું અનંતર કારણ ભાવધર્મ, તેનું કારણ દાન - શીલ - તપધર્મ છે.

યોગાપેક્ષયા અનંતર કારણ ધ્યાન છે,
તેનું કારણ મૂલોત્તર ગુણોનું પાલન છે.
'णाणी तिहिंगुत्तो |' એમ આગમ કહે છે તથા
'ધારણા - ધ્યાન અને સમાધિ એક આત્મવિષયક થાય,
ત્યારે તે કૈવલ્યનો હેતુ બને' એમ યોગદર્શન કહે છે.

'त्रयमेकत्रसंयमः | तज्जयात्प्रज्ञालोकः |'

સંયમ ઉપર કાબુ મેળવવાથી જ્ઞાનપ્રકાશ પ્રાપ્ત થાય
અને એક જ વિષય ઉપર
ધારણા, ધ્યાન અને સમાધિ કેળવવાથી સંયમ થાય છે.
ધારણા - ધ્યાન માટે યમનિયમાદિ પાલન આવશ્યક છે.

## નિર્મળતા - સ્થિરતા - તન્મયતા

ઉપશમથી નિર્મળતા, વિવેકથી સ્થિરતા અને
સંવરથી તન્મયતા પ્રાપ્ત થાય છે. અંગ તથા અગ્રપૂજા
એ નિર્મળતાનું કારણ, ભાવપૂજા સ્થિરતાનું કારણ
અને પ્રતિપત્તિપૂજા એ તીવ્ર તન્મયતાનું કારણ છે.
પિંડસ્થથી નિર્મળતા, પદસ્થથી સ્થિરતા અને
રૂપાતીતથી તન્મયતા આવે છે.
શ્રુતજ્ઞાનથી નિર્મળતા, ચિંતાજ્ઞાનથી સ્થિરતા અને
ભાવનાજ્ઞાનથી તન્મયતા આવે છે.

અધ્યાત્મભાવના યોગથી નિર્મળતા,
ધ્યાનયોગથી સ્થિરતા, સમતાયોગથી તન્મયતા અને
તે પછી વૃત્તિસંક્ષયયોગની પ્રાપ્તિ થાય છે.
પ્રીતિ - ભક્તિ વડે નિર્મળતા, વચન વડે સ્થિરતા
અને અસંગ વડે તન્મયતાની પ્રાપ્તિ થાય છે.
ઇચ્છાયોગથી નિર્મળતા, શાસ્ત્રયોગથી સ્થિરતા અને
સામર્થ્ય યોગથી તન્મયતાની પ્રાપ્તિ થાય છે.
ધારણા વડે નિર્મળતા, ધ્યાન વડે સ્થિરતા અને
સમાધિ વડે તન્મયતાની પ્રાપ્તિ થાય છે.
ઇચ્છા - પ્રવૃત્તિયોગ વડે નિર્મળતા,
સ્થૈર્યયોગ વડે સ્થિરતા તથા સિદ્ધિયોગ વડે તન્મયતા.
પ્રણિધિ - પ્રવૃત્તિ વડે નિર્મળતા,
વિઘ્નજય વડે સ્થિરતા અને
સિદ્ધિ - વિનિયોગ વડે તન્મયતાની પ્રાપ્તિ થાય છે.
દાનથી નિર્મળતા, શીલથી સ્થિરતા, તપથી તન્મયતા.
પિંડસ્થ વડે નિર્મળતા, પદસ્થ - રૂપસ્થ વડે સ્થિરતા
અને રૂપાતીત વડે તન્મયતાની પ્રાપ્તિ થાય છે.
મૈત્રી - કરુણા વડે નિર્મળતા, પ્રમોદ વડે સ્થિરતા,
માધ્યસ્થ્ય વડે તન્મયતાની પ્રાપ્તિ થાય છે.

સમિતિ વડે નિર્મળતા, વચન - કાયગુપ્તિ વડે સ્થિરતા
અને મનોગુપ્તિ વડે તન્મયતાની પ્રાપ્તિ થાય છે.

ભવભય - વિસ્મય - પુલક - પ્રમોદ વડે નિર્મળતા,
સમયવિધાન - ભાવવૃદ્ધિ વડે સ્થિરતા અને
તદ્ગત ચિત્ત વડે તન્મયતાની પ્રાપ્તિ થાય છે.

દર્શનાચારથી નિર્મળતા, જ્ઞાનાચારથી સ્થિરતા
અને ચારિત્રાચાર - તપાચાર - વીર્યાચારથી તન્મયતા.

સાધુસેવાથી નિર્મળતા, પાઠક - આચાર્યની સેવાથી સ્થિરતા
અને અરિહંત - સિદ્ધની સેવાથી તન્મયતા.

ધર્મતત્ત્વના આરાધનથી પ્રસન્નતા, ગુરુતત્ત્વથી સ્થિરતા
અને દેવતત્ત્વથી તન્મયતાની પ્રાપ્તિ થાય છે.

દેવપૂજાથી નિર્મળતા, ગુરુભક્તિથી સ્થિરતા અને
ચારિત્રધર્મથી તન્મયતાની પ્રાપ્તિ થાય છે.

યોગાવંચકથી પ્રસન્નતા, ક્રિયાવંચકથી સ્થિરતા અને
ફલાવંચકથી તન્મયતાની પ્રાપ્તિ થાય છે.

યથાપ્રવૃત્ત્યાદિ ત્રણ કરણ અને
છ આવશ્યક વડે પણ નિર્મળતાદિ થાય છે.

ભાષ્યજાપથી નિર્મળતા, ઉપાંશુજાપથી સ્થિરતા અને
માનસજાપથી તન્મયતાની પ્રાપ્તિ થાય છે.

ચતુઃશરણથી નિર્ભય બનાય છે,
દુષ્કૃતગર્હાથી મોહવિષનો અપહાર થાય છે અને
સુકૃતાનુમોદનથી કર્મરોગની ચિકિત્સા થાય છે.
દુષ્કૃતગર્હા ચિત્તની નિર્મળતા કરે છે,
સુકૃતાનુમોદનો મનને સ્થિર કરે છે અને
શરણગમન તન્મયતા પ્રાપ્ત કરાવે છે.

<u>ત્રણ યોગ અને 'નમો' પદ</u>

'નમો' પદનું ઉચ્ચારણ ક્રિયાયોગ, ચિંતન તે ભક્તિયોગ
અને ધ્યાન તે રાજયોગ છે.
'નમો' પદનું ઉચ્ચારણ તે કર્મયોગ અર્થાત્ વૈખરી,
તેનું ચિન્તન તે ભક્તિયોગ અર્થાત્ મધ્યમા અને
તેનું ધ્યાન તે રાજયોગ અર્થાત્ પશ્યંતી છે.
'તપઃ-સ્વાધ્યાયેશ્વરપ્રણિધાનાનિ ક્રિયાયોગઃ ।'
તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન - સર્વે ક્રિયાયોગ છે.
કર્મરોગની ચિકિત્સા માટે તપધર્મ છે,
મોહવિષનો અપહાર કરવા માટે સ્વાધ્યાય છે તથા
ભવભયનું ત્રાણ કરવા માટે ઈશ્વરપ્રણિધાન છે.
ભવભયનું કારણ કર્મરોગ - તેનું કારણ મોહવિષ છે.
'મોહ' એટલે રાગ - દ્વેષ અને વિષય - કષાય.

## આત્માનો સ્વભાવ

સત્ = સતત જીવન - સન્મયત્વ

ચિત્ = સતત જ્ઞાન - ચિન્મયત્વ

આનંદ = સતત પ્રેમ - આનંદમયત્વ

નામ = ઈશિત્વ - સ્વાધીનત્વ

રૂપ = વશિત્વ - પ્રભુત્વ

આ સ્વભાવને સમજવા પાંચ દૃષ્ટાંત

(૧) નિર્ભેળ વિશુદ્ધ આનંદ

'કેમ રડે છે ?' એવો પ્રશ્ન થાય છે, પરન્તુ
'કેમ રડતો નથી ?' એવો પ્રશ્ન ઉઠતો નથી.

(૨) નિત્ય સત્તા

'કેમ જીવે છે ?' તે પ્રશ્ન નથી થતો,
'શાથી મર્યો ?' એવો પ્રશ્ન થાય છે.

(3) પૂર્ણજ્ઞાન

જાણવાની ઇચ્છા સૌને સતત રહે છે.

(૪) નિર્બાધ સ્વતંત્રતા

પક્ષી પણ બંધનમાં રહેવા ઇચ્છતું નથી.

(૫) શાસન કરવાની વૃત્તિ

'બધા આપણને અનુસરે' એ ઇચ્છા સતત રહે છે.

: નીચેના પ્રશ્નો સદા ઉઠે છે:

'કેમ રડો છો? કેમ માંદા છો? ઓળખતા નહિ?

કેમ પરવશ છો? કેમ બધાં માનતા નહિ?'

આ પાંચ પ્રશ્નો જીવના આનંદ, નિરોગિતા, જ્ઞાન,
સ્વાધીન (ઈશિત્વ) તથા વશિત્વ સ્વભાવને સૂચવે છે.

: નીચેના પ્રશ્નો કદી ઉઠતા નહિ:

પાણી કેમ ઠંડુ છે? અગ્નિ કેમ ઉષ્ણ છે?

વાયુ કેમ શીતલ છે? પૃથ્વી કેમ કઠિન છે?

'ઈશ્વર સર્વવ્યાપક છે'

તેનો અર્થ પ્રભુ વિશ્વભરનાં તમામ રૂપોમાં વ્યાપ્ત છે.
તે પણ વિશ્વ સાથેની તેની એકતાને જ સિદ્ધ કરે છે.

આ રીતે જાણે - અજાણે

બધા પરમાત્માની સ્થિતિ ઇચ્છીએ છીએ, તેથી
અસલરૂપે પરમાત્માના ગુણોયુક્ત છીએ, મનોવિજ્ઞાનિક
દૃષ્ટિએ એ આત્મા - પરમાત્માની એકતાનો વિચાર થયો.
તાત્ત્વિક કે ઔપાદાનિક દૃષ્ટિએ પણ એકતા સિદ્ધ થઈ.

આત્માની આ મૂળ સ્થિતિને

પ્રાપ્ત કરવામાં જે સહાયક બની શકે, તે સાચો માર્ગ.
એ રીતે માર્ગનો પણ નિર્ણય થઈ શકે છે.

પરમાત્મામાંથી ઉદ્ભૂત આ વિશ્વ મૂળ પ્રકૃતિથી જ
પરમાત્મરૂપ છે અને તેથી જ પ્રત્યેક આત્મામાં
પરમાત્માના બધા ગુણો ઉતરી આવ્યા છે.
પરમાત્મા કેવળ શાન્ત કે નિશાન્ત જ નથી,
કિન્તુ સક્રિય પણ છે. ઈશ્વર, આત્મા અને વિશ્વ-
એક જ ઉપાદાનમાંથી ઉત્પન્ન થયેલાં છે,
તેથી તેમનું રાસાયણિક બંધારણ પણ એક જ છે.

'सोऽकामयत बहुस्यां प्रजायेयेति ।'
'तत्सृष्ट्वा तदेवानुप्राविशत् ।' - तैत्तिरियोपनिषत्

એ રીતે સમસ્ત વિશ્વ
પરમાત્માની નાનાવિધ - અનંત અભિવ્યક્તિઓ છે.

## સમન્વિત જીવનની દૃષ્ટિ

કામ - ક્રોધ - લોભ - મોહ - મદ - મત્સર એ સર્વે
રજોગુણ અને તમોગુણથી ઉત્પન્ન થતાં દુશ્મનો છે,
તેમ સત્ત્વગુણના પ્રકર્ષે ઉત્પન્ન થતાં
શમ - દમ - ઉપરતિ - તિતિક્ષા - શ્રદ્ધા - સમાધાન જેવા
મિત્રો પણ સહાય કરવા માટે તૈયાર છે. અવિચલિત
ત્રિવિધ ગુણોથી ચલિત ન થતી આત્મનિષ્ઠા સ્વભાવ
રૂપી પંજરને સ્વ - અધ્યાયરૂપી ચાવી વડે ખોલી શકાય છે.

સ્વચ્છ દેહ તે નભોગૃહ, સ્વચ્છ અંતઃકરણ તે રંગગૃહ,
સ્વચ્છ આત્મા તે સત્યગૃહ - અમૃતત્વ - આત્મસુખ.
દયા ભાવના તે આત્મૌપમ્ય ભાવના છે.

**ગુરુ એટલે પારસમણિ કે સ્પર્શમણિ**

આ જગતમાં
ગુરુની સાથે સરખાવી શકાય, તેવી કોઈ વસ્તુ છે નહિ.
પારસમણિ કે સ્પર્શમણિ
લોખંડને સુવર્ણ બનાવી શકે પણ પારસ નહિ.
સાચા ગુરુ શિષ્યને સ્વતુલ્ય બનાવે છે, એ વિશેષતા છે.
ગુરુ એ માત્ર જ્ઞાન આપનાર છે એમ નહિ,
કિન્તુ આત્મસમાન બનાવનાર છે.
અપેક્ષાએ દેવ કરતાં પણ ગુરુ શ્રેષ્ઠ છે.
દેવની ભક્તિ મોક્ષ આપે છે પણ
દેવ પ્રત્યે ભક્તિ ગુરુ વિના શક્ય જ નથી.
ગુરુતત્ત્વ સિવાય અતીન્દ્રિય દેવતત્ત્વને પામી શકાતું નથી.
ગુરુની ભક્તિ વિના દેવનો મહિમા પારખી શકાતો નથી.
**ગુરુ પ્રત્યે દૃઢ વિશ્વાસ એ ઊંચામાં ઊંચી સાધના છે.**

ગુરુની સહાયથી મુક્તિમાર્ગમાં આવતાં
અનેક પ્રકારના વિઘ્નોને સરળતાથી જીતી શકાય છે.

સાક્ષાત્ ઈશ્વરને ગુરુએ જોયા છે,
તેથી ગુરુ જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે છે.
સાચા ગુરુ તે જ છે કે જે
ઈશ્વરનો સાક્ષાત્કાર - પ્રત્યક્ષ દર્શન કરાવી શકે છે.
ગુરુને તન - મન - ધન આપવાથી બદલામાં ગુરુ
પરમાત્મપણું કે જેને આપણે સદા ઝંખીએ છીએ,
તેવા પરમાત્મપણાને જ આપે છે.
સાચા ગુરુને પામવાની સાચી ઝંખના જેના હૃદયમાં
ઉત્પન્ન થઈ હોય છે, તેને સાચા ગુરુ અવશ્ય મળે છે.
કૃત, ત્રેતા અને દ્વાપરયુગમાં તપશ્ચર્યાદિ વડે પરમપદની
પ્રાપ્તિ થઈ શકતી હતી, કલિયુગમાં તે શક્ય નથી.
માત્ર ગુરુકૃપા જ એક આધાર છે, માટે
ગુરુભક્તિમાં જ સઘળો ઉદ્યમ કરવો જોઈએ.
સાધુધર્મની અભિલાષા વિના શ્રાવકધર્મ ન સંભવે.
'સર્વવિરતિની લાલસા જ
દેશવિરતિના પરિણામ ઉત્પન્ન કરે છે.'
ઉપરના વાક્યનો શુદ્ધ અર્થ છે કે:
સકલસત્ત્વહિતાશય જેના અંતઃકરણમાં જાગે છે,
તે જ શ્રાવકધર્મ પામવાને યોગ્ય બને છે.

'મોક્ષાભિલાષ વિના કરેલી ધર્મક્રિયા સફલ થતી નથી.'
એ વાક્યનો તાત્પર્યાર્થ એ છે કે
ધ્યાતા, ધ્યેય અને ધ્યાન - એ ત્રણેની એકતારૂપી
સમાપત્તિની અભિલાષા જેના અંતઃકરણમાં નથી, તેની
ધર્મક્રિયા ઉખરભૂમિમાં બીજ વાવવાતુલ્ય નિષ્ફલ છે.
'મોક્ષ'નો ખરો અર્થ સ્વરૂપલાભ છે.
આત્મસ્વરૂપનો લાભ એક સમાપત્તિ વડે જ શક્ય છે.
'સમાપત્તિ' એટલે ધ્યાન વડે થતી ધ્યેયની સ્પર્શના.
એ જ ધર્મક્રિયાને સફલ કરવાની ચાવી છે.
0 શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમનાં પાંચ પદો
વ્યવહાર - નિશ્ચય ઉભય નમસ્કારનાં સૂચક છે.
ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્ય -
ત્રણે યોગોનો નમસ્કાર 'નમો' પદથી આવે છે.
આત્મવિષયક નમસ્કાર પણ
નવકાર મંત્રના પ્રથમ પાંચ પદોમાં આવી જાય છે.
પહેલાં દ્વૈતભાવનો તથા પછી અદ્વૈતભાવનો નમસ્કાર-
આ બંને નમસ્કાર 'નમો' પદથી લઈ શકાય છે.
'ણમો' પદથી પણ
ઉભય પ્રકારનો નમસ્કાર લઈ શકાય છે.

અર્હંતભગવાનનો અર્થાત્ સામર્થ્યયોગીનો નમસ્કાર જો
બધાં જ પાપોનો નાશ કરનાર છે, તો વ્યવહારનયનો
નમસ્કાર પરંપરાએ બધાં પાપનો નાશ કરનાર છે.

એટલે આવો જ નમસ્કાર

વ્યવહાર - નિશ્ચય ઉભયનો સંગ્રાહક છે.
ત્રણે યોગોનો યાને ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યયોગોનો
નમસ્કાર 'નમો' પદથી લેવાય છે,
એ 'લલિતવિસ્તરા' ગ્રન્થથી સ્પષ્ટપણે સમજી શકાય છે.

- Mandvi, Dt. 6/6/70

o બાહ્ય જ્ઞેય object છે.
બાહ્યપદાર્થનું જ્ઞાન તે objective જ્ઞાન કહેવાય તથા
બાહ્યપદાર્થ હોય જ નહિ અને
માત્ર સ્વનું જ જ્ઞાન તે Subjective જ્ઞાન કહેવાય.
જેમ કે યોગાચારના મતે વિજ્ઞાન સિવાય
બીજું કાંઈ છે જ નહિ, એટલે
બાહ્યરૂપે લાગતા પદાર્થનું જ્ઞાન પણ સ્વનું જ જ્ઞાન છે.
જ્ઞાતા પોતે subject છે, કર્તા છે - તે જ વિષય પણ છે.
વ્યવહાર ભાષ્ય અને તેની ટીકા પ્રમાણે
જ્ઞેય જ્યારે આત્મા અને તેનું સ્વરૂપ હોય છે,

ત્યારે જ્ઞેય અને જ્ઞાનનો સંયોગ કે
ઉપચરિત સંબંધ નહિ પણ અભેદ સંબંધ છે.
'યોગશાસ્ત્ર'ના ૧૨મા પ્રકાશમાં બતાવ્યા અનુસાર
સ્વવિષયક જ્ઞાન થાય, ત્યારે આત્માનુસંધાન બને છે.
જૈનદર્શન પ્રમાણે પ્રત્યેક વસ્તુના જ્ઞાનમાં જ્ઞાન સ્વ
સ્વસંવેદ્ય હોવાને કારણે 'ઘટમહ જાનામિ |'ની જેમ
જ્ઞેય, જ્ઞાતા અને જ્ઞાનની ત્રિપુટીનો ભાસ થાય છે,
એટલે આત્માનુસંધાન તો હોય છે પણ
આપણે એવું આત્માનુસંધાન જોઈએ છે કે
જે આત્માનુસંધાન જ હોય, વિષયાનુસંધાન ન હોય.
ધ્યેય - જ્ઞેય પણ આત્મા હોય અને ધ્યાતા - જ્ઞાતા પણ
આત્મા હોય, આવું જે આત્માનુસંધાન થાય,
તે ભાવસંવર અને બહુનિર્જરાદિ ગુણવાળું બને.
શ્રુતોપયોગ એ બાહ્યપ્રશસ્ત વિષયાનુસંધાનથી આગળ
વધતો છેવટે શુદ્ધ આત્માનુસંધાનનું કારણ બને છે.
પ્રારંભિક વિષયાનુસંધાનમાં પણ શુદ્ધ આત્માનુસંધાન
નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિનો ઉદ્દેશ હોય છે, એટલે
શ્રુતોપયોગ ભાવસંવર અને બહુનિર્જરાદિ ગુણવાળો છે,
એ યથાર્થ છે. - mandvi

જો તું જિનમત અંગીકાર કરવાની ઇચ્છા હોય,
તો વ્યવહાર - નિશ્ચય બેમાંથી એકેને છોડીશ નહિ.
વ્યવહારને તજવાથી તીર્થ જાય છે અને
નિશ્ચયને છોડવાથી તત્ત્વ જાય છે.

(૧) વ્યવહાર એટલે પર, નિશ્ચય એટલે સ્વ.
પરમાં તીર્થંકર - ગણધર - ચતુર્વિધ સંઘ - દ્વાદશાંગી -
જિનપ્રવચનાદિ રત્નત્રયના સાક્ષાત્ સાધન અને
ત્રૈલોક્યવર્તિ વિશ્વ - એ પરંપર સાધનનો સમાવેશ છે.

'ઉપકૃતને પણ ઉપકારી માનવા,
ઉપસર્ગ કરનારને પણ સહાયક ગણવો' વગેરે
વચનો સમગ્ર વિશ્વને તત્ત્વથી તીર્થ ગણવા સૂચવે છે.
શત્રુ - મિત્ર - ઉદાસીન ત્રણે પ્રત્યે તીર્થબુદ્ધિ ધારણ કરવી.

શત્રુ કર્મક્ષયમાં સહાય કરવા દ્વારા,
મિત્ર રત્નત્રયમાં સહાયભૂત થવા દ્વારા તથા
ઉદાસીન વિઘ્ન ન કરવા દ્વારા
એ સૂત્ર સ્પષ્ટ કરે છે કે પરસ્પરોપગ્રહો જીવાનાં ।

(૨) મોક્ષની ઇચ્છાથી જ ધર્મ કરવો.
'મોક્ષ' એટલે સકલ કર્મથી નિર્મોક્ષ થવા માટે
કર્મના કારણભૂત એવા મોહનો ક્ષય.

પરિકર્મમાં કારણભૂત આત્મજ્ઞાન છે અને
તેનાં સાધન ધ્યાન આદિ છે મોક્ષની ઇચ્છા એટલે
આત્મસમાપત્તિની ઇચ્છા. અરિહંતાદિ સાથે સમરસાપત્તિ
એ જ તત્ત્વતઃ નિર્વાણ ફલપ્રદ છે.

તાત્ત્વિક નમસ્કાર, અદ્વૈત ભાવનો નમસ્કાર,
સામર્થ્ય યોગનો નમસ્કાર, અભેદ પ્રણિધાન,
સમરસાપત્તિ, ધ્યાનજનિત સ્પર્શના, આત્માનું સ્વસંવેદન
વગેરે શબ્દો એકાર્થક છે.

શ્રવણ - મનન તથા નિદિધ્યાસન દ્વારા
આત્મસાક્ષાત્કારની એટલે કે સ્વરૂપલાભની ઇચ્છા
એ જ નિશ્ચય નમસ્કાર છે.

મૂલોત્તર ગુણ અને શમ - દમાદિ ષટ્સંપત્તિ તેના હેતુ છે.
મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિત -
એ ત્રણે પ્રત્યે આદર - બહુમાન અને એ ત્રણેને
ભેગા કરવાની રુચિ - સંયોગની અભિલાષા તે મોક્ષાભિલાષા છે.

(3) સાધુધર્મની અભિલાષા એ જ દેશવિરતિનો પરિણામ.
સાચું જૈનત્વ એમ સમરસાપત્તિની અભિલાષામાં છે,
તેમ સાધુધર્મ એ સકલસત્ત્વહિતાશયની
રક્ષા કરાવનાર સત્પ્રવૃત્તિની અભિલાષામાં છે.

આત્મસ્વરૂપના ભાનથી મુક્તિની અભિલાષામાં
પરમાત્મસમાપત્તિની અભિલાષા રહેલી છે, તેમ
તે તે સમાપત્તિના કારણભૂત સકલસત્ત્વહિતાશય
સહિતની પ્રવૃત્તિની અભિલાષા પણ રહેલી છે.

દરેક પદાર્થની જેમ આત્મપદાર્થ પણ
સામાન્ય - વિશેષ ઉભયસ્વરૂપ છે.
સામાન્યસ્વરૂપથી આત્મત્વ જાતિ અને
વિશેષસ્વરૂપથી આત્મ વ્યક્તિ.
કાળથી ભૂત - ભાવિ સહિત દ્રવ્ય તે સામાન્ય અને
વર્તમાનકાળવર્તી દ્રવ્યનો પર્યાય તે વિશેષ.
સામાન્યપૂર્વક જ વિશેષ હોય છે, તેથી
સામાન્યથી સર્વ જીવવિષયક હિતાભિલાષ અને જ
વિશેષથી આત્મહિતવિષયક અભિલાષ ગણાય.

'સાધુધર્મની અભિલાષા તે શ્રાવકધર્મ'
એનો અર્થ સકલસત્ત્વહિતાશયવાળું અંતઃકરણ.
સાધુ સર્વના સહાયક છે તથા
સર્વના સહાયક થવાની અભિલાષા
જેના અંતઃકરણમાં વર્તે છે,
તે જ સાચો શ્રાવક ગણાય છે.

# બોધિ, સમાધિ અને આરોગ્ય

મોક્ષાભિલાષ વિનાની ધર્મક્રિયા નિષ્ફળ અને અનર્થકર છે.

'મોક્ષાભિલાષ' એટલે સ્વરૂપના ભાનની ઇચ્છા.

સ્વરૂપભાનનો હેતુ સમાપત્તિ અર્થાત્

સ્વરૂપભાનની અભિલાષા.

સમાપત્તિ ધ્યાનમાંથી જન્મેલ સ્પર્શના અથવા

ધ્યાતા - ધ્યેય - ધ્યાન, ત્રણેની એકતા તે સમાપત્તિ છે,

તેની અભિલાષા જેટલી તીવ્ર,

તેટલી મોક્ષાભિલાષા તીવ્ર, સંવેગ તીવ્ર.

તીવ્ર સંવેગવાળાને મોક્ષ નિકટ છે.

'તીવ્રસંવેગાનામાસન્નઃ ।'

બોધિ અને સમાધિના ફળરૂપ સિદ્ધિ છે.

ભાવારોગ્યનું કારણ બોધિ અને સમાધિ છે.

બોધિ = સાધુધર્મની અભિલાષા અર્થાત્

સકલસત્ત્વહિતાશય આત્મૌપમ્ય.

સમાધિ = સમાપત્તિની અભિલાષા અર્થાત્

ધ્યાતા - ધ્યેય - ધ્યાનની એકતા.

પરજીવમાં આત્મૌપમ્ય = સાધુતા (પરમાત્મૌપમ્ય)

સ્વમાં પરમાત્મૌપમ્ય = સિદ્ધતા.

(૪) સ્વપર - વ્યવસાયિ જ્ઞાનં પ્રમાણં ।

સ્વનું જ્ઞાન અને પરનો બોધ.

સ્વવિષયક જ્ઞાન સહજ અનુપચરિત છે,

પરવિષયક જ્ઞાન સહજ ઉપચરિત છે.

જ્યારે જ્ઞાનનું બોધ ઘટ - પટાદિ પરબોધના સ્થાને સ્વઆત્મદ્રવ્ય બને, ત્યારે તે સમાધિનું કારણ બને છે, તેથી આત્મજ્ઞાનનાં સાધનભૂત સઘળાં પ્રકારનાં જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન છે, તે સિવાયનાં જ્ઞાન એ મિથ્યાજ્ઞાન છે.

o 'સમગ્ર વિશ્વ તત્ત્વથી તીર્થ છે' એવી બુદ્ધિ થયા વિના વ્યવહારનયમાં નિષ્ણાત ન બની શકાય.

વ્યવહારનય પરને વિષય કરે છે.

પરમાં શત્રુ - મિત્ર - ઉદાસીન ત્રણે વર્ગ સમાઈ જાય છે. 'લોકમાત્રમાં એ ત્રણે ભિન્ન ભિન્ન રીતે ઉપકારક થઈ રહ્યા છે' એવી સમજણ આવતાં જ ભવ્યત્વ પરિપાક પામે.

'ભવ્યત્વ' એટલે મુક્તિગમન યોગ્યત્વ.

તેનો પરિપાક તેનું જ નામ પાત્રતા છે અર્થાત્ 'પાત્રતા' એટલે કૃતજ્ઞતા અને 'કૃતજ્ઞતા' એટલે પાત્રતા - એમ પરસ્પર અવિનાભાવ છે. કૃતજ્ઞતા ગુણની ટોચને સ્પર્શ્યા વિના સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકતી નથી.

'પરનો અનુગ્રહ સ્વીકારવો તે કૃતજ્ઞતા છે'
એનો અર્થ મુક્તિમાર્ગમાં grace અનિવાર્ય છે.
'કૃતઘ્ન આત્માની નિષ્કૃતિ નહિ' એનો અર્થ કૃતજ્ઞતા
ગુણ સ્પર્શ્યા વિના કૃતઘ્નતા દોષનું નિવારણ ન થાય.
'શત્રુ, મિત્ર કે ઉદાસીન - ત્રણે વર્ગ વડે હિત થઈ રહ્યું છે,
તેથી ત્રણે વર્ગ ઉપકારી છે' એવી બુદ્ધિ ઉત્પન્ન થવા
વિશેષ કૃતજ્ઞતા ગુણનો સ્પર્શ જરૂરી રહે છે, તેટલી
પાત્રતા - યોગ્યતા અણવિકસીત રહે છે અને
અયોગ્યની મુક્તિ થતી નહિ.

સંપૂર્ણ નમ્રતા અર્થાત નમ્રતા ગુણની પરાકાષ્ઠાએ
પહોંચવા માટે વિશ્વત્રયને કોઈને કોઈ અવસ્થાએ
ઉપકારક માનવું અનિવાર્ય થઈ પડે છે.

'ત્રણે ભુવનનો ઉપગ્રહ પરસ્પર થઈ રહ્યો છે'
એવું તત્ત્વ જે સૂત્રથી મળે છે,
તે સૂત્રની પરિણતિ વ્યવહારનયમાં નિષ્ણાત બનાવે છે.
નમ્રતા, કૃતજ્ઞતા, પાત્રતા, યોગ્યતા વગેરે એકાર્થક છે.
તેને વિકસાવવા માટે વ્યવહાર અને નિશ્ચય
અર્થાત સાક્ષાત અને પરંપરાએ જે ઉપકારક છે,
તેને તીર્થ સ્વરૂપ આદર આપતાં શીખવું જોઈએ.

સાક્ષાત્ ઉપકારક રત્નત્રય તથા તેનાં સાક્ષાત્ સાધનો છે, તેથી તેના પ્રત્યે પૂજ્યતાનો વ્યવહાર ક્યારેય થઈ શકે. પરંપરાએ ઉપકાર તત્ત્વથી સર્વનો છે, તેથી તે પણ તીર્થ છે, તેથી તેનો પ્રત્યક્ષ બાહ્ય વ્યવહાર પૂજ્યતાનો ન કરી શકાય

પણ અંતરમાં તેને તીર્થ તરીકે
ગણવાનો નિષેધ નહિ પણ વિધાન સમજવું.

જો અંતરથી પણ તેને ઉપકારી ન મનાય, તો શત્રુભૂત અને ઉદાસીનભૂત પદાર્થો પ્રત્યે કૃતજ્ઞતા ન વિકસે.
તે ન વિકસે તો આત્મતત્ત્વની પ્રાપ્તિના અર્થાત્
મુક્તિરમણીના ભોગના અધિકારી થઈ શકાય નહિ.

સ્વરૂપભોગરૂપી મુક્તિ તેને જ મળે, કે જે સ્વભિન્ન વિશ્વને ઉપકારી માને, કૃતજ્ઞતા દ્વારા તેના પ્રત્યે ઉપશમ ભાવને કેળવે, સંક્લેશરહિત બને. સંક્લેશરહિત બનવાનો અનન્ય ઉપાય કૃતજ્ઞતાગુણ છે
અને વિશ્વમાત્ર પ્રત્યે તે વિકસવો જોઈએ.

સાક્ષાત્ સાધનો પ્રત્યે પૂજ્યભાવનો વ્યવહાર થાય,
તે રીતે જ પરંપર સાધનો પ્રત્યે પૂજ્યભાવનો
વ્યવહાર કરવામાં આવે, તો વિવેકગુણ નાશ પામે
અર્થાત્ ગૌણ - મુખ્ય વચ્ચેનો તફાવત જાળવ્યો ગણાય નહિ.

જેઓ નમનીય - ત્રૈલોક્યપૂજ્ય છે,
તેઓ સર્વને નમીને નમનીય બન્યા છે,
સર્વ પ્રત્યે કૃતજ્ઞતા ગુણ કેળવીને પૂજ્ય થયા છે, તેથી
તેમને ભાવથી નમસ્કાર તો જ થઈ શકે કે નમનારના
હૃદયમાં પણ સર્વ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ રહેલો હોય.
જો તે ન હોય, તો નમનીયને નમન પહોંચતું નથી
અર્થાત્ દ્રવ્યનમસ્કાર થાય, ભાવનમસ્કાર થતો નથી.

ભાવનમસ્કાર કરવા માટે
જેઓ સર્વે નમનીય - ત્રૈલોક્યપૂજ્ય છે,
તેમનામાં રહેલા કૃતજ્ઞતા ગુણને પણ નમવું જોઈએ.

જ્ઞાનવિહીન તપ, જપ, વ્રત, નિયમ, સંધ્યાસ્નાન,
વગેરે ક્રિયા તથા દાન, શ્રવણ આદિ સર્વ વ્યર્થ છે.
ક્રિયાનો ઉદ્દેશ સમજ્યા વિના તે કરવામાં આવે છે,
તો સેંકડો જન્મે પણ મુક્તિ થતી નથી.
ઉદ્દેશ સમજવો તે જ્ઞાન છે - શ્રદ્ધા એ એનો પ્રાણ છે.

## ૧૦૮નો મહિમા

માણસની ઊંચાઈ સાધારણ રીતે ૯૬ આંગળની હોય છે,
ઉપરાંત શ્વાસ લે છે, ત્યારે ૧૨ આંગળ વધે છે.
૯૬ + ૧૨ મળે, ત્યારે ૧૦૮ થાય છે.

કલિયુગમાં મનુષ્યની વય સાધારણ રીતે ૧૦૮ વર્ષની છે.
પ્રભુસ્મરણ કરવાનો વખત વહી ન જાય,
તે માટે માળાના ૧૦૮ મણકા દર વખત યાદ આપે છે.
જ્યોતિષ શાસ્ત્ર મુજબ ૧૨ રાશિમાં
૯ ગ્રહોને ભ્રમણ કરતાં ૧૦૮ વર્ષ લાગે છે,
એ દૃષ્ટિએ પણ માળાના મણકાની સંખ્યા ૧૦૮ છે.
૧૦૮ મણકાની સંખ્યાના છેડે
દોરાના બંને છેડાની એકઠા સાંધવા મેર હોય છે.
મનુષ્યના શરીરમાં કરોડરજ્જુ છે, તેને 'મેરુદંડ' કહે છે.
તેને ટટ્ટાર અને સ્થિર રાખીને યોગની
આસન - પ્રાણાયામાદિ ક્રિયાઓ કરવાની હોય છે.
માળામાં પણ વિરામચિહ્ન તરીકે સુમેરુ સ્વીકારાયેલ છે.
મર્કટની માફક આમતેમ કૂદકા મારતા મનને
કાબૂમાં રાખવા માટે માળા એ ચાબુકનું કામ કરે છે.
ઈશ્વર નામસ્મરણ રૂપી એકેક મણકો મનને
દમન કરવામાં ચાબુકનું કામ કરે છે, આથી
ભટકતું રહેવાને ટેવાયેલું મન સ્થિર બની જાય છે.
આ રીતે સ્થિર થયેલું મન અનુક્રમે
માનસિક જાપ કરવાને માટે સુયોગ્ય બને છે.

મનનું નિયંત્રણ બે રીતે કરી શકાય છે:
એક તો તેનો રસ્તો બદલીને - બીજો તેનો વેગ ઘટાડીને.
એકનું નામ છે અભ્યાસ, બીજાનું નામ છે વૈરાગ્ય.
પ્રેમનો અભ્યાસ અને વિષયનો વૈરાગ્ય.
આત્માનો સ્નેહ અને જડની વિતૃષ્ણા.
આશા અને તૃષ્ણાનો ત્યાગ.
જે વિજ્ઞાને દૂરનાંને નજીક લાવી દીધાં છે,
તેણે જ પોતાનાંને પારકાં બનાવી દીધાં છે.
લોકસંપર્ક વધી ગયો છે પણ લોકસંગ્રહનું કાર્ય
માત્ર ઉપદેશને માટે વિદાય થઈ ગયું છે.
લોકોના શરીરનો સ્પર્શ થઈ રહ્યો છે,
કિન્તુ પ્રાણનો પ્રાણ સાથેનો સ્પર્શ નથી થતો.
હાથ - પગ - આંખ - કાનને વધારવા માટે
બુદ્ધિ અને યંત્રનો ઉપયોગ થઈ રહ્યો છે, પરંતુ
દીન - દુઃખી આત્માને વિશાળરૂપમાં જોવાની
હૃદયની વિશાળતાની સાધના ભૂલી ગયો છે.
આ યુગમાં મનુષ્યની દેહની ભૂખ વધી ગઈ છે, પરંતુ
આત્માની ભૂખ મરી ગઈ છે.
ભોગવિલાસસામગ્રીથી બજારો દુકાનોની શોભા વધી રહી છે,

પરન્તુ આત્માનો મહાન ગુહ્યસમૂહ મારું બની
માનવ સભ્યતાને મરૂભૂમિમાં પલટાવી રહ્યો છે.
આર્થિક અને રાજનૈતિક સ્વાર્થને
લીધે માનવ અભિગમની દિશા નિકટ આવી રહી છે,
પરન્તુ ધાર્મિક અને આધ્યાત્મિક સ્વાર્થને ભૂલી જઈ
એકબીજાથી અત્યંત દૂરનો બન્યો છે.
યંત્રોના ઉત્પાદનની દક્ષતા અસીમ હોવા છતાં પણ
પ્રેમરહિત માનવસંસ્કૃતિ
મરૂભૂમિની તપતી રેતીની માત્ર ભઠ્ઠી છે.
જેવી રીતે આહારથી ભૂખ ભાંગે છે, તેવી રીતે
માનવપ્રેમની ભૂખ ઈશ્વરીય પ્રેમથી જ સંતોષાય છે.
ઈશ્વરપ્રેમ એક જ રેખાના બે પ્રાંત અથવા છેડા છે.
ભક્તિ અને સ્નેહની વૃદ્ધિ એ જ
સુખની ભૂખ ભાંગવાનો અનન્ય ઉપાય છે.
રામનું સ્મરણ કર, તો તો તારે કાંઈ ચિન્તા નહિ રહે,
તારા પંડનું પ્રાયશ્ચિત થઈ જશે, પાપ પ્રજળી જશે,
તારું બધું ય દુઃખ મટી જશે.
આ કાયામાં પાંચ ભૂત - તે પાંચ ઈંદ્રિય, તે સદા
બહિર્મુખ રહે છે, તેથી અંદરનું તત્વ જણાઈ શકતું નથી.

સદ્ગુરુ મળે તો તેનો ભેદ બતાવી આત્મદર્શન કરાવે
પણ અજ્ઞાની મળે તો માત્ર શબ્દજાળમાં અટકાવી મારે.

'વીંધ્યા એટલાં મોતી' અર્થાત્

જેણે આત્મા વડે પરમાત્માને પિછાણ્યા,
એનું જ જીવન બહુમૂલ્ય અને સાર્થક બની ગયું.
બાકીઓનું જીવન નિષ્ફળ સમજવું.
જેને આવા સમજ્યા છે, તે તો પોતાની અંદર જ
પરમાત્માનું દર્શન કરી શાંત થઈ ગયા છે.
'વીંધ્યા' એટલે અહીં અર્થ સમજવો કે:
જેનો અહંકાર વીંધાઈ કે ભેદાઈ ગયો, એ જ
સાચા સંત - બાકી તો ફટકિયાની જેમ પથ્થર તોલે.
'આત્માનું પરમાત્મા સાથે મિલન થઈ ગયું'
એટલે હીરાથી હીરો વીંધ્યો,
પછી કાચમાં - બાહ્યવૃત્તિમાં કોણ જાય ?

o

Jainism believes in philosophy of co-ordinating both - the identity and difference. For the non-jains also, they both are equally vital elements in reality.

ગોરખ કહે છે કે:

દરપનમાંહી દરસન દેખ્યા, નીર નિરંતરિ ઝાંઈ,
આપામાંહી આપા પ્રગટ્યા, ભાગૈં તો દૂર ન જાઈ. ...(૧)
જોગી હોઈ પરનિંદા ઝંખે, મદમાંસ અરૂ ભાંગ જો ભખે,
ઈકોતરસૈ પુરિખા નરક હિ જાઈ,
સતિ સતિ ભાખંત શ્રી ગોરખ રાઈ. ...(૨)

શબ્દી ગોરખ કહે છે કે: 'હું નિર્વિકલ્પરહિત વિરક્ત છું.
હું શબ્દાકૃત છું, હું સમરસ છું, હું તો આકાશ જેવો છું.'

ગોરખ શબ્દી જવાબ કહે છે કે:
'હું કાંઈ નથી, માત્ર પરમાર્થ તત્ત્વનું જ સ્વરૂપ છું.
હું પરમાર્થરૂપ શિવ છું અને
સ્વચ્છ આકાશ જેવો સ્વભાવ ધરાવું છું.'

અજપાના જાપથી આત્મા પરમાત્મામાં મળે છે.
આવા યોગીને પછી તીરથમાં ભટકવાનું રહેતું નથી.
અડસઠ તીરથ તો આ અંગમાં જ સમાયા છે.
ભીતરમાં રહેલા સર્વ-કામનાઓને બાળી નાંખે,
તો શરીર પવિત્ર સ્થળ બની રહેવાનું છે.

પરનિંદા અને કેફી વસ્તુઓનું સેવન
માનવીને નરકે લઈ જાય છે.

ગૌરવ આત્મસ્વરૂપશુદ્ધિમાં માને છે અને
આત્મસ્વરૂપની શુદ્ધિ જ શરીર - મન શુદ્ધતાને પામે છે.
આમ કરશો તો જ પ્રભુનું દર્શન થશે.

૦ સ્વાભાવિક ગુણ અને વૈભાવિક ગુણ વચ્ચે ફરક એટલો કે સ્વાભાવિક ગુણ અનાદિ - અનંત છે, જ્યારે વૈભાવિક ગુણ માત્ર અનાદિ છે. વાસ્તવિક દૃષ્ટિએ સ્વાભાવિક અને વૈભાવિક ગુણ એ બે અલગ નથી; પરંતુ એ બન્ને એક જ ગુણનાં બે પાસાં છે. પ્રત્યેક દ્રવ્યનો ગુણ એની સાથે જ રહે છે.

<u>પ્રભુ પાસે જવાનો અસાધારણ માર્ગ</u>

અંતઃકરણને સંપૂર્ણપણે વિષયરહિત બનાવી તેને ઈશ્વરમાં જ ડુબાડી દેવું અને ઈશ્વર સિવાયનું બધું જ ભૂલી જવું એ પ્રભુ પાસે જવાનો અસાધારણ માર્ગ છે. જો સાધારણ માર્ગે જવું હોય તો પાપનો, સંસારનો અને ઈંદ્રિયોની પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો. આ માર્ગમાં પોતાના પ્રયત્ન ઉપર ભાર છે, જ્યારે અસાધારણ માર્ગમાં ઈશ્વર કૃપા ઉપર ભાર છે.

મનુષ્ય જીવન દ્વારા
પોતાનો આત્મા મુક્તિ મેળવી શકે છે.

તેનું કારણ એ છે કે માનવજીવનમાં રહેલ સામર્થ્ય
શક્તિ જ આત્માની સામર્થ્ય શક્તિને પ્રકટાવી શકે છે.
અન્ય દેવ - નારકાદિ જીવનની મર્યાદાથી આત્માની
સામર્થ્ય શક્તિઓને પ્રકટ થવામાં અંતરાય રૂપ છે.

## 'સકલાર્હત્' સ્તોત્રનો મધ્યવર્તી વિચાર

सकलार्हत्प्रतिष्ठानं = સર્વ અરિહંતોમાં રહેલું.
अधिष्ठानं शिवश्रियः = મોક્ષલક્ષ્મીનું અધિષ્ઠાન.
भूर्भुवः स्वस्त्रयीशानं = સ્વર્ગ, મર્ત્ય, પાતાળનું સ્વામિત્વ.

સકલ અરિહંતોનું પ્રતિષ્ઠાન,
સકલ સિદ્ધોનું અધિષ્ઠાન,
સ્વર્ગ, મર્ત્ય અને પાતાળનું ઈશાન એવા 'આર્હન્ત્ય'નું
અમે ધ્યાન કરીએ છીએ.

અહીં 'આર્હન્ત્ય' એટલે અરિહંતોની આજ્ઞા અથવા તો
જિનેશ્વરોનું શાસન કે જે સમગ્ર વિશ્વ ઉપર
પોતાનું સ્વામિત્વ - આધિપત્ય ધરાવે છે તે.
આર્હન્ત્ય સર્વ અરિહંતોમાં રહેલું છે અને
મોક્ષલક્ષ્મી આર્હન્ત્યમાં રહેલી છે.
આર્હન્ત્યમાં ત્રણે ભુવનનું સ્વામિત્વ છે
અર્થાત્ તે ત્રણે લોક ઉપર શાસન ચલાવે છે,

તે આર્હંત્ય એટલે 'સવ્વેજીવા ન હન્તવ્વા ।'

અરિહા પ્રભુની આજ્ઞા અર્થાત્ અહિંસા.

વિશ્વનિયામક તત્ત્વ = અહિંસા સંયમ અને તપ.

અહિંસા માટે તપ અને સંયમની આવશ્યકતા છે, તેથી

અહિંસા, સંયમ અને તપ એ જ આર્હંત્ય છે.

તે સર્વનું હિત કરે છે, મંગલ કરે છે, શિવ કરે છે.

તે જ શાસન ચલાવે છે.

આર્હંત્ય જ અહિંસાનું યથાર્થ જ્ઞાન આપે છે અને

અહિંસાનું યથાર્થ પાલન કરવા ફરમાવે છે.

જે કોઈ તે આજ્ઞાને પાળે, તેના યોગક્ષેમનું નિર્વહન કરે છે.

તમારી પાસે તમારા અમૂલ્ય ખજાના જેવું,

બીજા કોઈની પાસે આખી દુનિયામાં નહિ,

તેવું એક સ્વતંત્ર વ્યક્તિત્વ છે.

આ મૂડી તમારી પોતાની છે, તેને ઓળખવા, સંભાળવા,

સાચવવા અને કચડાવા ન દેવા ઉપરાંત ખોવાવા ન દેવા,

એ તમારું પ્રથમ કર્તવ્ય છે તથા

બીજા જેવા થવા પ્રયત્ન ન કરવો, એ બીજું કર્તવ્ય છે.

વ્યક્તિત્વના વિકાસ ઉપર માનવીના સુખ - સંતોષનો

અને મહત્તાનો આધાર છે.

આખી દુનિયામાં તમારા જેવી બીજી કોઈ જ વ્યક્તિ નથી.
તમારું આગવું વ્યક્તિત્વ જ તમારી સૌથી મોંઘી મૂડી છે.
એને માન આપો, વિકસાવો.

દરેક વ્યક્તિ કોઈક બાબતમાં આગત્ય ધરાવે છે અને અમુક કામ બીજાઓ કરતાં વધુ સારી રીતે કરી શકે છે. તમે કયું કાર્ય વધુ સારી રીતે કરી શકો છો, તે શોધી કાઢો. તમારી એ આંતરિક શક્તિ - ઈશ્વરીય બક્ષિસને વિકસાવો.

દરેક માણસ ધનવાન, રૂપવાન, ગુણવાન કે સર્વોત્તમ થઈ શકતો નથી, એ સમજી લો કે આ વિશ્વમાં જેમ સૂરજ - ચંદ્રની જરૂર છે, તેમ તારાઓની પણ જરૂર છે. વડ, પીપળા, આંબાની જેમ લીમડા, બાવળની ય જરૂર છે.
બધા શેઠ કે રાજા થઈ શકતા નથી, પરંતુ
નોકર અને રૈયતની પણ જરૂર પડે છે.

જે પોતાનું સ્થાન છોડી બીજાનું સ્થાન લેવા જાય છે,
તે ઉત્થાનને ગુમાવે છે.

હું શેક્સપીયર, કાલીદાસ કે નર્મદ જેવું નથી લખી શકતો પણ મારા જેવું લખી શકું છું, મારા જેવું ગાઈ શકું છું
અને એ હું વધુને વધુ સારું કેવી રીતે કરી શકું,
તે જ મારે જોવાનું છે.

મુંદ્રા, જેઠ સુદી ૮, શુક્રવાર, તા. ૨૨/૬/૭૦

સમાપત્તિનું સ્વરૂપ

मणेरिवाभिजातस्य, क्षीणवृत्तेरसंशयम् ।
तात्स्थ्यात् तदंजनत्वाच्च समापत्तिः प्रकीर्तिता ॥१॥

- द्वा. द्वा. २ - १० सद्वृत्तिः

નિર્મળમણિ સમ ક્ષીણવૃત્તિવાળા નિર્મળ ચિત્તમાં સ્થિરતા થવાથી તથા તન્મય બનવાથી સમાપત્તિ સિદ્ધ થાય છે.

વિશેષાર્થ: જેમ રક્ત કે શ્યામ પુષ્પની સમીપ રહેલાં નિર્મળ સ્ફટિક રંગમાં પુષ્પના રંગની છાયા પડતાં સ્ફટિક પણ રક્ત કે શ્યામ દેખાય છે, તેમ અંતરાત્મામાં જ્યારે વિષય - કષાયની મલિન વૃત્તિઓને દૂર કરી, નિર્મળ બની સ્થિરતાપૂર્વક પરમાત્માનું ધ્યાન કરવામાં આવે છે અને અનુક્રમે પરમાત્મસ્વરૂપમાં તન્મયતા પ્રાપ્ત થાય છે, ત્યારે 'તે પરમાત્મા એ જ હું છું' એવો 'સોઽહં' 'સોઽહં'નો અસ્ખલિત અનાહત નાદ પ્રગટે છે અને તે અનાહત નાદ દીર્ઘ ઘંટાનાદની જેમ અનુક્રમે શાન્ત - મધુર થઈ જતાં આત્મા અને પરમાત્માની એકતાનો જે અનુભવ થાય છે,

તે વખતે પરમ સમતા, શાંતતા, સુખમયતા અને
આનંદનો જે અનુભવ થાય છે,
તેને 'સમાપત્તિ' કહેવામાં આવે છે.

मणाविव प्रतिच्छाया समापत्तिः परात्मनः ।
क्षीणवृत्तौ भवेद् ध्यानादन्तरात्मनि निर्मले ॥१॥

- જ્ઞાનસાર ધ્યાનાષ્ટક ઋદ્ધિઃ

નિર્મળ મતિની અને ક્ષીણવૃત્તિવાળા અંતરાત્મામાં એકાગ્ર ધ્યાન દ્વારા પરમાત્માનું જે પ્રતિબિંબ પડે છે, તે 'સમાપત્તિ' છે અથવા અંતરાત્મામાં પરમાત્માના ગુણોનો અભેદ આરોપ કરવો, તે 'સમાપત્તિ' છે.

તે અભેદારોપ ગુણોના સંસર્ગારોપ વડે સિદ્ધ થાય છે. 'સંસર્ગારોપ' એટલે સિદ્ધ પરમાત્માના અનંત ગુણોમાં અંતરાત્માનો એકાગ્ર ઉપયોગ અથવા તો પરમાત્માના ગુણોનું ધ્યાન અને તેમાં જ સ્થિરતા તે સંસર્ગારોપ. આ ધ્યાન - સ્થિરતા ચિત્તની નિર્મળતાથી જ સાધ્ય થાય છે.

સમાપત્તિની મુખ્ય સામગ્રી : (૧) ધ્યાતા(ની શુદ્ધિ) - નિર્મળ અંતરાત્મા, દેહાદિભાવોનો સાક્ષિભાવ.

(૨) ધ્યેય(ની શુદ્ધિ) - ધ્યેયરૂપે પરમ ગુણી પરમાત્મા. ધ્યેય શુદ્ધ આત્મા ન હોય, તો સમાપત્તિ થઈ શકતી નથી.

(3) ધ્યાન(ની શુદ્ધિ) - આદર અને બહુમાનપૂર્વક
અર્હદ્ગુણાદિનું ચિન્તન.

પરમાત્મસમાપત્તિ સિદ્ધ કરવા માટે
ચિત્તને નિર્મળ, સ્થિર અને તન્મય બનાવવું જોઇએ.
શાસ્ત્રોક્ત કોઇપણ અનુષ્ઠાન વિધિપૂર્વક કરવા વડે
ચિત્તની નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા સિદ્ધ થાય,
ત્યારે પરમાત્મા સાથે ભાવથી
મિલનરૂપ સમાપત્તિ સિદ્ધ થાય છે.

## નામાદિ નિક્ષેપ અને સમાપત્તિ

'અનુયોગ દ્વાર', 'વિશેષાવશ્યક ભાષ્ય' વગેરે ગ્રન્થોમાં
ચાર નિક્ષેપનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે.
નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ -
એ ચાર વસ્તુના જ પર્યાયો છે.
ભાવ એ સાધ્ય છે,
નામ, સ્થાપના, દ્રવ્ય - તેને ભાવલાવાનાં સાધન છે.
કોઈપણ વસ્તુનું સ્પષ્ટ સ્વરૂપ
ચાર પ્રકારના નિક્ષેપની વિચારણા વિના સમજી ન શકાય.
સમાપત્તિનું સ્વરૂપ પણ
ચાર નિક્ષેપાદિ વિચારવા વડે તેનું રહસ્ય સ્પષ્ટ થઈ શકશે.

## સમાપત્તિના ચાર નિક્ષેપ

(૧) નામસમાપત્તિ : કોઈપણ જીવ કે અજીવ વસ્તુનું નામ સમાપત્તિ હોય, તો તે નામમાત્રથી 'સમાપત્તિ' છે.

(૨) સ્થાપનાસમાપત્તિ : 'સમાપત્તિ' આ ચાર અક્ષરો અથવા તેની આકૃતિ એ 'સ્થાપનાસમાપત્તિ' કહેવાય છે.

(૩) દ્રવ્ય સમાપત્તિ : ભાવ સમાપત્તિની પૂર્વોત્તર અવસ્થા અથવા સમાપત્તિના સ્વરૂપનો જ્ઞાતા અનુપયુક્ત હોય, તે જ્ઞાતાસ્વરૂપ 'દ્રવ્યસમાપત્તિ' કહેવાય છે.

(૪) ભાવસમાપત્તિ : તે આગમ - નોઆગમ બે પ્રકારે છે.

### આગમથી ભાવસમાપત્તિ

સમાપત્તિના સ્વરૂપને સ્પષ્ટતયા જાણે તેમાં ઉપયોગવાળો જ્ઞાતા આગમથી 'ભાવસમાપત્તિ' કહેવાય.

### નોઆગમથી ભાવસમાપત્તિ

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ સમાપત્તિ તે નોઆગમથી સમાપત્તિ છે.

(અહીં આગમ = શ્રુતજ્ઞાન. તેના ઉપયોગ સહિતની જે સમાપત્તિ, તે આગમથી ભાવસમાપત્તિ.
નોઆગમ = શ્રુતજ્ઞાન અને ધ્યાનરૂપ ક્રિયા.
બંનેની વિવક્ષા હોવાથી 'નો' એ દેશનિષેધના અર્થમાં છે પણ સર્વ નિષેધના અર્થમાં નહિ.)

નોઆગમ દ્વારા વસ્તુનો નિર્દેશ છે અને
આગમ દ્વારા વસ્તુના ઉપયોગવાળા જ્ઞાતાનો નિર્દેશ છે.
યોગશાસ્ત્રોમાં ધ્યેયાકારે તન્મય બનેલા ધ્યાતાનો નિર્દેશ
'સમાપત્તિ' દ્વારા થાય છે.
આગમ ગ્રન્થોમાં જ્ઞેયાકારે તન્મય બનેલા જ્ઞાતાનો નિર્દેશ
'આગમથી ભાવનિક્ષેપ' દ્વારા કરાય છે.
આ રીતે બંને વચ્ચે નામભેદ હોવા છતાં
અર્થભેદ જણાતો નથી.

ધ્યેયરૂપ અરિહંત પરમાત્માના ચાર નિક્ષેપ

(૧) નામ અરિહંત = અરિહંત પરમાત્માનું નામ.
(૨) સ્થાપના અરિહંત = અરિહંત પરમાત્માની મૂર્તિ.
(૩) દ્રવ્ય અરિહંત = અરિહંત પરમાત્માની પૂર્વોત્તર અવસ્થા
પૂર્વ અવસ્થા = સાધનાની, ઉત્તર અવસ્થા = સિદ્ધિની.
(૪) ભાવ અરિહંત = બે પ્રકારે : નોઆગમથી, આગમથી.
(1) નોઆગમથી ભાવઅરિહંત એટલે...
સમવસરણ સ્થિત અરિહંત પરમાત્મા.
(2) આગમથી ભાવઅરિહંત એટલે...
અરિહંત પરમાત્માના ઉપયોગમાં તદાકાર બનેલો આત્મા.
સમાપત્તિના સ્વરૂપમાં આ વાત આ રીતે ઘટે છે:

ધ્યેયરૂપ પરમાત્માના ધ્યાનમાં તન્મય બનેલા આત્માને
'સમાપત્તિ સિદ્ધ થઈ' એમ કહેવાય અને
તે જ ધ્યાતા આગમથી ભાવનિક્ષેપે અરિહંત કહેવાય.
આ રીતે આગમથી ભાવનિક્ષેપે અને સમાપત્તિ,
ઉભયના વિષયની સમાનતા જણાય છે.

<u>ચાર નિક્ષેપ વડે થતી ઉપાસના</u>

(૧) નામ અને સ્થાપનાનિક્ષેપ વડે
અરિહંત પરમાત્માઓના નામનું ગ્રહણ અને
મૂર્તિનું દર્શન આદિ કરવાથી ચિત્ત નિર્મળ બને છે.

(૨) દ્રવ્યનિક્ષેપ વડે અરિહંતાદિ પરમેષ્ઠિઓની પૂર્વોત્તર
અવસ્થાના ચિન્તન વડે ચિત્ત સ્થિર થાય છે.

(૩) ભાવનિક્ષેપ વડે નોઆગમથી સમવસરણ સ્થિત
અરિહંતના ધ્યાન વડે ચિત્તની તન્મયતા થતાં
સમાપત્તિ સિદ્ધ થાય છે, ત્યારે સાધક
આગમથી ભાવનિક્ષેપે અરિહંત કહેવાય છે.

(૪) જે સાધક આગમથી ભાવનિક્ષેપે
અરિહંત કે સિદ્ધ બને છે,
તે જ અનુક્રમે નોઆગમથી ભાવનિક્ષેપે
અરિહંત કે સિદ્ધ બની શકે છે. કહ્યું છે કે:

આગમ - નોઆગમ નહીં, ભાવ તે જાણી સાચો રે;
આગમભાવે ચિર રહીને, પરભાવે મત રાચો રે. - ઉ.યશો.
આગમ અને નોઆગમથી ભાવ રૂપ જ સાચો ભાવ છે.
વસ્તુનું મૂળ સ્વરૂપ છે, માટે
આત્મસ્વભાવમાં સ્થિર રહેવું, પરભાવમાં રાચવું નહિ.
બહિરાત્મભાવને દૂર કરી, અંતરાત્મભાવમાં સ્થિર થવું,
જેથી પરમાત્મસ્વરૂપમાં તન્મયતા પ્રાપ્ત થતાં
આત્મસ્વભાવ પ્રગટશે.
નામાદિ કે દાન - શીલ - તપાદિ સર્વ
ભાવ ઉત્પન્ન કરવા માટેનાં સાધનો છે.
નામાદિ અને દાનાદિ વડે ચિત્તની નિર્મળતા થાય છે.
પરમાત્મસ્વરૂપનું ધ્યાન ચિત્તની સ્થિરતા ઉત્પન્ન કરે,
એ સ્થિરતા જ્યારે તન્મયતાનું સ્વરૂપ ધારણ કરે છે,
ત્યારે આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ બની જાય છે.

સર્વ આગમોનું પરમ રહસ્ય

શાસ્ત્રોક્ત સર્વ અનુષ્ઠાનો આત્માના
પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવા માટે જ છે,
આત્માનું શુદ્ધસ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં
તન્મય બન્યા વિના પ્રાપ્ત થઈ શકતું નથી.

અરિહંત પરમાત્માના નામસ્મરણ, મૂર્તિદર્શન,
ગુણચિન્તનાદિ દ્વારા અને અસંયમ ત્યાગ અને
સંયમ સેવનરૂપ તેમની આજ્ઞાના પાલન દ્વારા
નિજના ધ્યાનમાં એકાગ્ર બનવાની શક્તિ પ્રગટે છે.
અનુક્રમે નિજના ધ્યાનમાં તન્મય બની
આત્માના જ શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે.
આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો,
એ જ સર્વ આગમોનું પરમ રહસ્ય છે.
કહ્યું છે કે:

યોગ અસંખ્ય છે જિન કહ્યાં, નવપદ મુખ્ય તે જાણો રે;
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે...

જિનેશ્વર દેવોએ મોક્ષસાધક યોગના અસંખ્ય પ્રકારો
બતાવ્યા છે, તેમાં અરિહંતાદિ નવપદોનું આલંબન મુખ્ય છે.
નવપદોના આલંબનથી આત્મધ્યાન પ્રગટે છે અને
આત્મધ્યાન એ જ અંતે પ્રમાણભૂત છે, કેમકે
આત્મધ્યાન વિના મુક્તિસુખ મેળવી શકાતું નથી.
આત્મધ્યાન માટે પરમાત્મધ્યાન, પરમાત્મધ્યાન માટે
નામસ્મરણ, મૂર્તિદર્શન, ગુણચિંતનાદિ સાધનો છે, તે માટે
આશ્રવના ત્યાગ - સંયમના સેવનરૂપ આજ્ઞાનું પાલન છે.

આનાપાનાદિથી ચિત્તની નિર્મળતા,
ગુણચિન્તના વડે ચિત્તની સ્થિરતા અને
નામસ્મરણાદિ વડે તન્મયતા પ્રાપ્ત થઈ શકે છે.
તન્મયતા એ જ સમાપત્તિ પદાર્થ છે.

## સાચો ધર્મ શેમાં છે ?

જીવને દુર્ગતિમાં પડતાં બચાવે તે 'ધર્મ.'
માનવીને દુર્ગતિમાં લઈ જનાર રાગદ્વેષ અથવા
ક્રોધ, માન, માયા, લોભ જેનાથી દૂર થાય, તે ધર્મ.
આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્ત વડે જ
તે કાર્ય થઈ શકે તેમ છે, માટે ધર્મ અહિંસામાં છે.
તે અહિંસા કાયાદિ જીવવધના ત્યાગ વડે,
વચનાદિ સ્યાદ્વાદ વચનના પ્રયોગ વડે અને
મનાદિ અનેકાંત તત્ત્વના સ્વીકાર વડે થાય છે.
અહિંસા અને અનેકાન્તની પ્રાપ્તિ
નમ્રતા - દીનતા - વિનમ્રતાની અપેક્ષા રાખે છે.
દીનતા-વિનમ્રતાનો રસ અમૃતરસથી પણ અતિ મધુર છે.
એનું પાન કરવાથી દેહના રોગ જશે,
દારિદ્ર્યનું દુઃખ જશે, ઉપરાંત
મન નિર્મળ અને નિરોગી થશે.

વ્યવહારનય પરનું અસ્તિત્વ સ્વીકારે છે,
તેથી તેને માનનાર વિનમ્ર બને છે.
પોતાની જાતને હીન - દીન - સર્વ વડે ઉપકૃત માને છે,
તેથી કૃતજ્ઞતા ગુણની ટોચે પહોંચે છે.
નિશ્ચયનય સ્વનું અસ્તિત્વ માને છે,
તેથી પુરુષાર્થવાદી બને છે.
'પોતાના જ દોષો વડે પોતાની પ્રગતિ થતી નથી'
એમ માનવાથી દોષ નિવારવા માટે સદા સજ્જ રહે છે
તથા ગુણપ્રાપ્તિ માટે સ્વાશ્રયી બને છે.
એક આત્માનું અવલંબન ગ્રહણ કરીને
નિર્ભય - નિશ્ચિંત બને છે અને
સ્વતંત્રતાના સુખનો આસ્વાદ અનુભવે છે.

o

Truth isn't acquired but discovered. When I open my eyes to the outer world, I feel myself as a drop in a sea but when I close my eyes and look within, I see the whole universe as a bubble raised in the ocean of my heart.

## શ્રી ઋષભ જિન સ્તવન

ક્યાંથી રે પ્રભુ આવ્યાં, ક્યાં લીધો અવતાર જો,
સર્વાર્થસિદ્ધ વિમાનથી ચવ્યા, ભરતક્ષેત્રે અવતારજી.
તારી રે દાદા રિખવજી ...(૧)

ચોથ ભલી રે અષાઢની, જનની કુખે અવતાર જો,
ચૌદ સુપન નિરખી ભલી, જાગ્યા જનની તેણી વારજો.
તારી રે દાદા રિખવજી ...(૨)

ચૈત્ર વદી આઠમ દિને, જનમ્યા શ્રી ત્રિભુવન નાથ જો,
છપ્પન દિગ્કુમરી મળી, ટાળે શુચી કર્મ તેણી વાર જો.
તારી રે દાદા રિખવજી ...(3)

ચોસઠ ઈન્દ્ર તિંહા આવીયા, નાભિરાયા દરબાર જો,
પ્રભુને લઈ મેરુ ગયા, સ્નાત્ર મહોત્સવ કરે તેણી વાર જો.
તારી રે દાદા રિખવજી ...(૪)

પ્રભુનો સ્નાત્ર મહોત્સવ કરી, લાવ્યા જનની પાસ જો,
અવસ્વાપિનિ નિંદ્રા હરી કરી, રતનો ગેડી દડો મૂકે જો.
તારી રે દાદા રિખવજી ...(૫)

ત્યાંસી લાખ પૂરવ ગૃહવાસે વસીયા, પરણ્યા દોય નારી જો,
સાંસારિક સુખ વિલસી કરી, લેવા સંજમ ભાર જો.
તારી રે દાદા રિખવજી ...(૬)

પંચ મહાવ્રત આદરી, ચૈત્ર વદી અષ્ટમી જાણ જો,
ચાર હજારે સાથે સંયમી, ઉપન્યું ચોથું જ્ઞાન જો.
તારો રે દાદા રિખવજી ...(૭)

કર્મ ખપાવી કેવળ લહી, લોકાલોક પ્રકાશી જો,
સંશય ટાળી જનના, લેવા શિવરમણી સાર જો.
તારો રે દાદા રિખવજી ...(૮)

ખોટ ખજાને પ્રભુ તારે નહિ, દેતા લાગે શું વાર જો?
કાજ સરે નિજ દાસનાં, એ છે આપનો ઉપકાર જો.
તારો રે દાદા રિખવજી ...(૯)

ઘરનાને તાર્યાં તેમાં શું કર્યું? મુજ સરિખાને તારો જો,
કલ્પવૃક્ષ જિસ્યાં ફળ્યો, તેમ દાદો દયાળ જો.
તારો રે દાદા રિખવજી ...(૧૦)

ચરણે આવ્યાને પ્રભુ રાખશો, બાહુબલ ભરત નરેશ જો,
પદ્મવિજય કહે વંદના, તારો તારો દાદા દયાળ જો.
તારો રે દાદા રિખવજી ...(૧૧)

o

*Sun burns himself and gives light and heat to others. Regard for others is the main principle of nature.*

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૧)**

તાત્ત્વિક/વાસ્તવિક પક્ષપાત યાને સાચું જ્ઞાન હોય પણ કરી ન શકે તથા જ્ઞાનશૂન્ય જે ક્રિયા થાય, એ બેમાં સૂર્ય અને ખજુઆ કે આગીયા જેટલું અંતર જાણવું.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૪)**

શાશ્વત આનંદદાયક 'नमः श्री सिद्धचक्राय' સૌ મંત્રોમાં અચિંત્ય ચિંતામણીતુલ્ય છે. નિર્દોષ-ગુણવાળી, રસ-ભાવ-પૂર્ણ, સુણવામાં કોમળ શબ્દસમૂહવાળી અલંકૃતિ છે.

- પંડિત જગન્નાથ રસગંગાધર

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૫)**

શાસ્ત્ર એ પાપરૂપી રોગને દૂર કરનાર ઔષધ છે, પુણ્ય બાંધવાનું સાધન છે, બધા સ્થાને જોઈ શકાય એવી ચક્ષુ છે અને સર્વ કાર્યોને સિદ્ધ કરી આપનાર છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૦)**

ભટ્ટનાયકે 'કાવ્યદર્પણ'માં કહ્યું છે કેઃ શબ્દની પ્રધાનતાથી રહેલા શાસ્ત્રો જૂદા પણ તત્ત્વથી અર્થયુક્ત હોવાથી શબ્દને 'આખ્યાન' કહે છે અને શબ્દ અને અર્થ ગૌણ હોય અને વ્યંજના એટલે કે વ્યાપારની પ્રધાનતા હોય, તે કાવ્યવાણી બને છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૨૭)**

જેવી રીતે બીમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી પુષ્પો અને ફળ થાય, તેવી રીતે રસો સર્વનું મૂળ છે. તેમાંથી ભાવ ઉત્પન્ન થાય છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૩૫)**

આપ્ત પુરૂષોએ કહેલા આગમમાં બતાવેલા તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા કરવાથી સમ્યગ્ દર્શન થાય છે. બધા જ દોષથી રહિત અને સકલ ગુણસ્વરૂપ આપ્તપુરૂષ હોય છે.

- નિયમસાર, ગાથા ૫

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૩૫)**

જે વ્યક્તિ જે મેળવવાનો અર્થી હોય, તે જેને મળી ગયું હોય, તેને નમસ્કાર કરે છે. ધનુર્વિદ્યા પ્રાપ્ત કરવાનો ઈચ્છુક ધનુર્વિદ્યાને જાણનાર વ્યક્તિને નમસ્કાર કરે છે.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૪૧)

ભૂષણ સ્થાન = અલંકારના દાબડાની પ્રાપ્તિ સમાન - એની ટીકાનો અર્થઃ- સામાયિક સ્વરૂપ પ્રથમ ચારિત્રની પ્રાપ્તિ એ રત્નના અલંકારોથી ભરેલી પેટીની પ્રાપ્તિ સમાન છે. આદિ શબ્દથી સોનુ-ચાંદી કે વસ્ત્રની પ્રાપ્તિ સમાન છે.

- યોગશતક, ગાથા ૧૮

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૪૩)

સ્વર્ગમાં રહેલી અપ્સરાઓ મળે એવી મને ઈચ્છા નથી, નરકના જીવોનો ઉદ્ધાર કરવાની ય ઈચ્છા નથી, સંસારમાં ભ્રમણની કે હંમેશા મોક્ષમાં રહેવાની પણ મારી ઈચ્છા નથી. હે ભગવાન! તો પણ તમારા બંને ચરણોને નમસ્કાર કરીને હું એક જ પ્રાર્થના કરૂં છું કે 'હે વિભુ! દરેક ભવમાં તમારી ભક્તિ મારા મનમાં નિશ્ચલ હો.'

- આચાર દિનકર

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૬૪)

હું ધર્મનિષ્ઠ નથી, આત્માને જાણતો નથી, તમારા ચરણકમળની ભક્તિ કરનારો નથી. મારે બીજું ય કાંઈ નથી, તેથી અન્યના શરણરહિત તમારૂં શરણું સ્વીકારૂં છું.

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૭૭)

જેઓ શ્રુતને અને પરમાત્માને ભક્તિપૂર્વક નમે છે, તે બંનેમાં આપ્ત પુરૂષો કાંઈપણ અંતર કહેતા નથી. (અર્થાત્ શ્રુતજ્ઞાન અને પરમાત્મા બંને સમાન છે.)

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૮૧)

પરમેષ્ઠિ ભગવાનની કૃપાથી કલ્યાણમાર્ગ સિદ્ધ થાય છે. આથી શાસ્ત્રની શરૂઆતમાં મુનિભગવંતો કે આચાર્યભગવંતો પરમેષ્ઠિની ગુણસ્તુતિ કરે છે. ૦ તમારા ચરણો મારા હૃદયમાં અને મારૂં હૃદય તમારા ચરણોમાં લીન થયેલું છે, તો હે જિનેશ્વર ભગવાન! જ્યાં સુધી મને મોક્ષ પ્રાપ્ત થાય, ત્યાં સુધી આમ જ રહેજો.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૧૯)

આખી પૃથ્વીને જિનમંદિરો વડે અલંકૃત કરી અને દાનાદિ ચારે પ્રકારનો ધર્મ ખૂબ સારી રીતે કરીને ય શ્રાવકથી અચ્યુત દેવલોક સુધી જ જવાય છે. ધર્મ સિવાયની બાબતમાં આરંભ કરે, ધર્મમાં આરંભ ન કરે તથા લોકમાં શાસનની હિલના કરે, તે અબોધિના બીજ છે અને આત્માને નુકશાન કરનારા છે. - શ્રી પંચાશક

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૩૯)

અભિધાન = શબ્દ. અભિધેય = પદાર્થ. અભિધાનથી અભિધેય કાંઈક ભિન્ન અને કાંઈક અભિન્ન પણ છે, કેમકે ખુર-અગ્નિ-મોદક આવા શબ્દો ઉચ્ચાર કરાય, ત્યારે કાને સંભળાય છે પણ ખુર બોલતાં છેદ થતો નથી, અગ્નિ બોલતાં દાહ થતો નથી, મોદક બોલતાં પેટ ભરાતું નથી, માટે ભિન્ન છે, પરંતુ તે તે શબ્દ બોલતાં તે તે પદાર્થનો જ બોધ થાય છે, બીજા પદાર્થનો નહીં, તેથી પદાર્થથી અભિન્ન પણ છે.

- ભદ્રબાહુસ્વામી નિર્યુક્તિ

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૪૩)

શ્રી અમરચંદ્રસૂરિજી રચિત 'પદ્માનંદ મહાકાવ્ય'માં અર્હંના માહાત્મ્ય વિષે કહ્યું છે કેઃ સકલ અરિહંતોના આર્હન્ત્યનું કારણ, કલ્યાણકારી, લક્ષ્મી અને જય આપનાર, મહાઆનંદસ્વરૂપ, મહાઉદયવાળા અર્હંને હું નમસ્કાર કરૂં છું. (૧) પાતાલલોક, પૃથ્વીલોક અને સ્વર્ગલોક - ત્રણેમાં ઈશ્વર સમાન આર્હન્ત્યની હર્ષપૂર્વક પૂજા કરૂં છું. (૨) નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ - ચાર પ્રકારની અરિહંતોની સ્થાપના ભવ્ય જીવોના ચાર ગતિમાં ઉત્પન્ન થતાં ભયને ભેદી નાંખવા સમર્થ છે. (૩)

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૪૫)

રજસ્ અને તમસ્યુકત પ્રકૃતિનો સંયોગ પુરૂષને અનંત વાર થયો છે. તે બંનેનો નાશ થવાથી અને સત્ત્વગુણની વૃદ્ધિ થવાથી પ્રકૃતિ પુરૂષથી જૂદી - દૂર થાય છે. (૩૬) જેઓને રજસ્ અને તમસ્ - આ બંનેમાં અત્યંત આસકિત છે અને જેઓ અહંકારમાં તત્પર છે, તેઓનો ઉદય અને પ્રલય થાય છે. જેઓ તેનાથી જૂદા અર્થાત્ અનાસકત છે, તેઓનો ઉદય કે પ્રલય થતો નથી. (૬૯)

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૪૬)

બુદ્ધિ, ધીરજ, સ્મૃતિથી ભ્રષ્ટ વ્યકિત જે અશુભ કર્મ કરે, તેને સર્વ દોષોનો પ્રકોપક પ્રજ્ઞાપરાધ જાણવો. (૧૦૨) કાળના પરિણમનથી વૃદ્ધાવસ્થા અને મૃત્યુના કારણભૂત સ્વાભાવિક રોગોનો ઈલાજ હોય છે પણ સ્વભાવનો ઈલાજ હોતો નથી. (૧૧૫)

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૪૭)

બ્રહ્મને જાણનારાની ગતિ બ્રહ્મ જ છે અને તે અ-ક્ષર તથા લક્ષણરહિત છે.
બ્રહ્મ જાણનારાનું જ્ઞાન અજ્ઞ માણસ જાણી શકતો નથી. (૧૫૬)

## પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૪૮)

લોકમાં વિસ્તરેલા આત્માને અને આત્મામાં સમગ્ર લોકને જોતાં પરબ્રહ્મની દ્રષ્ટિવાળા પુરૂષની શાંતિ જ્ઞાનમૂલક હોય છે, માટે નાશ પામતી નથી. - अ.પ, શ્લોક ૧૮

## પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૬૧)

જેને દેવ પ્રત્યે શ્રેષ્ઠ ભક્તિ છે. જેવી દેવ પ્રત્યે છે, તેવી જ ભક્તિ જેને ગુરૂ પ્રત્યે છે, તે મહાત્માને (શાસ્ત્રમાં) કહેલા આ પદાર્થો જણાય છે.

## પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૬૫)


આત્મામાં લીન થયેલો પ્રસન્નતા અનુભવતો આત્મા કાંઈ વિચારતો નથી અને ઈચ્છતો નથી. પ્રત્યક્ષ જણાતા ધર્મને = પદાર્થને સુખ સહિત કરવા માટે અર્થાત્ અનુભવવા માટે આત્મા છે.

## પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૬૭)

પોતાના કર્મ વડે તેની પૂજા કરીને માનવો સિદ્ધિ મેળવે છે. ૦ જેની જ્યાં શ્રદ્ધા હોય, તે જ તે છે. ૦ હું તમારો શિષ્ય છું, તમારા શરણે રહેલાં મને શાસન કરો. ૦ 'વિકલ્પ' એટલે શબ્દજ્ઞાનવાળો પણ વસ્તુથી શૂન્ય. ૦ સમતાને 'યોગ' કહે છે.

## પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૬૯)

પદ્માસને બેસીને, કાયા-ડોકને સીધી રાખી, નાસાગ્રે દ્રષ્ટિ સ્થાપન કરી, એકાન્તમાં અવ્યય એવા ૐકારનો જાપ કરવો. (૧) ૐકાર હ્રસ્વમાત્રામાં બોલાય તો પાપો બાળે છે, દીર્ઘમાત્રામાં બોલાય તો અક્ષય સંપત્તિ આપે છે અને અર્ધમાત્રામાં બોલાય તો મોક્ષ આપે છે. (૨) દેવો ૐકારમાંથી ઉત્પન્ન થયા છે, સ્વરો ૐકારમાંથી ઉત્પન્ન થયા છે, સચરાચર વિશ્વ ૐકારમાંથી જ ઉત્પન્ન થયું છે. (૩)



ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

॥ ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ ॥




વિશિષ્ટ અક્ષરોની રચના તે મંત્ર.
જેનું મનન કરવાથી રક્ષણ થાય તે મંત્ર.
અનુષ્ઠાન વિના સિદ્ધ થાય તે મંત્ર.
દેવતાધિ અધિષ્ઠિત તે મંત્ર.
જેનો માત્ર પાઠ કરવાથી સિદ્ધિ મળે તે મંત્ર.
જે સૂત્ર વારંવાર મનન કરવા યોગ્ય હોય તે મંત્ર.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in